કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી: બચુભાઈ રાવત
વર્ષ ૩૦ અંક ૧૧ · નવેમ્બર ૧૯૫૩ · સળંગ અંક ૩૫૯



'હકલબરી ફિન': બાળકો અને કિશોરોની ફોટોગ્રાફીમાં નામ કાઢનાર સ્વીડનની શ્રીમતી ઍન મારી ત્રિપમાનનું એક તોફાની બારકસનું આ ચિત્ર દિલ્હીની કૅમેરા સોસાઇટીએ ગયા સપ્ટેમ્બરમાં યોજેલા આંતરરાષ્ટ્રીય ફોટોકલા પ્રદર્શનમાં રજૂ થયું હતું.



મનની વાત ચિત્રકાર · કૃષ્ણલાલ ભટ્ટ

'કુમાર'ના ૩૫૯મા અંકનું મુખચિત્ર

બે સખીઓના ચાર હાથની ગૂંથણી તેમના સખ્યની પ્રગાઢતા
તથા ચોમેરની નિસર્ગની એકરાગતાની દ્યોતક બનીને એક સુંદર સંયોજન અને મધુર વાતાવરણ રચી રહે છે.

કુમાર
નવેમ્બર ૧૯૫૩
અંક ૩૫૯

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે . . .

આપણા દેશના બધાં ક્ષેત્રોના મહાપુરુષો-નાં, ઐતિહાસિક સ્થળો તથા પ્રસંગોનાં, તથા ભૌગોલિકસ્થળોનાંચિત્રોવર્ગમાંદેખાડીશકાય એવાંનિશ્ચિત કદનાંતમેતૈયાર ન કરો? અનેકો-ના ઘડતરમાં તમે જે ફાળો આપી રહ્યા છો તે અનેકગણો વ્યાપકબનીજશે.આજે મારે વર્ગ-માં બાળકોને નર્મદ કે નરસિંહરાવનું, તાતા કે જગદીશ બોઝનું, સુરપાણના કે જોગના ધોધનું ચિત્ર બતાવવું હોય તો પાઠ્ય પુસ્તકો-માં જે ધાબાં જેવાં હોય છે તેનાથી જ સંતોષ માનવો પડે છે. અને કુ. કા. જેટલું સુંદર કામ બીજું કોણ કરી શકવાનું છે? ●

(મુંબાઇ) —દુષ્યન્ત પંડયા

[● આની પાછળ અમારા માટેની જે શ્રદ્ધા રહેલી છે તે આભારવશ કરે છે. પરંતુ લાંબા સમયની અમારી પણ એ યોજના હોવા છતાં આવશ્યક મૂડીને અભાવે અમે તે કરી શકતા નથી. સંસ્થાને લિમિટેડ કર્યા પછી તેના જે કાંઈ થોડાઘણા શેર તત્કાલ ભરાયા તે નાની-સરખી મૂડી આ કપરા કાળમાં ટકી રહેવા પૂરતી જ ઉપયોગી નીવડી. તે પછી નાણાંને અભાવે અમારી આ બધી આકાંક્ષાઓ પર પણ હમણાં તો સંયમ જ મૂકવો પડ્યો છે.


સપ્ટેમ્બર ૧૯૫૩નું કુમાર રસસાથે વાંચ્યું. તેમાં એક ભૂલ જણાય છે. પૃષ્ઠ : ૩૩૮ કોલમ : બીજું, પૅરા : બીજો. 'મૂળ તો દેરાસરી કેશવ હર્ષદના ભાઈ સુમનસ્‌ના મિત્ર...' આ ભૂલ છે. કેશવ હર્ષદના ભાઈ તો હરિલાલ હર્ષદરાય. ને સુમનસ્‌ તો કેશવ હર્ષદના ભત્રીજા થાય.


(અમદાવાદ) —હરિપ્રસાદ કિ. ઠાકોર


કલાત્મક 'કુમાર'માં એટલું તો બધું ખીચો-ખીચ લખાણ અપાય છે, અને વળી તે ઘણા નાના ટાઈપમાં. મને લાગે છે કે પહેલાં જે ટાઇપમાં કુમાર પ્રસિદ્ધ થતું તે પ્રમાણે થાય તો સારું. આથી કુમારોને આંખો ખેંચવી ન પડે. મેં ઘણાના મુખે તેની આ ફરિયાદ સાં-ભળી છે. હમણાં હું 'કુમાર'ના જૂના અંકો વાંચું છું ત્યારે ખૂબ આનંદ લઉં છું. તે જ ટાઈ-પમાં ફરી આપ શરૂ કરો એવી મારી વિનંતી છે.


(વેડછી) —મનુ પંડિત


[*ઝીણાં બીબાંથી આંખો બગડે છે એનર્યો ભ્રમ છે. ઊલટું વિખ્યાત નેત્રવિશારદ ડૉ. બેટ્-સની પદ્ધતિ પ્રમાણે તો આંખો 'સુધારવા' માટે ઝીણાં બીબાંનું વાચન એક ઉપચાર ગણાયો છે. એ વિષે અગાઉ ખુલાસો થઇ જ ગયો છે. ઇંગ્લંડ-અમેરિકાના કુમારો માટેનાં સામયિકો 'કુમાર' જેવા કદનાં જ બીબામાં છપાય છે, એટલું જ નહિ પણ ઇંગ્લંડનું 'ચિલ્ડ્રન્સ ન્યુસપેપર' નામે બાળવર્તમાનપત્ર પણ આ જ કદનાં બીબાંમાં નીકળે છે. આ ભ્રમમાંથી હવે મુક્ત થવાય તો સારું.]











નૂતનવર્ષાભિનંદન નિમિત્તે ઘણા વાચકોએ કંઈ ને કંઈ મોકલ્યું છે તે માટે એ સૌનો આભાર માની તેમાંની માત્ર સ્વનિર્મિત કૃતિઓ પૈકીની થોડી અહીં આપીએ છીએ. ઈશ્વરે જેમને કાવ્ય ને કલાનો પ્રસાદ આપ્યો હોય તેઓ છાપેલાં કાર્ડ કેમ મોકલતા હશે? શુભેચ્છાઓ સાથે તો, ભલે નાની-ન જેવી પણ સ્વરચિત કૃતિ જ મોકલાય એ ઈષ્ટ છે. મથાળે તથા વચ્ચે ડાબે: ૩૩૪મા અંકમાં જેમની 'કાગળકોતરકલા'નો પરિચય આવેલો તે પાટણના શ્રી રામપ્રસાદ જડિયાએ મોકલેલા પોતાના તથા ભાઈ ચીનુની કલાના નમૂના; જમણે: વિસનગરના ભાઈ નવીન ભોજકે કરી મોકલેલી એવી 'કાગળકોતરકલા'. છેડે ડાબી બાજુ ભરૂચના ભાઇ પ્રમોદ પટેલની અને જમણી બાજુ કરંજના ભાઈ ટી. એન. સંપતની પીંછી તથા કલમના નમૂના.

પૃથ્વી અને સ્વર્ગ

· વસંતતિલકા ·

મેં સાંભળી ઘણી ય સ્વર્ગની બોલબાલા,
આવે અનેક અફવા અહીં રોજરોજ
ફેલાવતા વિબુધના ચર કૈંક નારા:
'ધ્યાં રાત્રિ, ત્યાં નિત અનસ્ત રવિનું ઓજ:
રાજે વસંત નિત નંદનનાં વનોમાં
જ્યાં વાયુથી ઝૂકત કલ્પદ્રુમોની ઝાડી.'

ને સાંભળી જુદી જ વાત અહીં જનોમાં
કે ના શકે ગગન એક ફૂલે ઉગાડી!
આ પૃથ્વીનો ગ્રહ સૃજ્યો પ્રભુએ લીલાથૈ,
ના સ્વર્ગને; નવવધૂશણગાર કીધો,
મોહી દ્રવી વળીવળી અવતાર લીધો;
દેવો ય આર્યું મનુસંતતિથી જ સાથે
ને પ્રીતની રીત વિષે મનુવંશ ઊર્ધ્વ;
સૂણ્યો ન કો શહીદ પ્રેમ વિષે વિબુધ!

ઉશનસ્

વિબુધ=દેવ; નારા=પ્રચારસૂત્રો.

મેણું

· શિખરિણી ·

મથું ભૂલી જાવા પ્રિય વિરહનું દુઃખ, ત્યહિં તો
જગાવે છે ઇર્ષ્યા કટકટ કરીને ઘડી તણા
ખુશી થાતા કાંટા પળપળ ગણાવી વિરહની
લંબાઇ, કહેતા કે:
'અમારા ભાગ્યે તો મિલન દર કલાક મહીં, ને
તમારે... શું?'—સ્હેવાયે કયમ જડનું મેણું મુજથી આ?

ગીતા કાપડિયા

એ ભૂતકાળ

· વસંતતિલકા ·

એ ભૂતકાળ-સ્મૃતિ-ઝાળ કંઈ લઈને
આ વર્તમાન-વન લીલું પ્રજાળવાનું;
એ તો ધુમાય વધુ, ને ત્યહિં ધૂમ્ર પૂંઠે
રૂડેરું ભવિષ્ય કદિ યે નહિ ભાળવાનું.

રતિલાલ જોશી

અલેખે

· દોહરા ·

ઘેલી તાણે ઘૂમટો, ચાકરડી શરમાય,
શૉક્ય સાચવે છોકરાં, (એ) ત્રણે અલેખે જાય.

લાડ કરે અળખામણી, વડારણો વળ ખાય,
ગરજવાન ગુસ્સો કરે, (એ) ત્રણે અલેખે જાય.

માગે આદર મફતિયો, કાયર કીર્તિ ચ્હાય,
અણસમજુ અણવર બને, (એ) ત્રણે અલેખે જાય.

અડવો રાખે ઓઢિયાં, ગીત ગૂંગણો ગાય,
પાળો પરમારથ કરે, (એ) ત્રણે અલેખે જાય.

ડોઘણશીનું આયખું, પામરની પટલાઈ,
વેરાગીના વાયદા (એ) ત્રણે અલેખે જાય.

ટીલાં તાણે તરકટી, દંભી ગંગા ન્હાય,
પાખંડી મંત્રો ભણે, (એ) ત્રણે અલેખે જાય.

અણગમતાં ઓવારણાં, વિશેષ ભલમનસાઇ.
વખાણ પોતાનાં કરો, (એ) ત્રણે અલેખે જાય.

બોથડ બાંધે બાખડી, અણઘડ અવળો થાય,
હાળી હાકોટા કરે, (એ) ત્રણે અલેખે જાય.

નમતું તોળે વાણિયો, દયા ખાટકી ખાય,
અભ્યાગત ઊંહું કરે, (એ) ત્રણે અલેખે જાય.

હલકટ ઇચ્છે આબરૂ, ખંધો જામીન થાય,
બાવો વરઘોડે ચડે, (એ) ત્રણે અલેખે જાય.

શઠની સાથે સરળતા, ઠગ સાથે ઠકુરાઇ,
દુશ્મન સાથે દીનતા, (એ) ત્રણે અલેખે જાય.

જયંતીલાલ દવે

વડારણ=રાજદરબારની દાસી; પાળો=સ્વામીનારાયણ સંપ્રદાયમાં કામ કરનારો પાર્ષદ.

પૈસા નવાથી જન ઓળખું છું.
'કિનાર કેવી નમણી છ ગોળ?'
'કાણું છ આમાં નવ કાંઈ બીજું.'
આ બે થકી એક જવાબ આવે.
પ્હેલું કથે તે જન આશાવાદી
બીજું કહેનાર નિરાશવાદી.

પ્રબોધ જોષી

ભલે તારે પંથે કદિ નવ બિછાવી ફૂલ શકું;
ઘણું ના શું એ, કે
તને વાગે પ્હેલાં વીણી સરવ જો કંટક શકું?

સુરેશ દલાલ

અમદાવાદમાં તાજેતરમાં ભરાએલી પ્રાચ્યવિદ્યા પરિષદના 'ગુજરાતી ઇતિહાસ અને સંસ્કૃતિ' વિભાગના પ્રમુખસ્થાનેથી આપેલા વિવિધ મુદ્દાઓ ચર્ચતા લાંબા વ્યાખ્યાનમાંથી તારવણી રૂપ ગુણદર્શન

ગુજરાત: એની વિશિષ્ટતા ને મહત્તા

લેખક
રત્નમણિરાવ ભીમરાવ

ભારતના કોઈ પણ પ્રાંતની વિશિષ્ટતાની વાત કરતી વખતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની કે પ્રત્યેક પ્રાંતની સંસ્કૃતિ પોતાની રીતે વિશિષ્ટ હોવા છતાં તે સમસ્ત ભારત દેશની સંસ્કૃતિનું જ એક અંગ છે. એમાં સમગ્ર ભારતની સંસ્કૃતિને માટે 'સંસ્કૃતિ' અને પ્રાંતપ્રાંતની જે વિશિષ્ટ તે 'સંસ્કારિતા' એવો શબ્દભેદ કરવો ઉચિત લાગે છે. મતલબ કે ભારતની 'સંસ્કૃતિ'નો જે એક અખંડ પટ વણાયો છે, તેમાં પ્રાંતપ્રાંતની વિવિધ 'સંસ્કારિતા'ના તાણાવાણાની ભાત પડેલી છે; અને એ રીતે ગુજરાતની સંસ્કારિતાનો પણ તેમાં વિશિષ્ટ ફાળો છે. અહીં ગુજરાત શબ્દ તેના મૂળ વિશાળ અર્થમાં સમજવાનો છે, અને તેની સંસ્કારિતાની સીમા, ઇતિહાસની દૃષ્ટિએ આજના ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપરાંત દક્ષિણ મારવાડ, મેવાડ, પશ્ચિમ માળવા વગેરે સુધી છે.


કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત સાથેના સમસ્ત ગુજરાત ત્રિમૂર્તિ જેવા છે અને તેમાં સૌરાષ્ટ્રને મોટો ભાઈ ગણવો જોઈએ. ડૉ. આનંદશંકર ધ્રુવે તો સૌરાષ્ટ્રની ભૂમિને 'ઐતિહાસિક રત્નગર્ભા વસુંધરા' કહી છે, અને ઇતિહાસ, ભૂગોળ તથા સંસ્કૃતિ એ ત્રણે દૃષ્ટિએ એ હકીકત સાચી છે. ત્યાં ઇતિહાસ ઉપરાંત ભૂસ્તર, પુરાતત્ત્વ, સ્થાપત્ય, માનવવંશવિદ્યા, પ્રાણિવિદ્યા આદિને લગતી એટલી તો સમૃદ્ધ સામગ્રી પડી છે કે જેટલી ભારતના અન્ય પ્રાંતોમાં જવલ્લે હશે.

છેક પ્રાગૈતિહાસિક સમયથી તેનાં ઉદાહરણ મળશે. 'ઇતિહાસ પુરાણ' પ્રમાણે યાદવોએ સૌરાષ્ટ્રને વસવાટ માટે પસંદ કર્યો. આપણા ધર્મ અને સમાજના મોટામાં મોટા સંસ્થાપક ભગવાન શ્રીકૃષ્ણે પોતાના જીવનનો ઉત્તમ ભાગ એ ભૂમિમાં ગાળ્યો. એ જ વંશના અને શ્રીકૃષ્ણના સગા, જૈનોના ૨૩મા તીર્થંકર ભગવાન નેમિનાથનાં જીવન અને નિર્વાણનું સ્થાન પણ સૌરાષ્ટ્રમાં જ.


ગુજરાતની ભૌગોલિક સ્થિતિ પણ અન્ય પ્રાંતોની સરખામણીમાં વિશિષ્ટ છે. એના ક્ષેત્રફળની સરખામણીમાં એને લાંબો સમુદ્રકિનારો છે, અને બે અખાત ભૂમિમાં પ્રવેશીને સૌરાષ્ટ્રને આકાર આપે છે. આ સમુદ્રકિનારાએ ગુજરાતની નૌકાપ્રવૃત્તિને વેગ આપ્યો છે. એણે ગુજરાતીઓને દુનિયાભરના લોકોનો સંપર્ક કરાવ્યો છે. પરિણામે ગુજરાતે જગતના લોકો સાથે સંસ્કારનો સારો વિનિમય કર્યો છે ને એક વિશિષ્ટ સામાજિક સંસ્કારિતાનું ઘડતર રચ્યું છે. આ કારણથી જ આપણા પ્રાંતે પરદેશીઓને વધારે પ્રમાણમાં સમાવીને અપનાવ્યા છે. આપણી ભૌગોલિક રચનામાં એક બીજી પણ વિશિષ્ટતા છે. પશ્ચિમમાં સમુદ્રે અને ઉત્તર તથા પૂર્વમાં પર્વતમાળાએ એને પરિસીમા બાંધી આપી છે છતાં, અન્ય પ્રાંતોની પેઠે, એની ભૂમિ એકસરખી નથી. એના દરિયાકાંઠાના પ્રદેશ અંદરના પ્રદેશોથી હવાપાણીમાં ભિન્ન છે. ચરોતર અને મધ્ય ગુજરાતનો કૃષિપ્રદેશ ઉત્તર ગુજરાતના રેતાળ પ્રદેશથી જુદો પડે છે. સૌરાષ્ટ્રની તો ભૂમિરચના જ નિરાળી છે. શરીરબંધારણમાં પણ **દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર વિભાગ અને સૌરાષ્ટ્રના લોકો જુદા પડશે. આમ, આવી ભિન્નતા છતાં ગુજરાતની સંસ્કારિતામાં જણાતી એકતા આશ્ચર્ય પમાડે એવી છે.** એ એકતા સાધવામાં ભાષા ઉપરાંત તેના વેપાર-ઉદ્યોગની પ્રવૃત્તિએ ઘડેલી મનોવૃત્તિએ પણ સારો ફાળો આપ્યો છે. આપણે ગુજરાતને નંદનવન કહીએ છીએ, પરંતુ આ પ્રદેશમાં પડેલા દુષ્કાળોના છેલ્લાં એક હજાર વર્ષોનો ઇતિહાસ તપાસતાં એ માન્યતા ખરી નથી. જે કાંઈ નંદનવન જેવું દેખાય છે એમાં કુદરતે કાંઈ જ કૃપા કરી નથી. એ માત્ર ગુજરાતીઓની જાતમહેનતનું જ ફળ છે. ગુજરાતે આજથી પાંચસો વર્ષ પૂર્વે પણ વનમહોત્સવ ઊજવ્યા છે.

આપણાં કેટલાંક સ્થળો તો મહાભારતના સમય જેટલાં પ્રાચીન છે; પાણિનીના સમય કરતાં તો અવશ્ય પ્રાચીન છે. શ્રીકૃષ્ણના દ્વારિકા ઉપરાંત વડનગર (આનંદપુર) એ અત્યંત પ્રાચીન શહેર છે. એ જ પ્રમાણે વલભી–હાલનું વળા–સમુદ્રતટે પ્રાચીન બંદર હતું અને છેક છઠ્ઠી સદીમાં ચીની મુસાફર યવનચંગે એની સમૃદ્ધિનું અને સંસ્કારકેન્દ્ર તરીકેનું સરસ વર્ણન કર્યું છે. સંસ્કૃત મહાકાવ્યો છ ગણીએ તો ભટ્ટી કાવ્યના નામથી પ્રસિદ્ધ એવા 'રાવણવધ' મહાકાવ્યની રચના એ જ વલભીમાં થએલી.

સૌરાષ્ટ્રનું પ્રાચીન ગિરિનગર, આપણા ભૂમિવિભાગનું પહેલું ઐતિહાસિકકાળનું ... નગર–આજનું જૂનાગઢ કદાચ સાંસ્કૃતિક દૃષ્ટિએ



ડાબીબાજુ: કુમારપાળના સમયની તાડપત્ર પર લખેલી એક પોથીમાંના ચિત્રો કુમારપાળ તથા તેની રાણી દર્શાવતાં આ ચિત્રો ઉપરથી પ્રાચીન ગુજરાતનાં વેશભૂષા, અલંકારો આદિનો ખયાલ મળે છે.




સૌથી લાંબો સમુદ્રકિનારો ધરાવતું ગુજરાત આખી દુનિયા સાથેના સાગરપારના વેપાર તથા નૌકાપ્રવૃત્તિને લીધે 'ચોર્યાશી બંદરનો વાવટો' કહેવાતું તેની પ્રતીતિરૂપ 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માંના શ્રીપાલ રાસના એક ચિત્રમાં પ્રાચીન ગુજરાતી વહાણનું ચિત્ર

ભારતમાં પ્રથમ પંક્તિનું મહત્ત્વનું નગર ગણી શકાય. સળંગ સાતસોથી યે વધુ વર્ષ સુધી એ પાટનગર રહ્યું છે. એવો દાખલો કદાચ ભારતના ઇતિહાસમાં ભાગ્યે જ મળે. એ સ્થળ ઇતિહાસ અને પુરાણ બંનેમાં પ્રસિદ્ધ છે, પરંતુ એનું ખરું મહત્ત્વ તો ત્યાંના અશોક, રુદ્રદામા અને સ્કંદગુપ્ત જેવા સમ્રાટોના પુરાણા શિલાલેખોને લીધે છે. પ્રાચીન સ્થળો તો ભારતમાં ઘણાં છે, પણ એમની પ્રાચીનતાને ઇતિહાસનો આટલો ટેકો ક્યાંય જડવો મુશ્કેલ છે. અશોકની ધર્મલિપિનો ઈ. સ. પૂ. ત્રીજી સદીનો લેખ હિંદ આખામાં સાંસ્કૃતિક દૃષ્ટિએ ગિરિનગરને પ્રથમ પંક્તિમાં મૂકે છે. સોનરેખ અને પલાશિની નદીઓનો બંધ બાંધીને ત્યાં યોજેલું સુદર્શન તળાવ એ જમાનામાં ઈજનેરી કેવી હતી તેનો ખયાલ આપે છે. 'ગિરિનગર' એ પુરાણપ્રસિદ્ધ ઉજ્જયંત પર્વતની તળેટીમાં હતું. 'ગિરિનગર'નું એ નામ આજે ઉજ્જયંતને મળ્યું છે. તે 'ગિરનાર' થયો અને મૂળ નગર જંગલમાં ઢંકાઈ ગયું!

એવું જ મહત્ત્વનું સ્થળ, પુરાણ અને ઇતિહાસમાં પ્રસિદ્ધ પ્રભાસ છે. ધાર્મિક, ઐતિહાસિક, સામાજિક, વેપારી અને નૌકાપ્રવૃત્તિવાળું, તેમજ સ્થાપત્યની મહત્તાવાળું એના જેવું સાંસ્કૃતિક સ્થળ આખા ભારતમાં બીજે નથી. મહાભારતમાં એને અગ્નિતીર્થ કહ્યું છે. પાશુપતોનું એ કેન્દ્ર થયું, અને સોલંકી યુગમાં તો ગુજરાતનું ધાર્મિક પાટનગર બન્યું તેમજ હિંદભરમાં શ્રેષ્ઠ યાત્રાસ્થળ કહેવાયું. પરંતુ એની સમૃદ્ધિ પણ વહાણવટા અને બંદરના વેપારથી જ હતી. એથી તો મહમૂદ ગઝનવી જેવા એને લૂંટવા પ્રેરાયા. 'નાનાકપ્રશસ્તિ' પ્રમાણે પ્રભાસ વિદ્યાસંસ્કારનું પણ કેન્દ્ર–સારસ્વત ક્રીડાસ્થાન હતું, અને સોમપુરા સ્થપતિઓના મૂળ સ્થાન તરીકે સ્થાપત્યકલાથી, વિશિષ્ટ મંદિરો અને મકાનોથી ઊભરાતું એ મહાન શહેર કલાધામ પણ હતું. એના બંદર વિભાગને વેલાકુલ કહેતા તે આજનું વેરાવળ ગામ. એણે વેલાઉલ–બિલાવલ રાગને નામ આપ્યું, એ એક સંસ્કાર-કેન્દ્ર તરીકે એનું મહત્ત્વ સિદ્ધ કરે છે.

એ જ પ્રમાણે રાજપૂત સમયનું આપણું પાટનગર અણહિલ્લવાડ પાટણ, થોડાં મંદિરો સિવાય આજે નાશ પામેલી દશામાં વેરાન પડેલું આરાસણ નગર (કુંભારિયા), આબુની તળેટીના જંગલમાં નષ્ટ થએલું ચંદ્રાવતી, આબુની વાયવ્યે આજે ગામડું થઈ ગએલું પણ એક વાર ગુર્જરોનું પાટનગર ભિન્નમાલ કે શ્રીમાલ, એ બધાં સ્થળો સંશોધનનાં ઉત્તમ ક્ષેત્રો છે. શ્રીમાલે તો ગુજરાતના સામાજિક ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સંસ્કૃત મહાકાવ્યોમાં ગણાતું 'શિશુપાલ વધ' માઘ કવિએ એ નગરમાં રચ્યું હતું. ઈડરની આસપાસ પણ મહત્ત્વનાં શિલ્પવાળાં સ્થળો સંશોધનનાં સારાં ક્ષેત્રો છે. મોઢેરા પણ એવું જ છે. ગુજરાતની જ્ઞાતિઓને જે જે સ્થળોએ નામો આપ્યાં છે તે સામાજિક ઇતિહાસમાં મહત્ત્વનાં ગણી શકાય. પાટણમાં સહસ્રલિંગ સરોવરનું ખોદકામ કરી જે પ્રકાશ પડાયો છે એવું ગુજરાતમાં ઘણે સ્થળે થઈ શકે તેમ છે. રાજપુત અને મુસ્લિમ સમયનું ચાંપાનેર આજે તો જંગલથી છવાઈ ગયું છે. છતાં એ સ્થિતિમાં પણ તે ગુજરાતનું સૌંદર્યધામ કહેવાય એવું છે. ત્યાં ઘણું સંશોધન થઈ શકે તેમ છે.

આપણા ઈતિહાસમાં સોલંકીઓની સત્તાનો ત્રણસો વર્ષનો સમય સુવર્ણ યુગ કહી શકાય. એ યુગના ઈતિહાસ માટે જે સામગ્રી આપણા પ્રાંતમાં છે એવી બીજા કોઈ ભાગમાં મળે તેમ નથી. એ સમયનો આધારભૂત કહી શકાય એવો ઇતિહાસ સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીએ લખ્યો છે અને એનો સાંસ્કૃતિક દૃષ્ટિએ લખાએલો ઇતિહાસ શ્રી રસિકલાલ પરીખના 'કાવ્યાનુશાસનના ઉપોદ્ઘાત'માં તેમજ શ્રી ભોગીલાલ સાંડેસરાના 'વસ્તુપાલના સાહિત્યકારોના વર્તુળ'ના પુસ્તકમાં મળે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ ને મહાઅમાત્ય વસ્તુપાલ એ તે સમયના મહાન ગુજરાતીઓ. હેમચંદ્રે કાંઈક ભટ્ટી કવિની પેઠે, વ્યાકરણ અને કાવ્યમાં લેખી શકાય એવું લખેલું. દ્વ્યાશ્રયકાવ્ય ગુજરાતની વિદ્યાના ક્ષેત્રમાં ખાસ વિશિષ્ટતા છે. વસ્તુપાલ અને એનો ભાઈ તેજપાલ રાજકારણમાં અને વહીવટમાં નિષ્ણાત હતા; જાતે વાણિયા હોવાથી વ્યવહારકુશળ હતા, પણ તે સાથે વીર યોદ્ધા પણ હતા. વળી વસ્તુપાલ તો વિદ્વાનોનું આશ્રયસ્થાન હોવા ઉપરાંત પોતે પણ કવિ અને વિદ્વાન હતા. એમણે 'નરનારાયણાનંદ' નામનું કાવ્ય પણ લખ્યું છે. સ્થાપત્યકલાને ખૂબ ઉત્તેજન આપ્યું છે અને અસંખ્ય મંદિરો વગેરે સ્થાનો



અંગ્રેજોનું રાજ્ય એ ભૂમિના માલિક તરીકેનું નહિ પણ ઉદ્યોગ-હુન્નરની જીતનું રાજ્ય હતું, એ 'હુન્નરખાનની ચડાઈ' નામના પોતાના લાક્ષણિક કાવ્યથી હિંદમાં સૌથી પ્રથમ કહેનાર ગુજરાતના કવિ દલપતરામ હતા.




બંધાવ્યાં છે. ગિરનાર ને આબુ ઉપરનાં એમનાં મંદિરો ગુજરાતનું ગૌરવ છે. આટલી સર્વતોમુખી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ લેનાર ભાઇઓ ભારતમાંભાગ્યે જ દેખાશે.

સોલંકી સમય પછી જે મુસલમાન સત્તા શરૂ થાય છે એમાં પણ ગુજરાતની કેટલીક વિશિષ્ટતાઓ છે. એ સમયમાં ધાર્મિક કાર્યોનો વેગ મંદ પડ્યો, પણ દેશની આબાદી કાયમ રહી અને વેપાર વૃદ્ધિ પામ્યો. સુલતાન અહમદશાહે ગુજરાતનું આજનું સંસ્કારકેન્દ્ર અમદાવાદ વસાવ્યું. એનાથી શરૂ થઈ સુલાતન મહમૂદ બેગડા, મુઝફ્ફરશાહ બીજા તથા બહાદુરશાહનો સમય પણ ઉત્તમ ગણી શકાય. ગુજરાતના સુલતાનો અને હિંદનો સમ્રાટ અકબર યુરોપમાં 'ખંભાતના રાજા' કહેવાતા એ ગુજરાત માટે તેમજ એની વેપારી પ્રવૃત્તિ માટે ઓછા મહત્ત્વની વાત નથી. ગુજરાતના મુસ્લિમ ઇતિહાસનાં પણ જે સાધન આજે મળે છે એવાં એ સમય માટે હિંદના બીજા કોઈ ભાગમાં મળતાં નથી.

સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ ગુજરાતે સાહિત્ય અને સ્થાપત્યમાં અગત્યનો ફાળો આપ્યો છે. આમ છતાં ગુજરાત વેપારપ્રધાન દેશ છે અને વેપારની પ્રવૃત્તિઓ એ ગુજરાતની સંસ્કારિતાનું હૃદય છે. આખા મહાગુજરાતે છેક પ્રાચીનકાળથી આ બાબતમાં એકતા સાધી છે. ગુજરાતીએ ઊંચી કેળવણી ભલે ન લીધી હોય, પણ એ એના વેપારના કાર્યક્ષેત્રમાં નિષ્ણાત છે. માલ જ્યાંથી આયાત કરવાનો હોય અને જ્યાં નિકાસ કરવાનો હોય તે પ્રદેશો અને દેશાવરોની ભૂગોળ, લોકસ્વભાવ, લોકરિવાજ અને સામાજિક ટેવો, એ બધું કહેવાતા ભણેલાઓ કરતાં એ વધારે સારી રીતે જાણતો હોય છે. વેપારીને દૂર દેશાવરોમાં મુસાફરી કરવી પડે છે અને વસવાટ પણ કરવો પડે છે. ગુજરાતીઓનાં એવાં વેપારી સંસ્થાનો હિંદ બહાર ઘણા દેશોમાં છે. ઈરાન, જાવા, મલાયા, સીલોન વગેરેમાં પ્રાચીન કાળથી ગુજરાતીઓ વસેલા છે તેની નોંધ પ્રાચીન સાહિત્ય ઉપરાંત લોકકથા અને પરદેશી મુસાફરોએ પણ લીધી છે. કવિ વ્યંકટાધ્વરિ એ 'વિશ્વગુણાદર્શ ચંપૂ'માં ગુજરાતીઓના દેશાવરના વેપારનું જે સુંદર વર્ણન કરેલું છે એ શ્લોકો તો પ્રસિદ્ધ છે. ભણેલા-વિદ્વાન લોકો તો બધે હોય છે, પણ ગુજરાતી ભણેલો અને ગણેલો બન્ને છે. બલ્કે તે ભણેલા કરતાં પણ ગણેલો (calculative) વધારે છે. ગુજરાતની સંસ્કારિતાનું સ્વરૂપ, એની વેપારી પ્રવૃત્તિનો ઇતિહાસ જો ન જોવાય તો સમજાય તેવું નથી.

ગુજરાતના વેપારનો ઇતિહાસ ખૂબ વૈવિધ્યવાળો અને રસમય છે. આયાત-નિકાસનો વેપાર, અંદરઅંદરની લેવેચનો વેપાર, દુકાનદારી, વહાણવટું, દરિયાઈ વીમાની રીત, માલ અને વેપારીઓનાં અવરજવરનાં સાધનો, વ્યાજના દર, ગુજરાતની શરાફી,—ખાસ કરીને જે સમયમાં અનેક સત્તાઓના જુદીજુદી કિંમતના સિક્કાઓનાં ચલણ હતાં અને મોટી રકમોની આપલેની સલામતી નહોતી તે સમયની શરાફી, હૂંડી અને હૂંડિયામણની પ્રાચીન પદ્ધતિ, બજારની નીતિ અને ધારાધોરણ, જુદાજુદા ઉદ્યોગો, સટ્ટો, નામું અને ચોપડાની રીત, સરવૈયું કાઢવાની રીત, વગેરે વેપારવાણિજ્યને લગતી અનેક બાબતોનો ઇતિહાસ જાણવા જેવો છે. ગુજરાતી સરવૈયાના ઉલ્લેખ પ્રાચીન દસ્તાવેજોમાં મળે છે, અને મારી માન્યતા પ્રમાણે સરવૈયું કાઢવાની રીત ઈટલીમાંથી શરૂ થઈ એ વાત ખરી નથી. વળી આ બધા વેપારનાં બજારો અને ઉદ્યોગોનાં નિયમન મહાજનો તરફથી થતાં અને મહાજનો બજારની નીતિ જાળવતાં એ ઇતિહાસ તો ગુજરાતની સંસ્કારિતાનું એક ઊજળું પ્રકરણ છે. કાપડનો ઉદ્યોગ આપણો મુખ્ય ઉદ્યોગ હતો. ખંભાત એક વખત 'દુનિયાનું વસ્ત્ર' કહેવાતું. એ ઉદ્યોગની સાથે સંકળાએલા રેશમ, જરી તથા બીજા ઉદ્યોગો પણ મહત્ત્વના હતા. અમદાવાદની સમૃદ્ધિ એક સમયે ત્રણ તાંતણા ઉપર આધાર રાખતી એમ કહેવાતું. અંગ્રેજોના આવ્યા પછી યંત્રથી કાપડ બનાવવાનું શરૂ થયું ત્યારે 'લિમિટેડ' મૂડીથી 'શેર' ભરાવીને મિલઉદ્યોગ શરૂ કરવાનો વિચાર હિંદમાં સૌથી પહેલો એક ગુજરાતીને આવેલો. રણછોડલાલ છોટાલાલે એ મિલઉદ્યોગની પ્રથમ શરૂઆત કરી. જોકે મૂડીનું કામ વિલંબમાં પડતાં પહેલી મિલ મુંબાઈમાં શરૂ થઈ ગઈ. અમદાવાદમાં મિલ નાખવાના સાંચા રેલવે આવતાં પહેલાં ખંભાત બંદરે વહાણમાં અને ત્યાંથી ગાડાંમાં અમદાવાદ આવેલા. અંગ્રેજોનું રાજ્ય એ જૂના રાજાઓની પેઠે ભૂમિના માલિક તરીકેનું રાજ્ય નહોતું, પણ ઉદ્યોગ-હુન્નરની જીતનું રાજ્ય હતું, આર્થિક વિજય મેળવવાનું રાજ્ય હતું એ હિંદમાં પ્રથમ કહેનાર ગુજરાતી કવિ દલપતરામે 'હુન્નરખાનની ચડાઇ' નામના લાક્ષણિક કાવ્યથી તે વ્યક્ત કર્યું. દાદાભાઈ નવરોજીએ એ વાતને રાજદ્વારી ભાષામાં જાહેર કરી.


ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ પણ એટલો જ જ્વલંત છે. સોપારા, ભરૂચ, પ્રભાસ-સોમનાથ, ખંભાત, વલભી વગેરે ઘણાં પ્રાચીન મોટાં બંદરો હતાં અને નાનાં બંદરો તો ઘણાં જ હતાં. ગુજરાતનો રાજા એક સમયે 'સમુદ્રનો સ્વામી' કહેવાતો. ગુજરાત 'ચોરાશી બંદરનો વાવટો' કહેવાતું. ગુજરાતનું નૌકાદળ એક વખતે પૂર્વના સમુદ્રમાં બળવાન ગણાતું. એનાં બંદરોમાં મોટાં વહાણો અને લડાયક મનવારો બાંધવાનાં સારાં સ્થળો હતાં. દીવમાં ગુજરાતનો નૌકા સેનાપતિ-'મીરે બહર' રહેતો હતો. ગુજરાતનો સુલતાન બહાદુરશાહ દીવના દરિયામાં ફિરંગીઓને હાથે દગાથી મરાયો ત્યાં સુધી ગુજરાતની સત્તા સમુદ્ર ઉપર હતી. ઘોઘાના ખલાસીઓ એ વખતે દુનિયામાં ઉત્તમ કોટિના ગણાતા. ગુજરાતીઓની આ નૌકા- (અનુસંધાન આગળ પૃ. ૪૪૯મે)



રાજકારણ તેમજ વહીવટ બંનેમાં નિષ્ણાત, વ્યવહારકુશળ વણિક તેમજ વીર યોદ્ધા, જગવિખ્યાત આબુનાં મંદિરો બંધાવી સ્થાપત્યકલાને તેમજ વિદ્વાનોને ઉત્તેજન આપનાર, તથા જાતે કવિ અને વિદ્વાન એવા ગુજરાતના મહા-અમાત્ય વસ્તુપાલે સ્વહસ્તે લખેલી તાડપત્રની એક પ્રાચીન પોથીમાંના તેના હસ્તાક્ષર. વસ્તુપાલ-તેજપાલ જેવી, સર્વતોમુખી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ લેનાર ગુજરાતે પકવેલી ભાઇઓની જોડ ભારતભરમાં ભાગ્યે જ જડશે.

લક્ષ્મીનો મોહ અને યશની એષણા ઓગાળી નાખી આફ્રિકાના અંધારા ખંડની ઓશિયાળી માનવતાની સેવામાં જીવન સમર્પનાર

આલ્બર્ટ શ્વાઇટ્ઝર



ઈ. સ. ૧૯૧૫નું વર્ષ. વિષુવવૃત્ત પર આવેલી પશ્ચિમ આફ્રિકાની કીચડભરપૂર ઓગોવે નદીમાં એક નૌકા સામા વહેણે ધપી રહી હતી. નૌકા પરના હબશીઓમાં એક ગોરો પણ હતો. મજબૂત બાંધાના અને ભરાવદાર મૂછોવાળા એ ગોરાના ચહેરા પર કેટલીક ઊંડી રેખાઓ અંકાએલી હતી, જ્યારે નેત્રોમાંથી કરુણા નીતરી રહી હતી. એ ગોરાનું નામ ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર. એણે યુરોપ છોડીને આફ્રિકામાં પગ મૂક્યો ત્યારે પણ એ વિખ્યાત હતો. આફ્રિકાના અંધારા ખંડમાં ચાર દાયકાની એની માનવસેવાની કદર કરીને સ્વીડિશ ઍકેડેમીએ તાજેતરમાં એને શાન્તિ માટેના નોબેલ પુરસ્કારથી નવાજતાં એનું નામ હમણાં અખબારોમાં ચમકવા માંડ્યું છે, બાકી એનું જીવનકાર્ય અત્યાર સુધીમાં ભાગ્યે જ અખબારોને પાને ચડેલું છે.

ઉપર કહ્યા એ વર્ષના એના નૌકાપ્રવાસ વખતે એની ઉંમર ચાળીસ વર્ષની હતી. નૌકા પર આવવાની ઉતાવળમાં એ ટીમણ લાવવું પણ ભૂલી ગયો હતો. આટલી બધી ઉતાવળનું કારણ એ હતું કે એક મિશનરીની પત્ની બીમાર હતી, અને એટલામાં એના સિવાય બીજો કોઈ દાક્તર ઉપલબ્ધ નહોતો. નૌકામાં બાંહ્યો ચડાવી બેઠેલા શ્વાઈટ્ઝરના ઘૂંટણ પર નોંધપોથી હતી, અને હાથમાં કલમ. અવારનવાર તે એ નોંધપોથીમાં જર્મન કે ફ્રેન્ચ ભાષામાં કંઇક ટપકાવતો, પણ મોટે ભાગે તો ચિંતનમગ્ન નેત્રે દૂરદૂર ક્ષિતિજ તરફ તાકી રહેતો.

ત્રણ દિવસ ને રાત એણે કરેલા નૂજ ઉતારા પરથી પણ જણાતું હતું કે તે માત્ર ચુનંદો દાક્તર જ નહોતો, પરંતુ એક પ્રખર ધર્મવેત્તા, તત્ત્વવેત્તા અને સંગીતવેત્તા પણ હતો. વૈદક વિદ્યાની પેઠે ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને સંગીતશાસ્ત્ર, એ ત્રણેમાં પણ એણે ડૉક્ટરેટ મેળવેલી છે, અને તે ત્રણે ય વીસ વરસની ઉંમરે પહોંચ્યા પહેલાં! ચોવીસમા વરસે તો એણે મહાન પાશ્ચાત્ય ફિલસૂફ કૅન્ટ પર એક સમીક્ષાગ્રંથ બહાર પાડી જગતભરના દર્શનશાસ્ત્રીઓને ચકિત કરી દીધેલા! 'Religious Philosophy of Kant' નામનું એ પુસ્તક આજે પણ કૅન્ટ પરનો શ્રેષ્ઠ સમીક્ષાગ્રંથ ગણાય છે. છવ્વીસમા વરસે એણે 'ઐતિહાસિક ઈસુની શોધમાં'('The Quest of the Historical Jesus') બહાર પાડીને સનાતની ખ્રિસ્તીઓમાં જબરો ખળભળાટ મચાવી મૂક્યો. ત્રીસ વરસની વયે મહાન સંગીતકાર યોહાન બાખનું જીવનચરિત્ર લખીને એમાં એણે તેની સ્વરસંપત્તિનું જે વિવરણ કર્યું તેથી પાશ્ચાત્ય સંગીતપ્રેમીઓ મુગ્ધ બની ગયા અને આજ સુધી બાખ પર એ પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે.

પિતા પાસેથી નાનપણથી જ મળેલા ધર્મોપદેશે એનામાં માનવસેવા માટેનો તલસાટ પ્રેરેલો. ઘણી વાર એ ઊંડા ચિંતનમાં ઊતરી જતો અને ત્યારે જગતભરના મહાન તત્ત્વચિંતકો સમગ્ર ઉપસ્થિત થએલા પ્રશ્નો એની સામે પણ ઉપસ્થિત થતા અને તે એના બુદ્ધિગમ્ય ઉત્તર શોધવા મથતો. એનો પિતા લૂઈ શ્વાઈટ્ઝર એક દેવળમાં ધર્મોપદેશક હતો જ્યારે એની માતા પણ એક ધર્મોપદેશકની પુત્રી હતી. જર્મનીના આલ્સાસ પ્રાંતમાં આવેલા કેસર્સબર્ગ મુકામે આલ્બર્ટનો જન્મ થયા પછી થોડાં જ અઠવાડિયાં રહીને એનું કુટુંબ ગુન્સબાખ આવ્યું અને ત્યાં સ્થિર થઈને રહ્યું. ઈ. ૧૯૨૫માં એના પિતાનું અવસાન થયું અને એને વળતે વરસે માતા પણ મૃત્યુ પામી.

શ્વાઈટ્ઝરમાં સંગીતપ્રતિભા જન્મજાત હતી એમ કહીએ તો ચાલે. એનો સંગીતશિક્ષક યુજેન મંચ એને સંગીતના પાઠ શીખવતો, પરંતુ કિશોર આલ્બર્ટ એની પોતાની જ સ્વરરચના યોજી કાઢતો. શરૂઆતમાં તો મંચ ચિડાયો, પણ પછી આલ્બર્ટની સંગીતપ્રતિભા એણે ઓળખી અને તેને એના પોતાના રાહે વિકસવા દેવામાં સહાયરૂપ બન્યો. નવમા વરસે તો દેવળમાં ઉત્સવ પ્રસંગે આલ્બર્ટ ઑર્ગન જેવું દુઃસાધ્ય વાદ્ય વગાડતો થએલો. જોકે એ વખતે એ તદ્દન સાદા રાગ વગાડતો, છતાં એની વયના પ્રમાણમાં તો એ સિદ્ધિ આશ્ચર્યકારક જ હતી. અઢારમા વરસે પારીસના મહાન સંગીતકાર વિદોર પાસે એને ભલામણપત્ર સાથે મોકલવામાં આવતાં વિદોર તેના હાથે બાખની એક ચીજ સાંભળીને મુગ્ધ બની ગએલો અને તેને ખભે હાથ મૂકી વાત્સલ્યપૂર્વક કહેલું, 'બેટા, તું સંગીત છોડતો નહિ. આપણે હવે મિત્રો બનીશું અને બાખના સંગીત પર અવારનવાર ચર્ચા કરીશું.'

શિષ્યવૃત્તિઓ મેળવતા રહી શ્વાઈટ્ઝરે સ્ટ્રાસબુર્ગ, પારીસ તથા બર્લિન મુકામે અભ્યાસ કરી ઉપર્યુક્ત ત્રણ વિષયોમાં ડૉક્ટરેટ મેળવી અને પછી સ્ટ્રાસબુર્ગ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે જોડાયો. ગુન્સબાખના એના કેટલાયે ગોઠિયા સાધનોના અભાવે ભણતર છોડી દઈ નોકરીધંધાએ લાગી ગએલા. એક વાર યુનિવર્સિટીના આંગણામાં બેઠોબેઠો તે આ વસ્તુસ્થિતિ વિચારી રહ્યો. માનવીનો સ્વાર્થ એ જ એને આ વસ્તુસ્થિતિનું મૂળ લાગ્યું, અને તે મનોમન બોલી ઊઠ્યો, 'સ્વાર્થી થવું તો તદ્દન સહેલું છે, પણ હું એવો નહિ બનું. જિંદગીમાં મને જે સુખ અને સુવિધા મળ્યાં છે તેનો બદલો હું બીજાઓને મદદરૂપ થઇને વાળી આપીશ.' અને એણે પ્રતિજ્ઞા લીધી કે જિંદગીનાં ત્રીસ વર્ષ કલા અને વિજ્ઞાન પાછળ ગાળીને ત્યાર પછીનું જીવન માનવસેવામાં જ સમર્પિત કરી દેવું. બીજાઓને ભોગે (અનુસંધાન પૃ. ૪૪૭મે)

વીસમી સદીનો એક મહાન સંત-જેને આ વર્ષે શાંતિનું નોબેલ ઈનામ મળ્યું

ભાઉરાવ

દરરોજના નિયમ પ્રમાણે ઑફિસેથી આવતાં જ ભાઉરાવે ટોપી ટેબલ ઉપર ફેંકી. કોટ ખીંટીએ ટીંગાડી ઘડિયાળમાં જોયું. સાડા છ વાગ્યા જોઇને બહુ વાર થઇ ગઇ હોય એમ ‘શ્રી હરિ શ્રી હરિ’ કહેતા અને માથું ખંજવાળતા અંદર ગયા. ખમીસ કાઢીને બારણા ઉપર ટેકવ્યું અને ચોકડીની કિનાર ઉપર ઊભાંઊભાં જ કોઠીના નળની ચકલી પૂરી ખોલી નાખી. દસ–પંદર વાર પાણીની ઝાલક મોઢા ઉપર જેમતેમ મારી, કોગળા કરી, ભીના હાથ જોરજોરથી હલાવતા ટુવાલ શોધવા લાગ્યા.

‘અરે, અરે, જોતા નથી, ગંદું પાણી રસોઇમાં ઊડે છે તે?’ એમની વહુએ જરા રોષભર્યા પણ દબાએલા અવાજે કહ્યું. ‘આં!’ કહીને તેમણે તેની તરફ જોયું, ને પોતાના પીળાગંદાદાંતોનું પ્રદર્શન કરી, ‘હા...હા...’ કરતા જોરથી હસ્યા. વળગણી પરસુકાતા પોતાની પત્નીના સફેદ સાડલાથી હાથ લૂછી, શ્રી હરિ શ્રી હરિ બોલતા બહારના ઓરડામાં આવ્યા.

કોઈ કાપડના વેપારી પાસેથી માગી આણેલા કૅલેન્ડર તરફ જોઈ, તે ગણગણ્યા: ‘આજ તો શનિવાર!’ અને તરત જ ખીંટીએ ટાંગેલા કોટ તરફ ગયા. અંદરના ખિસ્સામાં ઝડપથી હાથ નાખી તેમણે ચુંથાયેલી નોટો બહાર કાઢી ટેબલ ઉપર મૂકી. બીજા ખિસ્સામાંથી પાસિંગ શોની ડબ્બી કાઢી, પણ તેમાં પાન ખલાસ થએલાં જોઇ ‘હત્ તારીની’ કહીને ડબ્બી બહાર ફેંકી, અને ‘અરૂ, એ અરૂ’ કહીને જોરથી હાંક મારી. તરત જ બહાર રમતો સાતઆઠ વર્ષનો એક છોકરો આવ્યો.

‘અરે, જરા પાન તો લઇ આવ.’

‘શાહજાપુરીનું ને?’

‘યેસ’ કહીને તે ટેબલ તરફ ફર્યા. ત્યાં હવાથી ઊડતી નોટોને જોઇ ટેબલ પર જોરથી હાથ માર્યો, પણ એટલામાં તો નોટો નીચે પડી ગઇ ને હાથના ધક્કાથી ટેબલ ઉપરનો ઉઘાડો ખડિયો ટેબલ ઉપર ઢોળાઈ ગયો.

ગાલિપ્રવાહ શરૂ કરતાં તેમણે ટેબલ નમાવીને ઢળેલી શાહી ખડિયામાં ભરવાનો પ્રયત્ન કર્યો. એમ કરતાં તેમને યાદ આવ્યું કે પોતે જ ખડિયો ઉઘાડો રાખ્યો હતો. એટલે ગાલિપ્રવાહ બંધ કરી, નીચે પડી ગએલી નોટો ઉપાડીને ગણી જોઇ. ટેબલ ઉપર તથા તેનાં ખાનાંમાં બધે ઠેકાણે શોધ્યા પછી જ્યારે કોરો કાગળ ન મળ્યો ત્યારે ધીમેથી અરૂના દફ્તર પાસે જઇને તેની નોટમાંથી એક કાગળ ફાડી લાવ્યા. પછી કોટના ખિસ્સામાંથી પેન્સિલ કાઢી પરંતુ તેની અણી તૂટેલી હતી, અને ફાઉન્ટન પેનમાં ભરવા ખડિયામાં શાહી ન હતી, એટલે ફરીવાર અરૂના દફ્તર પાસે જઇને તેમાંથી પેન્સિલ લઇ આવ્યા.

કાગળની એક બાજુએ મોટા અક્ષરે રૂ. ૧૨૫–૮–૦નો આંકડો માંડ્યો અને મોટેથી કહ્યું, ‘અરે, સાંભળે છે કે?’

‘શું છે?’ કહેતી તેમની વહુ સાડલાના છેડાથી હાથ લૂછતી આવી.

દૂધના કેટલા પૈસા આપવાના છે?’ — ‘૨૦ રૂપિયા.’

‘ઘરભાડાના?’ — ‘અગિયાર.’

‘ધોબી?’ — ‘બે રૂપિયા.’

‘કામવાળીના?’ — ‘ત્રણ.’

‘અરૂની ફીના?’ — ‘સાડા ત્રણ.’

‘કિરાણું?’ — ‘ચાળીસ.’

‘હં, કહી વહુના હાથમાં પૈસા મૂકતાં તેમણે કહ્યું. ‘લે, આ ૮૦ રૂપિયા.’

‘પરચુરણ ખર્ચ માટે ફક્ત આઠ જ આના કેમ પૂરા થશે?’

‘કે...એ...મ?’

‘દળણું, શાકભાજી, ધર્મ, અરૂ સિનેમા જોવાનું કહેતો હતો તે, અને તમે પણ દરરોજ ચારઆઠ આના માગી લ્યો છો એ બધાંનું શું?’

‘દળણું! ધર્મ!! સિનેમા!!! હું કંઇ લખેશરી નથી, સમજી? દળણું ઘેર દળ; તારી સાસુની ઘંટી નકામી પડી છે, તેનો ઉપયોગ કર. ધર્મ બર્મ બધું બંધ, ને પેલા ઢોઢડાહ્યાને કહે કે સિનેમાના શૉખ છોડીને અભ્યાસ કરે, પરીક્ષા નજીક આવી છે.’

આ બધી વાતો તરફ દુર્લક્ષ કરતાં તેમની પત્નીએ કહ્યું, ‘પણ તમને પચાસ રૂપિયા શા માટે જોઇએ?’

‘અંહ! પચાસ!! ક્યાં છે પચાસ રૂપિયા?’

‘એટલે?’ આશ્ચર્યથી પત્નીએ પૂછ્યું.

‘પંદર રૂપિયા કેન્ટીનના બિલના અને એંશી રૂપિયા તને આપ્યા. રહ્યા ફક્ત સાડા ત્રીશ. તેમાંથી આઠ આના ચપરાશીને આપ્યા.’

‘ઠીક, ભલે આપ્યા; પણ તમારા ખિસ્સાખર્ચ માટે ફક્ત દસ રૂપિયા રાખો અને બાકીના બૅંકમાં મૂકી દો.’

‘જા, જા! બહુ ડાહી છે તે ખબર છે!’

‘પણ........’

‘પણ ને બણ.’ કંટાળાના ભાવો ચહેરા ઉપર લાવી તેમણે કહ્યું, ‘મને શિખામણની જરૂર નથી. આજ છ વર્ષથી ઘરસંસાર ચલાવું છું.’

‘શું ધૂળ ચલાવો છો?’ ખિજાઇને પત્નીએ કહ્યું, ‘બિચારા અરૂને કોઇ દિવસ નથી મળ્યું સારું કપડું પહેરવા, નથી મળ્યાં કોઇ વર્ષ સારાં પુસ્તકો. છ વર્ષમાં એક પાઇની પણ બચત નથી કરી. ઘરમાં એક ‘સાપનો ભારો’ છે, પણ તેનો વિચાર તમે કોઇ દિવસ કર્યો છે ખરો?’

‘અરેરે...ઉં હું હું હું....’ કહીને ભાઉરાવે બે હાથ વચ્ચે માથું જોરથી દબાવ્યુંઅને ખાટલા ઉપર જઇને સૂતા.

‘શું થયું?’ પત્નીએ ગભરાઇને પૂછ્યું. તેને બિચારીને ખબર ન હતી કે તેના પ્રશ્નોની ઝડીથી બચવા ભાઉરાવે નાટક આદર્યું હતું.

‘શું થાય? હું મરીશ ત્યારે જ તને નિરાંત થશે.’ ફરીવાર માથું જોરથી દબાવતાં, વ્યગ્રતાનો ઢોંગ કરતાં તેમણે કહ્યું, ‘એકવાર મર્યો એટલે છૂટયો તમારા બધાયથી. માથામાં તો જાણે ધરતીકંપના આંચકા લાગી રહ્યા છે. મૂર્ખની જેમ શું જોઇ રહી છો?–જા, જરા ચા મૂક.’

ચૂપ થઇને પત્ની ઘરમાં ગઈ. ભાઉરાવે ત્રીસ રૂપિયાની નોટો કોટના બહારના ખિસ્સામાં ઘાલી. આઠ આના જે ચપરાસીને આપ્યાનું કહ્યું હતું તેને ધોતીની ગાંઠે સંતાડ્યા. સાત નંબર બીડીનું પીધેલું ઠૂંઠું ફરી એકવાર સળગાવ્યું અને જોરથી બેચાર દમ મારી તેને ઘરના એક ખૂણામાં ચોળીને ફેંકી, ઓરડીમાં રજ અને કચરાનું જે સામ્રાજ્ય વ્યાપેલું હતું તેમાં એકનો વધારો કર્યો. કોઇ દિવસ સાફ ન કરેલા બિછાના ઉપર તેમણે હાથવતી જોરથી થાપટ મારી; પરિણામે તેમાંથી ઊડેલી રજથી બચવા તેમણે ઓશીકું નાકે ધર્યું; પણ કોઈ દિવસ ન ધોવાએલા ઓશીકાની પરસેવા અને તેલનાં ધાબાંની દુર્ગંધથી તેમણે ગુંગળામણ થઇ એટલે તરત જ ઓશીકાને ગાદી ઉપર ફેંકી દીધું અને ઘરમાં જામેલાં બાવાં અને કરોળિયાનાં જાળાં તરફ તે જોવા લાગ્યા.

એટલામાં અરૂ પાન લઇને આવ્યો. પાનનાં બે બીડાં મોઢામાં ખોસતાં જ તેમને ફરી યાદ આવ્યું. ‘આજે તો શનિવાર!’ કોટના બહારના ખિસ્સામાંથી તેમણે એક કાગળ બહાર કાઢયો અને તે મનમાં જ અર્ધ વિચારમગ્ન સ્થિતિમાં બોલવા લાગ્યા; ‘સોમવારે ૪, મંગળવારે ૧૨, બુધવારે ૫, ગુરુવારે ૨૦ અને શુક્રવારે ૧૦ હતો......

‘પણ સોમવારથી ત્રણ ગણો મંગળવારે, અને બુધવારથી ચારગણો ગુરૂવારે, એટલે શુક્રવારથી પાંચગણો શનિવારે, એટલે ૫૦......

પરંતુ ફરી ત્રણગણો આવવાની પણ શક્યતા ખરી, એટલે ૩૦...

'પણ થોડા દિવસ પહેલાં...... હાં, ઠીક. ૧૧ અને ૩૦ જ.'

થોડીવારે તેમની આ વિચારમાળા તૂટી. કાગળ ખિસ્સામાં મૂકી બચેલાં બે પાન તેમણે મોઢામાં ખોસ્યાં. એટલામાં તેમનું ધ્યાન ઘડિયાળ તરફ ગયું. 'અરે! સાડા સાત !!' કહેતાં જ તે અંદર ગયા, ત્યાં મૂકેલા પાટલા ઉપર બેઠા અને ગોળા ઉપર ઢાંકેલી થાળી ઉપાડી પોતાની સામે મૂકતાં પોતાની પત્નીને કહ્યું. 'ચાલ પીરસ.'

પત્નીએ ગુસ્સામાં કહ્યુ, 'અરે, ત્યાં શામાએ શૌચ કર્યું છે, એટલે તો ત્યાં પાટલો મૂક્યો છે. થોભો જરા, હું હમણાં જ સાફ કરી લઉં.'

'અરે હાં, હવે શામાને કેમ છે?'

'વાડામાં બેઠી છે.'

'અરે, તું પણ કેવી છે? તેની તબિયત સારી નથી ને તેં એને વાડામાં શા માટે જવા દીધી? હવા નહિ લાગે?' કહેતાં ભાઉરાવ વાડામાં ગયા. શામા કોઇ હૅન્ડબિલ ઉપરની જાહેરાતનું ચિત્ર જોવામાં મશગુલ હતી તેને ઉંચકીને ભાઉરાવે ગોદમાં લીધી અને 'મારી શામા દીકરી' કહેતાં તેને બચી ભરી. પણ શામાએ નારાજીથી કહ્યું, 'છિઃ બાપુજી, તમારા મોઢામાંથી તો વાસ આવે છે.'

'હત્ બેવકૂફ' કહેતાં તેમણે શામાને નીચે મૂકી દીધી અને તેના હાથમાંનું હૅન્ડબિલ જોવા લાગ્યા. એસ્થર વિલિયમ્સના અભિનયથી ઓપતા 'પૅગાન લવ સૉંગ' નામના અંગ્રેજી ચિત્રની એ જાહેરાત હતી. ફક્ત એક જ શો હોવાથી, મંદિરેથી ભગવાનનાં દર્શન કર્યાં વગર જ પાછા ફરતા ભાવિકને જેટલું દુઃખ થાય તેટલું દુઃખ અનુભવતા ભાઉરાવ અંદર આવ્યા અને પીરસેલી થાળી ઉપર જમવા બેઠા. વાંકા વળીને તે ચોકડીમાં થૂંકવા ગયા, પણ બધું લાલ થૂંક ઘરમાં જ પડ્યું.

'અરે, અરે! તમને ભાન છે કે નહિ?' ગુસ્સાથી પત્નીએ કહ્યું.

'હેં! હા... હા...' કહીને તેમણે જમવાની શરૂઆત કરી.

'જરા થોભો તો ખરા. હમણાં અરૂ આવશે. આ તે કોઇ તમારી રીત છે? બધાંનાં છોકરાં તેના બાપ સાથે જમતાં ડરે, ત્યારે અહીં તો...'

'ચૂપ બેસ. તારું ડહાપણ તારી પાસે રહેવા દે. મને વખત નથી.' કહી જેમતેમ રોટલીના ટુકડા પેટમાં ઓર્યા, ડાબા હાથથી ભાત ઉપર દૂધ રેડ્યું, દૂધ લેતાંલેતાં મલાઈ પણ પોતાની થાળીમાં ઢાલવી દીધી, અને છેવટે થોડુંઘણું દૂધ બચ્યું હતું તે પણ પોતાની થાળીમાં રેડી દીધું.

'અરે પેલી માંદી છોકરી માટે પણ દૂધ ન રાખ્યું?'

'અરેરે! એ તો ભૂલી જ ગયો!'

'બીડી, નાટક, નંબર, ને સિનેમાનાં નટ-નટીનાં નામો યાદ રહે છે, અને પોતાની છોકરીનો ખયાલ નથી રહેતો? તમે તે કોઈ માણસ છો!' ગુસ્સાથી પત્નીએ પાટલા ઉપર વેલણ પછાડ્યું અને ગરમ કઢીનું ટોપિયું નીચે પટક્યું. ગુસ્સો જાણે તેની નસ-નસમાં વ્યાપી ગયો.

ભાઉરાવે ફરી વાર 'ફ્સ' કરીને નળની ચકલી ખોલી નાખી હાથ ધોયા, ખમીસ પહેર્યું, સોપારીથી ગલોફું ભર્યું અને બહારની ઓરડીમાં આવ્યાં. ટેબલ ઉપર પડેલી ટોપી માથામાં ઘાલી કોટના ખિસ્સામાંથી નંબરનો કાગળ કાઢી ખમીસના ખિસ્સામાં મૂક્યો, નોટો અને બીડી-માચીસ પણ તે જ ખિસ્સામાં મૂક્યાં, પગમાં ચંપલ ખોસ્યાં અને આઠ વાગ્યા જોઇને ઝડપથી તે બહાર જવા નીકળ્યા. આજે શનિવાર હોવાથી નવ વાગ્યા પછી નંબર લગાવી શકાય તેમ નહોતો.

ઑફિસેથી ઘેર આવતાં 'મોતીમહેલ'ની ભભકદાર જાહેરાત જોઇ હતી. સુરૈયાનો મસ્ત ફોટો જોઇને તેમણે આજે સિનેમા જોવા જવાનું નક્કી કર્યું હતું. આજે તો ત્રીસનો ફરક લગાવવો એ જ ધૂનમાં તે ચાલ્યા જતા હતા. રસ્તા ઉપર વાહનવ્યવહારની ધમાલ હતી, બધી હોટલો માલ અને ગ્રાહકોથી ભરેલી હતી. ભાઉરાવ જેવી જ સ્થિતિના



કેટલાયે માણસો સાઇકિલ પર, ને કેટલાક પોતાનાં બાલ-બચ્ચાં સાથે ઘર તરફ જતા હતા. પરંતુ ભાઉરાવને કોઈ પણ જાતનો દ્વેષ ન હતો, ન હતી કોઈ ઈર્ષ્યા. તે પોતાની જ ધૂનમાં મસ્ત ચાલ્યા જતા હતા.

તેમણે ખિસ્સામાં હાથ નાખ્યો, પણ પાન મળ્યું નહિ. હવે તેમને યાદ આવ્યું કે પોતે ચારેય પાન ઘેર જ ખાઈ નાખ્યાં હતાં. બીડી ચેતવી દીવાસળી ફેંકતાં તેમણે આસપાસ જોયું. એક યુવાન સ્ત્રી લાડ કરતી પોતાના પ્રેમી સાથે ચાલી જતી હતી. ક્ષણભર તેમણે દ્વેષથી પેલા માણસ તરફ જોયું અને બીડીનો એક જોરદાર દમ મારી પોતાની ગતિ વધારી. તે હવે પોતાની માનીતી પાનની દુકાને આવી પહોંચ્યા.

પાનનું બિલ ખૂબ જ–કદાચ વીસેક રૂપિયા તો થઇ જ ગયું હશે એમ તેમને લાગ્યું. પણ તરત જ તેમને વિચાર આવ્યો: 'ઉંહ; નહિ દઉં તોપણ ચાલશે. વધુમાં વધુ તે એકાદ કલાક બોધ આપશે. વ્યવહાર ચોખ્ખો રાખવો જોઇએ એમ કહેશે. આજ માલ નહિ આપું એમ પણ કહેશે. બહુ ગુસ્સે થશે તો તમારા જેવા માણસને આવું શોભે નહિ એમ કહેશે. સુશિક્ષિતો માટે આવો અયોગ્ય વ્યવહાર કલંકરૂપ છે એવો પણ ઉપદેશ આપશે. પણ...... પણ પૈસા શા માટે આપવા જોઇએ? તે શું પ્રામાણિકતાથી ધંધો ચલાવે છે? ખોરી સોપારી, ખરાબ ટોપરું, કચરાવાળી વરિયાળી...... અને કદાચ સમજો કે તે પ્રામાણિકતાથી ધંધો કરે છે, તોપણ તેના પૈસા છેવટે ક્યાં જશે તે હું જાણું છું.....'

એટલામાં કોઇએ તેમને બોલાવ્યા. ભાઉરાવે પાછળ જોયું તો બજરંગ હતો. તે ગામના દાદાનો સરદાર ગણાતો.

'કેમ બજરંગ?'

'મારું પેલું રૅશનકાર્ડ......'

'કાલ મળ. ના, કાલ તો રવિવાર. પરમ દિવસે ઑફિસમાં મળજે.'

'ઠીક.'

'અરે જાય છે ક્યાં? ચાલ, ચા પીએ.' કહીને ભાઉરાવ તેનો હાથ પકડીને તેને નજીકની હોટેલમાં લઈ ગયા.

શાળાનો રિપોર્ટ

લઘુકથા

લેખક • મોહનલાલ પટેલ

હેડમાસ્તર મિ. શાહ પોતાના તરફ જોઈએ એવી કાળજી બતાવતા નથી એવું શાળાની તપાસણી દરમ્યાન નવા ઈન્સ્પેક્ટર સાહેબ મિ. હબીબે જોઈ લીધું. મિ. શાહ વર્ષોથી એમની કુનેહ અને વ્યવસ્થા-શક્તિ માટે પંકાઈ ચૂક્યા છે એની મિ. હબીબને ખબર હતી; એટલે જ તો એમની ખાતરી થઈ ગઈ કે મિ. શાહ પોતાના જેવા નવા ઈન્સ્પેક્ટરને ઘોળીને પી ગયા હોય એમ ગણે છે!

પણ પોતાની સત્તાનો મિ. હબીબને પૂરો ખયાલ હતો, એટલે મિ. શાહના આ અભિમાનનું ભાન કરાવે એવો રિપોર્ટ આ વખતે લખવાનો એમણે નિશ્ચય કરી લીધો. એકબે વખત તો એમણે મિ. શાહને કહ્યું પણ ખરું: 'મિ. શાહ, તમારે કામ હોય તો ઑફિસમાં બેસો; હું વર્ગ અને શિક્ષક શોધી લઈશ!' આનો પોતે શો જવાબ આપ્યો એ તો ખુદ મિ. શાહને પણ ખબર નહોતી.

મિ. હબીબ આ નિશાળના આગલા રિપોર્ટ જોઈ ગયા, અને એ પ્રશંસાભરપૂર રિપોર્ટ્સથી તદ્દન જુદો જ રિપોર્ટ લખવા માટે સો ગળણે ગળીને પાણી પીવાનું એમણે શરૂ કર્યું. શિક્ષકોની શિક્ષણપદ્ધતિ એમણે અનેકરીતે અપૂર્ણ જોઈ. વિદ્યાર્થીઓમાં શિસ્તની ખામી તો શોધવા જવી પડે એમ નહોતું. એક વર્ગમાં એમણે એક વિદ્યાર્થીને પૂછીને જાણ્યું કે સમયપત્રકો એ જ દિવસે ચોંટાડવામાં આવ્યાં હતાં! ગઈ વાર્ષિક પરીક્ષાનાં પરિણામપત્રકોમાં પણ કંઈક શંકાઓ એમણે ઊભી કરી. હિસાબો પણ બરોબર ચકાસીને તપાસવા માટે કારકુનને કડક સૂચના આપી દીધી. એમનો ખયાલ હતો: ઈન્સ્પેક્ટરની અવગણના કરનાર હેડમાસ્તર પણ જાણી લે!

બીજા દિવસે તો મિ. શાહના વર્તનમાં વધારે બેદરકારી જણાઈ. ચાલુ સમય દરમ્યાન પણ મિ. શાહ શાળા છોડીને એકબે વાર બહાર ગયા હતા એ પણ એમના ધ્યાન બહાર ન રહ્યું.

બપોરે બે વાગતાં મિ. શાહે આવીને એમને કહ્યું: 'આપ સાહેબને એક વિનતિ કરવાની છે!'

જરા તોછડા અવાજે મિ. હબીબ બોલ્યા: 'શી?'

'આપ સાહેબ અત્યારે ઈન્સ્પેકશન બંધ ન રાખી શકો?'

મિ. હબીબ આ અણસમજુ હેડમાસ્તર તરફ રોષભરી નજરે જોઈ રહ્યા. હેડમાસ્તર વધુપડતી છૂટ લેતા હોય એમ એમને લાગ્યું. ત્યાં તો મિ. શાહ ફરી બોલ્યા: 'આ વિનતિ આપ સ્વીકારો તો સારું!'

મિ. હબીબે વધારે કડક અવાજે પૂછ્યું: 'કેમ?'

લાગણીભર્યા અવાજે મિ. શાહે જવાબ આપ્યો: 'અમારી શાળાનો એક વિદ્યાર્થીનું અવસાન થયું છે.'

મિ. હબીબ શાંત બની ગયા. એ કંઈ બોલે એ પહેલાં ખૂણાના ટેબલ પાસે બેઠેલો બટકબોલો એક વૃદ્ધ કારકુન પોતાની મર્યાદા સમજ્યા વગર બોલી ઊઠ્યો: 'છેલ્લા ત્રણ દિવસથી આચાર્ય સાહેબે ઊંઘ કે ખોરાક કંઈ પણ લીધું નથી!'

મિ. હબીબ શા વિચારમાં પડી ગયા એ કોઈ સમજી શક્યું નહિ. એમને વિચારમાં પડી ગએલા જોઈ મિ. શાહ બોલ્યા: 'અત્યારે શાળા બંધ નહિ થાય તો આખી જિંદગી મને વસવસો રહી જશે!'

કંઈક વિચારોમાંથી જાગતાં મિ. હબીબે કહ્યું: 'જરૂર! સ્કૂલ બંધ થવી જોઈએ!'

શાળા બંધ થઈ અને શોકસભા બાદ સૌ વિખરાયા.

સાંજે ઈન્સ્પેક્ટર સાહેબના સરકારી રહેઠાણેથી એમના ભોજન માટે મોકલેલું ટિફિન બૉક્સ નોકરને પાછું લાવતો જોઈ મિ. શાહને સહેજ નવાઈ થઈ. પણ એ કંઈ પૂછે એ પહેલાં નોકરે એક ચિઠ્ઠી કાઢીને એમના હાથમાં મૂકી. એમાં લખ્યું હતું:

મિ. શાહ,

ભોજન પાછું મોકલ્યાનો અવિવેક કરવા બદલ ઘણો જ દિલગીર છું. આપની નિર્મળ માનવતાએ મારા હૃદયમાં સુંદર છાપ પાડી છે. આજ આવા દિલગીરીના પ્રસંગે હું આવું ઉત્તમ ભોજન લઉં તો મને પણ આખી જિંદગી ચેન પડે નહિ. શાળામાં ભણતાં બાળકો આપણાં જ સંતાનો છે ને?

–ડી. હબીબ

'રામભાઉ, બે ચાલુ ભરજે.'

ચા પીને, બંને જણા પાનની દુકાને આવ્યા. ભાઉરાવ બજરંગને પોતાની સાથે હેતુપૂર્વક લઇ આવ્યા હતા, કે બજરંગને જોઇને પાન-વાળો કંઈ બોલે નહિ. ખિસ્સામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી પાન-વાળા તરફ ફેંકતાં ભાઉરાવે કહ્યું, 'સંભાળ! શાહજાપુરીનાં છ પાન, એક સાત નંબર બંડલ અને એક માચીસ. તું શું લઇશ, બજરંગ?

'કેપાસટન' દુકાનમાંના અરીસામાં મોં જોતાં બજરંગે કહ્યું.

પાનનો કૂચો મોઢામાં ભરી બીડી ચેતવતાં ભાઉરાવે કહ્યું. 'ઠીક, ત્યારે બજરંગ.'

ત્યાંથી છૂટા પડી, ભાઉરાવ આગળ ચાલ્યા. રસ્તામાં તેમણે એક હોટેલની ઘડિયાળમાં જોયું. સાડા આઠ વાગ્યા હતા. રસ્તાનો ચોક વટાવી તે ડાબા હાથ તરફ વળ્યા. બજારનો ઝગઝગાટ અને રાહ-દારીઓની ધમાલ વટાવી તે એક દુકાને આવ્યા. તેમને જોઈને એક જાડા માણસે સલામ ભરી. તે ખુરશી ઉપર આવીને બેઠા અને ટેબલ ઉપર પડેલી સોપારી મોઢામાં ખોસી, સિગારેટના ટિનમાંથી એક સિગારેટ કાઢી ચેતવી અને પૂછ્યું, 'દસ ફરકનો શો ભાવ છે?'

'છ રૂપિયા.'

'પછી?'

'વીસ સુધી સાત રૂપિયા.'

'ત્રીસ ફરકનો?'

'આઠ રૂપિયા.'

વિચામાં ને વિચારમાં પૂરી કરેલી સિગારેટને પગથી બૂઝવી, અને બીજી સિગારેટ ચેતાવતાં ખિસ્સામાંથી બાર રૂપિયા કાઢીને તે માણસને આપતાં તેમણે કહ્યું, 'ત્રીસ ફરક ઉપર લગાવો.'

અંદર આવતાં એકે કહ્યું, 'બાબુજી, ધોખા હૈ. સાફ હો જાઓગે.'

'આં! હો–હો–હો...' કરીને તે બહાર નીકળ્યા, અને પ્લાઝા ટૉકીઝ પાસેનાં આગામી ચિત્રોની જાહેરાતનાં પોસ્ટરો જોતા ઊભા રહ્યા.

'ભાઉરાવ! ઓ ભાઉરાવ!'

'આં!' પાછળ વળીને તે પોતાને બોલાવતા પચ્ચીસ વર્ષના એક યુવકને જોઈ બોલ્યા, 'કોણ જગદીશ કે?'

'હા, જી.'

'મૅટ્રિક ને ઈન્ટરમાં પહેલા વર્ગમાં આવેલો તે જ?' (અનુ. પૃ. ૪૪૪)

અનિચ્છાવર્તી

એટલે કે આપણી જાણ વિના આપમેળે કામ કરતું

જ્ઞાનતંત્ર

કાયાની કરામત : ૩૮

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી


ભય કે ક્રોધ વખતે થતી શરીરની સ્થિતિથી કોણ અજાણ હશે? હૃદય જોશથી ધબકે છે, ઊંડા શ્વાસોચ્છ્વાસ ચાલે છે, લોહીનું દબાણ વધવાથી શરીર ગરમ બને છે ને પછી પરસેવાથી ગદગદું બને છે, આંખની કીકી પહોળી બની ડોળા મોટા અને આગળ-પડતા બિહામણા થાય છે, ક્રોધ કે ભયની ઉગ્રતા ધધારે હોય તો માથાના વાળ ને રૂવાં ખડાં થઈ જાય છે ને ભયથી ધ્રુજારો કે ક્રોધથી કંપારો થાય છે; થૂંકનો સ્રાવ વધી પડવાથી મોંમાંથી ફીણ પણ આવે છે.

શરીર ઉપરનાં દેખાતાં આ ચિહ્નોની જેમ શરીરની અંદર પણ ફેરફારો થાય છે. પાચનક્રિયા બંધ પડે છે, નિરંતર હાલ્યા કરતાં આંતરડાંનું હલનચલન બંધ પડે છે, મૂત્રાશય ને ગુદાનાં દ્વાર સખત રીતે સંકોચાય છે; આંતરડાંની લોહીની નળીઓ સંકોચાવાથી ત્યાંનું લોહી વધેલી માંગ પૂરી પાડવા કાજે માંસપેશીઓમાં જાય છે. આ દશામાં પેટમાં ચોટ વાગતાં જ્ઞાનતંતુઓ ઉપર ઉપજેલા આઘાતના પરિણામે સખત-રીતે સંકોચાએલી લોહીની નળીઓ પહોળી થઈ જાય છે. અંગાંગો ને મગજમાં ગએલું લોહી આંતરડાં ભણી ધસી આવે છે. આથી લોહીનું દબાણ ઓછું થતાં વ્યક્તિ તમ્મર ખાઇ ભોંય પર પટકાઈ પડે છે.

ઉપર જણાવી એ છે વિકટ પરિસ્થિતિને અનુકૂળ થવાની શરીરની તૈયારીઓ; જે, પરિસ્થિતિ સાનુકૂળ થતાં, સમેટાઇ જઇને શરીર પુનઃ પૂર્વવત્ સ્થિતિ ધારણ કરે છે. એમાં ફરી હૃદયના ધબકારા ધીમા પડે છે, લોહીનું દબાણ સમધારણ બને છે, ચામડી સૂકી ને ઠંડી થાય છે, વાળ નીચા ઢળે છે ને પાચનક્રિયાનું કામ આગળ ધપે છે. (જુઓ સામે ચિત્ર)

આ ફેરફારોનું નિયંત્રણ કરનાર છે 'અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર'ના બે ફાંટાઓ. એક સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ (Sympathetic Nerves) અને બીજો પૅરા–સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ (Para-sympathetic Nerves). વિકટ સ્થિતિને પહોંચી વળવા માટે શરીરને તૈયાર કરનાર સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ છે, જ્યારે શરીરે ધારણ કરેલી એ સ્થિતિમાંથી તેને પૂર્વવત્ દશામાં આણનાર છે પૅરા-સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ. આ બન્ને પ્રકારના જ્ઞાનતંતુઓનાં અમલી કાર્યો આપણી ઇચ્છા કે અંકુશ બહાર થતાં હોવાથી તે 'અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર' (Autonomic Nervous System)ના નામથી ઓળખાય છે.

આ જ્ઞાનતંતુઓ છાતીના પોલાણમાં અને પેટની બખોલમાં સમાએલા બધા અવયવો ઉપર અસર ઉપજાવનારા છે. એની અસર નીચે હૃદય આપમેળે ધબક્યા કરે છે, શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલ્યા કરે છે, ને પેટમાં લટકતાં આંતરડાં અળશિયાંની જેમ ગતિમાન રહે છે. મધ્યસ્થ જ્ઞાનતંત્ર દ્વારા થતાં કાર્યોનાં તો આપણને જ્ઞાન કે સંવેદન થાય છે, પરંતુ આ અનિચ્છાવર્તી જ્ઞાનતંતુઓનાં કાર્યો વિષે આપણને કશું જ જ્ઞાન કે સંવેદન થતું નથી, કે નથી થતી કશી વેદના. થાય તો અતિ મંદ. આથી જ કલેજા કે આંતરડાંનો કાપ કશી વેદના નથી ઉપજાવતો; ક્ષયના જીવાણુઓ ફેફસાંને કોરી ખાઇ જતા હોવા છતાં યે તે અતિ મંદ કે અવર્ણનીય (સમજાય નહિ તેવી) વેદના જ ઉપજાવે છે. ભૂખની વેદના




પણ અનિચ્છાવર્તી જ્ઞાનતંતુએ ઉપજાવેલી અસરનું જ પરિણામ છે.

આ અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર કાંઇ મધ્યસ્થ જ્ઞાનતંત્રથી જુદું નથી. એમાં સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓની સંખ્યા પંદરની છે. તે બરડાના ભાગના જ્ઞાનરજ્જુના બાર ને કમરના ભાગના જ્ઞાનરજ્જુના બે કે ત્રણ જ્ઞાનતંતુઓના આગલા મૂળમાંથી નીકળે છે; જ્યારે પૅરા–સિમ્પથેટિક જ્ઞાનતંતુઓની સંખ્યા છ છે, જે મગજની ત્રીજી, સાતમી, નવમી અને દસમી નાડી તથા પૂંઠ(Sacral Nerves)ની બીજી ને ત્રીજી નાડીઓ સાથે શરીરમાં સર્વત્ર પથરાએલા છે.

સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ કરોડના જ્ઞાનતંતુના આગલા મૂળમાંથી નીકળીને તેમાંથી સિમ્પૅથેટિક નાડીગ્રંથિ (Sympathetic ganglia) બને છે. એકબીજી સાથે જોડાઇને બનેલી એ નાડીગ્રંથિઓની હારમાળા કરોડની બન્ને બાજુએ ગોઠવાઇને પડી છે. આ નાડીગ્રંથિઓમાંથી નવા તંતુઓ (Fibres) નીકળે છે. એમના ઉપર માયલિન આવરણ નહિ હોવાથી તે ભૂખરા રંગના હોય છે. આ ભૂખરા જ્ઞાનતંતુઓ (એટલે કે સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ) એક કે બીજા કરોડ-જ્ઞાનતંતુ સાથે ભળી જઈ શરીરમાં સર્વત્ર ચામડી ને ચામડીની કેશવાહિનીઓ સુધી પથરાય છે.

સિમ્પૅથેટિક ગ્રંથિઓમાંથી નીકળતા આ તંતુની શાખાઓ જાળ રૂપે એકત્ર બની ઠેર ઠેર ચક્રો (Plexuses) બનાવે છે. આમાંનાં મુખ્ય છ ચક્રો આ પ્રમાણે છે: (૧) મગજના આગલા ભાગ-બુદ્ધિ—ચાતુર્ય-કેન્દ્ર આગળ બે ભમ્મરો વચ્ચે આવેલા સિમ્પૅથેટિક તંતુઓના જાળાને 'આજ્ઞાચક્ર' (Nasociliary Plexus) કહેવામાં આવે છે. આ ચક્ર આપણા વિચારોના અંકુશ હેઠળ હોઇ ત્યાંથી ઐચ્છિક હલનચલનની આજ્ઞાઓ ઉદ્ભવે છે. (૨) કંઠ પાસે 'વિશુદ્ધિ ચક્ર'(Pharyngeal Plexus) આવેલું છે. (૩) હૃદય ભણી જતા તંતુઓના



જાળાને 'અનાહતચક્ર' (Cardiac Plexus) કહેવામાં આવે છે. આ તંતુઓના કાર્યથી હૃદય જોસથી ધબકે છે, જેથી માંસપેશીઓને લોહીનો પૂરવઠો મળે છે. (૪) દૂંટીના ભાગમાં 'સૂર્ય' કે 'કુંડલિની ચક્ર' (Solar Plexus) આવેલું છે, જેના ઉપરનો એક ભાગ (૫) 'મણિપુર ચક્ર' (Coeliac Plexus) કહેવાય છે. (૬) ઉપસ્થના મૂળ આગળ 'સ્વાધિષ્ઠાન ચક્ર' (Hypogastric Plexus) છે. એનો નીચે જતો ભાગ 'મૂલાધાર ચક્ર' (Pelvic Plexus) છે, જે ગુદાની બાજુમાં આવેલું છે.

આ ચક્રોના તંતુઓનું કામ લોહીની નળીઓ અને માંસપેશીઓ ઉપર અસર ઉપજાવી પોલા અવયવોને પહોળા કરવાનું છે, જેના પરિણામે અન્નમાર્ગના અવયવોનું હલનચલન બંધ થાય છે, મૂત્રાશય પહોળું થઈ એનું દ્વાર સખતરીતે બંધ થાય છે, લિવરમાંથી ગ્લાયકોઝનો અનામત જથ્થો છૂટો પડી માંસપેશીઓની શક્તિ માટે ગ્લુકોઝ રૂપમાં બને છે, બરોળમાંથી રાતા કણોનો ધોધ લોહીમાં ઠલવાય છે, ને કિડની પરની સુપ્રારીનલ ગ્રંથિઓનો ઍડ્રેનલિન સ્રાવ વધી પડી લોહીમાં ભળે છે.


સિમ્પૅથેટિકનું કામ શરીરની ક્રિયાઓને વેગ આપી તેની કામગીરી વધારવાનું છે તો પૅરા-સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓનું કામ એ અસરોને શાંત પાડવાનું છે. એની અસરથી શ્વાસોચ્છ્વાસ તથા હૃદયના ધબકારા ધીમા પડે છે, ગતિબંધ આંતરડાં પુનઃ ગતિમાન થાય છે, શરીરનાં વ્યયદ્રવ્યો બહાર ફેંકાઈ જવા માટે કિડનીની કામગીરીમાં વેગ આવે છે. સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓએ પહોળા બનાવેલા આંખના ડોળા પૅરા-સિમ્પૅથેટિકથી સંકોચાય છે. આવી જ રીતે પહેલી જાતના જ્ઞાનતંતુઓએ વધારેલો લાળા અને અશ્રુગ્રંથિઓનો સ્રાવ બીજા પ્રકારના જ્ઞાનતંતુઓ સાધારણ કરે છે. શ્વાસનલિકાઓ, હૃદય, કલેજું, સ્વાદુપિંડ, હોજરી, આંતરડાં, કિડની વગેરે અવયવો સુધી પથરાએલી વેગસ નાડીમાં પૅરા-સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ આવેલા હોવાથી આ નાડીનું કામ સિમ્પૅથેટિકથી ઊલટું રહે છે. પૂંઠની નાડીઓ સાથે આવેલા પૅરા-સિમ્પૅથેટિક જ્ઞાનતંતુઓ મૂત્રાશય, ગુદા અને પેઢાના અવયવોમાં પથરાએલા છે, જેની અસરથી ગુદા અને મૂત્રાશયનાં દ્વારો ખુલ્લાં થઈ મળ-મૂત્રનો ત્યાગ થાય છે. આ રીતે સિમ્પૅથેટિક ને પેરા-સિમ્પૅથેટિકનાં કાર્યો એકબીજાથી વિરુદ્ધ પ્રકારનાં પણ એકબીજાનાં પૂરક છે.

અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર હેઠળના શ્વાસોચ્છ્વાસ તથા હૃદયનાં કેન્દ્રો મજ્જામાં આવેલાં છે, જ્યારે બીજાં કેન્દ્રો (અતિ અગત્યનાં એવાં) નાના ઊર્મિમગજમાં, મગજમાં ને નાના મગજમાં આવેલાં છે. મગજનાં કેન્દ્રોની આજ્ઞાનુસાર તંતુપ્રવાહ વહે છે ત્યારે અવયવોની માંસપેશીઓ અને જ્ઞાનતંતુના છેડા વચ્ચે જ્ઞાનતંતુમાંથી 'એસીટાઇલ કોલીન' (Acetyl choline) નામનું દ્રવ્ય સ્રવે છે, જેની અસર નીચે માંસપેશી સંકોચાય છે. એ એસીટાઈલ કોલીન માત્ર સેકન્ડના અંશ ભાગ જેટલો સમય રહીને તરત એક આથવણ દ્વારા નાશ પામે છે.

આપણા જીવંત દેહમાં ચલગતિશીલ (Dynamic) સમતુલા જાળવવામાં સંપૂર્તિકારક કોઈ તંત્ર હોય તો તે આ 'અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર' જ છે. આ સમતુલાને છિન્નભિન્ન કરનાર છે વ્યક્તિનું અતિમાત્રાભર્યું બૌદ્ધિક, ધમાલિયું કે આવેશ ને આવેગભર્યું જીવન. આપણે હમણાં જોઈ ગયા કે ભય કે ક્રોધ જેવા આવેગો સિમ્પૅથેટિક જ્ઞાનતંત્રમાં ક્ષુબ્ધતા પ્રગટાવે છે. આ ખળભળાટના પરિણામે ઇચ્છાવર્તી કે અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર હેઠળના અવયવો ઉપર અસર થાય છે. એમની કામગીરીમાં વેગ કે મંદતા આવે છે.

અનિચ્છાવર્તી જ્ઞાનતંત્રની સમતુલા કે અ-સમતુલા પ્રમાણે સ્વિટ્ઝર્લૅન્ડના નોબૅલ-ઈનામ વિજેતા પ્રો. ડબ્લ્યુ.આર.હેસે ઇ.૧૯૦૯માં માણસની દેહ-સ્થિતિની ત્રણ વર્ગણી કરી છે: (૧) સુદૃઢ અનિચ્છાવર્તી સમતુલાવાળા નોરમોટૉનિક (Normotonic); (૨) સિમ્પૅથેટિકની અતિશયતાવાળા 'સિમ્પેથિકોટૉનિક (Sympathicotonic) અને (૩) પેરા-સિમ્પૅથેટિકની બાહુલ્યતાવાળા 'વૅગૉટૉનિક' (Vagotonic) છેલ્લા બે પ્રકાર એક વ્યક્તિમાં એકીસાથે જોવામાં આવતા હોવાથી એ દશાને 'એમ્ફૅટૉનિયા' (Amphotonia) કહેવામાં આવે છે.

'એમ્ફૅટૉનિયા'ના બંધારણવાળી વ્યક્તિમાં શ્વાસોચ્છ્વાસની મુશ્કેલી, હૃદયમાં દરદ કે વધુ ધબકારા, ચક્કર આવવાં, ખૂબ પસીનો થવો, વારંવાર થાક લાગવો, હોજરી-આંતરડાંનો ગડબડાટ, ઠંડાગાર હાથ-પગ, મોં-હોઠ સુકાવાં, લોહીના દબાણની વધારે પડતી વધ-ઘટ, આળાં આંતરડાં (ઝાડા કે બંધકોષ), શરીરમાં ઠેરઠેર લાહ્ય બળવી,



સિમ્પૅથેટિક ગ્રંથિઓમાંથી નીકળતા તંતુઓની શાખા જાળ રૂપે એકત્ર બની ઠેર ઠેર ચક્રો બનાવે છે. એમાંનાં મુખ્ય ચક્રો ઉપર પ્રમાણે છે.

ઘડીએઘડીએ આશા-નિરાશા, ઉત્સાહ-નિરુત્સાહ વચ્ચે ઝોલાં ખાવાં ને મનની તંગ અવસ્થા વગેરે ચિહ્નો હોય છે. આ દશાને પશ્ચિમી વૈદક-શાસ્ત્રમાં 'સાઈ કોન્યુરૉસિસ'(રોગિયું મન)થી ઓળખવામાં આવે છે. આ દરદીઓની મુખ્ય ફરિયાદો અકલ્પનીય ભયની બીક, ભૂખ નહિ લાગવી, કોઈ રોગ થવાની ચિંતા, ઘડીઘડીમાં ચિડાઈ ઉશ્કેરાઈ જવું, અનિદ્રા, વિચાર શક્તિની કમીના કે ચિત્તભ્રમતા વગેરે છે.

આપણે ઈચ્છા મુજબ આંખનાં પોપચાં ઉઘાડમીંચ કરીએ છીએ, પણ આંતરડાં કે હૃદય ઉપર આપણો એવો કાબૂ નથી કે તેમને આપણી મરજી મુજબ વેગીલાં કે મંદ કરી શકીએ. શું ત્યારે હાથપગની જેમ આપણે આંતરડાંના કે હૃદયના માલિક નથી?

છીએ, પણ જો આપણને એમ થતાં આવડે તો. યોગવિદ્યા-પારંગતો શરીરના ધારે તે ભાગ પર પસીનો આણી શકે છે, શ્વાસોચ્છ્વાસ ઓછા કે બંધ કરી શકે છે, એક હાથની નાડી ઓછી વધારે કે બંધ કરી શકે છે. અરે, હવા પાણી ને ખોરાક વિના દિવસોના દિવસો સુધી જમીનમાં દટાઈ પણ રહે છે.

આ બધું યોગવિદ્યાથી શક્ય છે, જે વડે જ્ઞાનતંત્રના તંતુઓ ને કોષો કેળવાતાં મગજના સંકલ્પકેન્દ્રો દ્વારા અનિચ્છાવર્તી તંતુઓ પર થોડા અંશે કાબૂ પ્રાપ્ત થાય છે. આ માટે પતંજલિ વગેરે મહર્ષિઓએ જ્ઞાનતંતુ-પ્રવાહ (યોગવિદ્યામાં આને 'વાયુ' કે 'પ્રાણ' કહેવામાં આવે છે) ઉપર કાબૂ મેળવવા માટે ક્રિયાઓ દર્શાવેલી છે. ખૂબીની વાત તો એ છે કે છેક ઇ.સ. પૂર્વેની બીજી સદીમાં લખાએલાં તંત્ર-પુસ્તકોમાં આલેખાએલું જ્ઞાનતંત્રનું વર્ણન અત્યારના પશ્ચિમના ઍનૅટમી(શરીર-શાસ્ત્ર)ના જ્ઞાન સાથે મળતું આવે છે.

અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર ઉપર કાબૂ મેળવવા માટે યોગવિદ્યામાં કુંડલિનીને જાગ્રત કરવાનો આદેશ છે. આ કુંડલિની એટલે શું? એ જાણતાં અગાઉ યોગશાસ્ત્રમાં વર્ણવેલા જ્ઞાનતંત્ર વિષે ટૂંકામાં જાણીએ. યોગશાસ્ત્રને અત્યારના જ્ઞાનના આધારે સમજાવતાં ડૉ. વસન્ત જી. રેળે લખે છે કે 'સુષુમ્ણા એ જ્ઞાનરજ્જુ છે. ઈડા અને પિંગલા નાડીઓ એ કરોડના ડાબા ને જમણા પડખે આવેલી સિમ્પૅથેટિક ગ્રંથિઓની હારમાળા છે. સુષુમ્ણા તાલુ ભેદીને બ્રહ્મચક્ર કે સહસ્રાર(મગજ)ને મળે છે.'

જ્ઞાનરજ્જુ માટે જેમ મગજ છે એમ અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર માટે કુંડલિની ચક્ર છે. કેટલીક યોગક્રિયાઓ કરવાથી સુષુમ્ણા દ્વારા ઈડા ને પિંગલા ઉપર અંકુશ પ્રાપ્ત થતાં અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર કાબૂમાં આવે છે, જે થતાં દેહની સુષુપ્ત શક્તિઓ જાગૃત બને છે. આ શક્તિઓના પ્રતાપે યોગી દીર્ઘજીવી બને છે ને અદ્ભુત તથા આશ્ચર્યજનક કાર્યો કરે છે.

યોગશાસ્ત્રમાં ચક્રોનાં વર્ણન કમળની પાંદડીઓના રૂપમાં કરેલાં છે. મૂલાધાર ચક્ર ચાર દલનું છે અને તે જીતવાથી વ્યાધિમાંથી મુક્તિ, ભૂત અને ભવિષ્યનું દર્શન તથા માનસિક શક્તિઓ પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. છ દલનું સ્વાધિષ્ઠાન ચક્ર જિતાયાથી રોગ ને મૃત્યુ પર વિજય મળે છે. કુંડલિની ચક્ર દસ પાંખડીઓનું છે. એના ઉપર કાબૂ આવતાં પરકાયા-પ્રવેશ, ધાતુઓનું રૂપાંતર કરવાનું, માંદાને સાજા કરવાનું ને દિવ્ય દૃષ્ટિ મળે છે. બાર દલી અનાહત ચક્ર પરનો વિજય દિવ્યદૃષ્ટિ ને બ્રહ્મનાદ સાંભળવાની શક્તિ આપે છે. એવા સિદ્ધ યોગી મરજી મુજબ પ્રવાસ કરી શકે છે. વિશુદ્ધિચક્ર સોળ દલનું પદ્મ છે. એમનું ધ્યાન કરવાથી રોગ ઉપર વિજય ને યૌવનપૂર્ણ સહસ્રાયુ પ્રાપ્ત થાય છે. બે પાંખડીનું આજ્ઞાચક્ર જીતવાથી અલૌકિક માનસિક શક્તિઓ વરે છે.

હઠયોગપ્રદીપિકામાં કુંડલિનીનું વર્ણન અઢી આંટા મારી ગોળ પડેલા સર્પ જેવું જણાવ્યું છે. કુંડલિની એ જ સૂર્યચક્ર છે. અહીંથી એક શાખા નીચે ઊતરી મૂલાધાર ભણી જાય છે ને બીજી શાખા સુષુમ્ણાની સાથે ઊર્ધ્વગામી બની છેક બ્રહ્મરંધ્ર(મગજમાં)માં જઇને ચંદ્રામૃત (સેરિબ્રોસ્પાઈનલ ફ્લ્યૂઈડ)માં તરબોળ થઇ રહે છે. યોગશાસ્ત્રમાં વર્ણવેલી કુંડલિની એ જમણા પડખાની 'વેગસ' નાડી છે."

આસન, પ્રાણાયામ, બંધ ને મુદ્રા આદિ યૌગિક ક્રિયાઓ દ્વારા કુંડલિની જાગૃત કરવાથી અનિચ્છાવર્તી જ્ઞાનતંત્રનાં બીજાં ચક્રો પણ જાગૃત થાય છે. આમ થતાં અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર ઇચ્છાધીન બને છે, ચિત્તની બધી ક્રિયાઓ શાંત પડે છે, યોગીનો આત્મા મન ને શરીરથી જુદો પડી મુક્ત બને છે, જગતની ભ્રાંતિ નષ્ટ પામે છે, સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે. આમાં હઠયોગી હવા, પાણી ને ખોરાક વિના જમીનમાં દટાઈ શકે છે અને આવાં બીજાં અદ્ભુત કાર્યો કરી શકે છે. (ચાલુ)

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શોખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

થીમૅટિક્સ

એ નવો શબ્દ હમણાં થોડા વરસથી ટિકિટસંગ્રહ-કોષમાં ઉમેરાયો છે, અને એનો અર્થ એવો થાય છે કે કોઇ પણ એક 'થીમ'–Theme–ખાસ વિષયને લગતી જ ટિકિટોનો સંગ્રહ કરવો તે. સામાન્યરીતે ટિકિટસંગ્રાહકો અમુક 'દેશ' અથવા અમુક 'વર્ષ'ને લગતી ટિકિટો શોધીશોધીને જેમ સંઘરે છે તેમ આમાં તે 'વિષય'ને જ લગતી ટિકિટો જ સંઘરાય છે. દાખલા તરીકે રેલવે; તો પછી એમાં દુનિયાના સર્વ દેશોની ને સર્વ કાળની, રેલવેના, અને તેમાં શરૂના સ્ટીમ એન્જિનથી માંડીને તે અદ્યતન ઇલેક્ટ્રિક ટ્રેન સુધીનાં ચિત્રો આવે. એ જ રીતે કોઈ પુલોની, કોઈ નકશાની, કોઈ વનસ્પતિઓની, કોઇ કવિઓની, કોઈ દેવળોની, એમ કિસમકિસમના વિષયોની ટિકિટો દુનિયાના ખૂણેખૂણેથી મેળવીને પોતાનો સંગ્રહ નિઃશેષ બનાવવાને મથે. એવા શોખીનોને થીમૅટીશિયનો કહે છે. રસ હોય તો આ પણ અજમાવવા જેવું છે.







મથાળે: ઑગસ્ટ અંકના છેલ્લા પાનામાં ચિત્ર સાથે જેની જાહેરાત કરી હતી તે ભારતના તારખાતાની શતાબ્દી નિમિત્તની ખાસ ટિકિટ આ માસની પહેલી તારીખે બહાર પડી છે, તેનું 'ફર્સ્ટ-ડે કવર' તેની ખાસ રદ્દીકરણની છાપ સાથે છેક મથાળે આપેલું છે. **તેની નીચેના** પાનામાં, ભારતનું ટપાલખાતું તાર ઉપર ચોડવા માટે જે ખાસ ટિકિટો અવારનવાર બહાર પાડતું રહ્યું છે તે પૈકીની ૧૯૦૬ સુધીની થોડી ટિકિટો આપી છે, જેમાં મથાળાની ચાર આનાની ટિકિટ 'ફર્સ્ટ ઇલેક્ટ્રિક ટેલીગ્રાફ'ની છે અને તેની નીચે અનુક્રમે આઠ આના, દસ રૂપિયા, અઢી રૂપિયા અને પચાસ રૂપિયાની ટિકિટોનાં ચિત્રો છે. **ડાબી બાજુએ** અમેરિકાની ચાર નવી ટિકિટોનાં ચિત્રો છે. તેમાં સૌથી મથાળે 'અમેરિકન બાર એસોસીએશન' (વકીલ મંડળ) તરફથી ગઈ ૨૪મી ઑગસ્ટે બહાર પાડેલી 'કાયદાના રક્ષણ તળે સ્વાતંત્ર્યપ્રાપ્તિ'ના ૭૫મા વરસને સ્મરણાંકિત કરતી ટિકિટ છે, જેના પર અમેરિકાની સુપ્રીમ કોર્ટના મકાન પરના શિલ્પ નું ચિત્ર છે. તેની નીચેની ટિકિટ ગઈ ૧૪મી સપ્ટેમ્બરે બહાર પડેલી ટિકિટનું છે, તે પર અમેરિકન લોકપ્રિય પ્રમુખ થીઓડોર રૂઝવેલ્ટનું જે મકાન હમણાં રાષ્ટ્રીય યાત્રાસ્થળ તરીકે ખુલ્લું મુકાયું તેનું ચિત્ર છે. ત્રીજી ટિકિટ, અમેરિકન નૌકાસેનાપતિ પેરીએ ઈ. ૧૮૫૩માં જાપાનમાં પહેલવહેલો પ્રવેશ કર્યો તેની શતાબ્દી નિમિત્તે ગઈ ૧૪મી જુલાઇએ બહાર પડેલી તે છે. સૌથી છેલ્લે, ગઇ ૧૩મી ઑક્ટોબરે 'અમેરિકાના ભાવિ ખેડૂતો' નામના એક વિશિષ્ટ મંડળની રજતજયંતી નિમિત્તે બહાર પડેલી ટિકિટ છે.

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા

દિવાળીની ફલશ્રુતિ

દિવાળી આવી અને ગઈ. આપણે ખાધુંપીધું, હળ્યા મળ્યા, ફર્યાહર્યાં, અભિનંદન લીધાંદીધાં, શુભેચ્છાના કાગળો વાંચ્યા, આગલા દિવસની ખોટી તારીખ નાખી તેના જવાબ વાળ્યા, દિવાળી અંકો 'જોયા', એકદો કો'કને ત્યાંથી તફડાવી પણ લાવ્યા, બબડતાં બબડતાં બોણીઓ આપી, મફત કૅલેન્ડર મેળવ્યાં. મફત ડાયરી ન મળી ત્યારે બે'ક નિસાસા નાખ્યા, બાળકોને ફટાકડા ફોડાવવાને બહાને જાતે ફટાકડા ફોડ્યા, દેવનાં દર્શન કર્યાં, મુહૂર્તના સોદા કર્યા, ન પળાય એવા સંકલ્પો કર્યા ને અંતે હતા એવા કોરાધાકોર રહીને ધંધે વળગ્યા.

તેમાં યે આશીર્વાદો ને શુભેચ્છાઓનો તો દિવાળીમાં વરસાદ જ વરસે છે. અત્યારે મારા ટેબલ પર અભિનંદનપત્રોનો સારો જેવો ઢગલો પડેલો છે. આપણને ધનધાન્ય, યશકીર્તિ, તંદુરસ્તી, દીર્ઘાયુષ, કુટુંબકબીલાની વૃદ્ધિ, લક્ષ્મીની મહેર, વિષ્ણુની કૃપા, મહાકાળીની અમીદૃષ્ટિ, દત્તાત્રેયની દયા વગેરે વગેરે વગેરે ઈચ્છતા સાલમુબારકના આ સંખ્યાબંધ પત્રોમાં જો મને સૌથી વધુ ગમતી કોઇ ચીજ હોય તો તે એની કાવ્યપંક્તિઓ.

જોકે એનાં ચિત્રો યે કંઈ ઓછાં રસમય નથી હોતાં. દેવદેવીઓ ને નેતાઓનાં ચિત્રોવાળાં અભિનંદનપત્રો મોકલવાની બાબતમાં તો આપણે જબરામઝાના ગોટાળો કરીએ છીએ. પેલું એક સંસ્કૃત સુભાષિત છે ને...

> यस्य कस्य तरोर्मूलं येन केन च मिश्रितम् ।
> यस्मै कस्मै प्रदातव्यं यद्वा तद्वा भविष्यति ॥

એ રીતની આનંદદાયક પ્રવૃત્તિ બેસતા વર્ષે અભિનંદનપત્રો મોકલવામાં અજાણતાં પણ આપણે બરાબરની આચરીએ છીએ!

બાકી, દિવસ આખો પગ તોડતા ઉઘરાણી-કારકુનને કે ટપાલીને એનાં સગાં તરફથી, હવે કદી ઊઠવાનું જ ન હોય એમ નિરાંતે પલાંઠી વાળીને બેઠેલા ગણપતિજીનું ચિત્ર મળે એ તે કંઈ ઠીક કહેવાય? એક ટાલવાળા મિત્રને એક જણે આ દિવાળીએ જટામાં ગંગા ઝીલતા શંકરનું (ગંગાવતરણનું) ચિત્ર અજાણતાં જ મોકલી આપેલું! કવિતા પાછળ ખુવાર થઈ ગએલા કવિને બેસતા વર્ષની ટપાલમાં સરસ્વતીનું ચિત્ર મળે તો તો ઠીક, પણ એને તો મળે છે નિરાંતે શેષનાગની શય્યા પર લક્ષ્મીજી પાસે પગ દબાવાવતા, આરામ કરી રહેલા વિષ્ણુ ભગવાનનું ઈર્ષ્યાપ્રેરક ચિત્ર! કોઈ જનમકુંવારાને શંકરાચાર્યનું ચિત્ર મળવાને બદલે સંખ્યાબંધ ગોપીઓ વચ્ચે રાસ ખેલતા મનમોહન કૃષ્ણનું ચિત્ર ટપાલમાં મળે છે; તો બીજા એક મિત્ર કે જે સરકારમાં પત્તા ન ખાવાથી હવે 'જખ મારી તે જેલમાં ગએલા' કરીને રૂ.આ.પા.ના સંચયના નિષ્ફળ પ્રયાસોમાં ગૂંથાયા છે તેમને ત્યાં ટપાલી, બળતામાં ઘી હોમવા, બેસતા વર્ષે જવાહરલાલ નેહરુ અને રાજેન્દ્રબાબુનાં ચિત્રો નાખી ગયો છે!

એ તો ઠીક છે કે આપણે હાથ આવ્યું તે ચિત્ર ગમે તેને મોકલાવી દઈ મઝાના ગોટાળા કરતા હોવા છતાં યે એ ચિત્રો મેળવનારા એના પર ધ્યાન નથી આપતા, નહિતર તો વિક્રમ સંવતના નવા વર્ષને પહેલે દિવસે પરદુઃખભંજનને બદલે મોટે ભાગે પરદુઃખસર્જન જ થઈ જાય ને?

પણ નવા વર્ષના અભિનંદનપત્રો પરનાં ચિત્રો કરતાં યે એની કવિતાઓ તો કોઈ અદ્‌ભુત ચીજો હોય છે. કવિ કાલિદાસથી માંડીને તે છેલ્લો સંગ્રહ હમણાં કોના બહાર પડ્યો?—હં, પ્રિયકાન્ત મણિયાર સુધીના કવિઓ જાણે જન્મ્યા જ ન હોય એમ એમને બદલે કોઇ અદૃશ્ય અનામી કવિઓ જ, બધા મળીને બસોએક શબ્દો જુદીજુદી રીતે ગોઠવીને અભિનંદનપત્રો પરની આ કાવ્યપંક્તિઓ રચે છે. કલમ ઉપાડતાં પહેલાં ગીતા પર હાથ મૂકીને એ લોકો પ્રતિજ્ઞા લે છે કે 'આ બસો ઉપરાંતના બીજા કોઈ પણ શબ્દો અમે આ કાવ્યોમાં વાપરીએ તો અમને ભગવાન પૂછે!' પ્રભુજી, નૂતન વર્ષ, ઉષા, દીર્ઘાયુષ્ય, કલ્યાણ, મંગલ, સુખાકારી, ભરજો, હરજો, વરજો, કરજો, ગરજો, મરજો, (ના—ના, 'મરજો' નહિ!) ટૂંકમાં, આવા આવા કુલ સો બસોએક શબ્દોને જ, પત્તાંનાં બાવન પાનાંની જેમ જુદીજુદી રીતે ચીપીને આ કાર્ડ પર લખવામાં આવે છે!

> પ્રભુજી, સૌને શાંતિ દેજો,
> અમારાં સૌએ દુઃખો હરજો,
> હૃદયે સૌને મંગળ ભરજો,
> સુખ-સમુદ્ર સદા યે ગરજો.
>
> એ જ, લિ. અમુકનાં નૂતનવર્ષાભિનંદન

અથવા તો

> અંતર કેરી આશિષ છે કે સાગર જેવી શાંતિ
> નવા વર્ષની ઉષા કેરી હૃદયે વસજો કાંતિ.
>
> એ જ, લિ. તમુકનાં નૂતનવર્ષાભિનંદન

આવી આવી રસઝરતી કાવ્યપંક્તિઓ વાંચીને કૃતકૃત્ય થવાની તક આપણને દિવાળી ટાણે જ મળે છે! આ કવિતાને છંદનું બંધન નથી, અર્થની ગુલામી એ કરતી નથી. ઊર્મિને અને એને બાપે માર્યા વેર છે, વિચાર અને એની વચ્ચે કજે-અર્જુન જેવો પ્રેમ છે, અને છતાં યે વર્ષમાં સૌથી વધુ પ્રચાર પામતી જો કોઈ કવિતા હોય તો તે કાલિદાસ કે ભવભૂતિની નહિ, સુન્દરમ્ કે મેઘાણીની નહિ પણ આ અનામી કવિઓની જ!

સારું છે કે પ્રત્યક્ષ મળતા મિત્રો આપણને આવી કવિતાઓથી અભિનંદતા નથી, ને માત્ર 'સાલ મુબારક'થી જ સંતોષ માને છે. જોકે મારા એક વિદ્વાન દોસ્તે તો આ વખતે બેસતા વર્ષે આવીને મને 'સાલે મુબારક' કહીને ચમકાવી જ દીધેલો.

'સાલે મુબારક! એટલે શું?' મેં પૂછ્યું. મને થયું કે પત્નીના બંધુ હોવાની શુભ ભાવના વ્યક્ત કરતા આપણા પેલા પ્રચલિત સ્વસ્તિવચનનું સંબોધન વિભક્તિ એક વચન તો આ નથીને!

'નહિ જી, આપણે સાલ મુબારક શબ્દ ખોટો વાપરીએ છીએ!' એમણે કહ્યું.

'એમ?'

'હા, જુઓ; સાલ મુબારક કઈ ભાષાનો શબ્દ છે?'

'લાગે છે તો ફારસી જેવો.'

'બરાબર. તો હવે ઉર્દૂ-ફારસીના બીજા શબ્દો જુઓ: ખૂને નાહક, દિલે નાદાન, દર્દે દિલ... એમ સાલ મુબારક શબ્દ પણ મૂળમાં 'સાલે મુબારક' હોય અને પછી અશુદ્ધ રીતે 'સાલ મુબારક' તરીકે ઉચ્ચારાતો હોય એમ નથી લાગતું?'

'લાગે છે ને!' મેં કહ્યું.

'હં; તો આપણે સાલ મુબારક શબ્દ અશુદ્ધ રીતે વાપરીએ છીએ. આપણને અશુદ્ધ શબ્દો વાપરવાની ટેવ જ પડી છે. આપણું ગુલામી

અવાજ વિશે આ તમે જાણતા હતા?

આપણી જિંદગીની એવી એકે પળ નહિ વીતતી હોય જેમાં એક યા બીજા પ્રકારે અવાજ આપણા કાનમાં ન પ્રવેશતા હોય. તેમાં યે શહેરોના ધમાલ અને ધાંધલભર્યા જીવનમાં તો મેદનીના કોલાહલ અને વાહનો, યંત્રો વગેરેના તરેહવાર અવાજો સતત કાને અથડાયા કરે છે. આપણે એ ઘોંઘાટને ટેવાઈ જઈએ છીએ. પણ એ બધા અવાજો આપણી માનસિક શાંતિ અને શારીરિક સ્વાસ્થ્ય પર અસર કર્યા વિના નથી રહેતા એ હકીકત છે. પારીસની પ્રયોગાત્મક સંશોધનને લગતી સંસ્થાએ પ્રયોગો કરીને જુદાજુદા અવાજોની અસર આપણા મન પર કેટલો સમય રહે છે એની લાંબી તારવણી તૈયાર કરી છે. ન્યૂ યૉર્ક શહેરની ન્યૂરોલૉજિકલ ઈન્સ્ટીટ્યૂટના ડૉ. ચાર્લ્સ એ. એલ્સબર્ગે પ્રયોગો દ્વારા એ હકીકત સિદ્ધ કરી છે કે ભારે અવાજ આપણી દૃષ્ટિ પર પણ અસર કરે છે! ભારે અવાજ કરતી મોટરો સામાન્ય કરતાં વધુ મનુષ્યોને અકસ્માતના ભોગ બનાવે છે એ એ તો એક સિદ્ધ હકીકત છે. આજની સંસ્કૃતિ જ ઘોંઘાટપ્રધાન છે એમ કહીએ તો ચાલે. વિમાનથી માંડીને ટાઈપરાઇટર સુધીની કોઈ પણ અદ્યતન શોધ તમે જોઈ જાઓ, ને એ વાતની પ્રતીતિ થશે. આ યુગની તદ્દન નીરવ કોઈ શોધ હોય તો તે માત્ર વીજળીના દીવાની.

અવાજ આપણા કાનને આંદોલનરૂપે અથડાય છે. પાણીમાં પથરો ફેંકતાં જેમ તેનાં આંદોલનો વિસ્તરે છે એમ જ હવામાં અવાજનાં આંદોલનો પ્રસરે છે. એ કાન સાથે અથડાતાં કાનનાં નાજુક ગ્રાહક અંગો એના દબાણનો પૂરો અનુભવ કરી તેની તીવ્રતાની જાણ મગજને કરે છે. આ આંદોલનો એક સેકન્ડમાં લગભગ ૧૧૦૦ ફૂટ જેટલાં વિસ્તરે છે.

જેમ ગરમીનું પ્રમાણ માપવા માટે આપણે અંશ પદ્ધતિ (સેન્ટીગ્રેડ કે ફારનહાઇટ) અખત્યાર કરી છે, તેમ અવાજનું પ્રમાણ માપવા માટે વિજ્ઞાનીઓએ 'ડેસિબેલ' પદ્ધતિ શોધી કાઢી છે. ડેસિબેલ એટલે 'બેલ'નો દશાંશ. બેલ એ અવાજનો એકમ છે અને તે ટેલિફોનના શોધક ઍલેક્ઝાંડર ગ્રાહામ બેલના નામ પરથી આવેલો છે. આજે ગરમીનું પ્રમાણ જાણવા માટે આપણે જેમ ઉષ્ણતામાપક યંત્ર (થર્મોમીટર) વાપરીએ છીએ, તેમ અવાજનું પ્રમાણ જાણવા નજીકના ભવિષ્યમાં આપણે સ્વરપ્રમાણદર્શક યંત્ર ('નૉઈઝ થર્મોમીટર') વાપરતા થઈએ તો નવાઈ નહિ.

નિઃસ્તબ્ધ શાંતિને શૂન્ય ડેસિબેલ ગણીએ તો આપણા હૃદયના સ્પંદનનું સ્વરપ્રમાણ ૧૦ ડેસિબેલ ગણાય. શાંત વગડાનું સ્વરપ્રમાણ ૩૦ ડેસિબેલ હોય છે; જ્યારે સરેરાશ ઘરનું સ્વરપ્રમાણ ૪૦ ડેસિબેલ અને સરેરાશ ઑફિસનું સ્વરપ્રમાણ ૬૦ ડેસિબેલ હોય છે. તોપના ધડાકાના અવાજનું પ્રમાણ ૧૨૦ ડેસિબેલ હોય છે. ૧૩૦ ડેસિબેલ પર માણસની શ્રવણશક્તિની સીમા આવી રહે છે.

કામ કરવાનું સ્થળ જો શાંત અને ઘોંઘાટરહિત હોય તો કામ કરનારની શક્તિનો ઘણો દુર્વ્યય બચી જાય છે. ઘોંઘાટભર્યા વાતાવરણમાં ટાઇપ કરવા બેસનારની શક્તિ ૧૯ ટકા જેટલી વધુ

માનસ સ્વતંત્ર વિચાર કરતું જ નથી. આપણે...'

'આપણે...છે તે કોઈ ફારસી જાણનારને પૂછ્યું હતું?' મેં કહ્યું.

'એમાં શું પૂછવું'તું? કોઈ મળશે તો પૂછીશ. બાકી દલીલ સ્પષ્ટ છે. "સાલે મુબારક" જ થવું જોઇએ.'

મારે એમને કેમ સમજાવવું કે 'ખૂને નાહક' ને 'દિલે નાદાન' તો ષષ્ઠી વિભક્તિવાળા પ્રયોગો છે ને 'સાલ મુબારક'નું એમ ન થાય?

પરંતુ આવો સ્વતંત્ર વિચાર કરનારા આપણે સદ્‌ભાગ્યે બહુ ઓછા હોય છે. ઘણુંખરું તો 'સાલ મુબારક' અને 'નૂતન વર્ષાભિનંદન'થી જ આપણે ચલાવી લઇએ છીએ. આપણે નથી તો કોઈ અભિનંદનીય પરાક્રમો કર્યાં હોતાં કે નથી કરવાના હોતા, તો યે અભિનંદન વરસાવીએ છીએ. એવી જ રીતે સૌએ આપણા પર વરસાવેલી શુભેચ્છાઓ યે ફળતી નથી. જોકે કેટલીક નથી ફળતી એમાં જ મઝા છે. બાકી એક સંબંધી ડૉક્ટરને અનેક દર્દીઓએ 'નવું વર્ષ તમને સમૃદ્ધિ અર્પો' એવી શુભેચ્છા અર્પણ કરેલી તે જો ફળે તો એ દર્દીઓને ભારે પડી જાય એ ચોક્કસ!

અરે, પારકાની આપણા પ્રત્યેની તો શું, પણ આપણી યે આપણા પ્રત્યેની શુભેચ્છાઓ ક્યાં ફળે છે? આત્મ-સુધારણાના આપણા 'બેસતા વર્ષી' સંકલ્પો, નિયમિત સોમવાર કરવાના, નિયમિત નોંધપોથી રાખવાના, હમેશાં વહેલા સૂઈ વહેલા ઊઠવાના, નમ્રતા કેળવવાના કે આત્મશ્રદ્ધા પ્રકટાવવાના, ક્રોધને જીતવાના કે પત્નીને જીતવાના. વૈરાગ્ય કેળવવાના કે 'આ વર્ષે તો હવે પરણી જ જવું'ના, વેઈટલિફ્ટિંગ કરવાના કે સાહેબની શેહમાં નહિ દબાવાના, એવા સૌ સંકલ્પો અંતે સાગરમાં વિલીન થતી નદીઓની માફક પ્રમાદસાગરમાં વિલીન થઈ જાય છે એ તો આપણે ક્યાં નથી જાણતા?

'નથી લાગતું તમને, કે આ બધાનો કશો અર્થ નથી?' એક મિત્ર કહેતા હતા: દિવાળી ને બેસતા વર્ષની ધમાલને અંતે શું રહે છે? એની કશીય અસર રહે છે ખરી? આપણે કેટલા સુધરીએ છીએ? બોણી લીધા પછી ટપાલી વર્ષ આખું સલામ સરખી પણ નથી કરતા; દિવાળીને દહાડે મીઠાઈ ધરનાર મિત્રો પછી ચહાનો યે ભાવ નથી પૂછતા; બેસતા વર્ષે હોંશથી અભિનંદન આપનાર ભાઇને વર્ષના કોઈ વચલા દિવસે રસ્તા વચ્ચે ઊભા રાખી આપણા કોઈ અભિનંદનીય પરાક્રમની મહાકથા સંભળાવવા માંડીએ છીએ તો એ ઘડિયાળ જુએ છે; કૅલેન્ડરો દીવાલે ઊંધાંચત્તાં ઉપયોગ વિના ઝૂલ્યાં કરે છે; અને દિવાળીનું ખાવાનું વરસમાં ફરીથી યે ખાવાનું તો શું જોવાનું યે મન ન થાય એવો પ્રેમ પ્રગટાવી જાય છે! આપણે ય હતા એવા કોરાધાકોર રહી જઇએ છીએ—સાથે આપણું પાકીટ પણ કોરુંધાકોર થઈ જાય છે!

પણ મને લાગે છે કે દિવાળી ને બેસતા વર્ષના પ્રેરણાત્મક વાતાવરણ પછી યે આપણે એવા ને એવા રહી જઇએ છીએ એમાં કશું અસ્વાભાવિક નથી. દિવાળીનો ઉદ્દેશ પણ આ જ લાગે છે: વર્ષો વીતી

ખરચાતી હોવાનું અખતરાથી સાબિત થએલું છે. એથી ઊલટું, અમેરિકાની વેસ્ટર્ન યૂનિયન કંપનીએ પોતાનો ટેલિફોન-રૂમ બિલકુલ શાંત બનાવી દેતાં સંદેશા ઝડપવામાં થતી ભૂલોનું પ્રમાણ ૪૨ ટકા ઘટી ગયું હતું. લૂઈ તામિયા નામના એક ફ્રેન્ચ વિજ્ઞાનીએ એવું એક યંત્ર શોધી કાઢેલું છે જે અવાજને તદ્દન નિઃસ્પંદ બનાવી દઈ કાનને પહોંચતો અટકાવે છે. ફ્રેન્ચ લશ્કરે એના પ્રયોગ પણ કરી જોયા છે. એ યંત્ર લગાડીને ભારે તોપ ફોડવામાં આવી, છતાં હાજર રહેનારાઓએ પગ નીચેની જમીનની ધ્રુજારી માત્ર અનુભવી;–ધડાકાનો કશો અવાજ એમને ન સંભળાયો!

અવાજ માનસિક શાંતિમાં વિક્ષેપ કર્તા હોઇને ચિંતનપ્રધાન પ્રકૃતિના લોકો એથી બને તેટલા દૂર રહેવા પ્રયાસ કરતા આવ્યા છે. પશ્ચિમના કૅન્ટ, સ્પિનૉઝા, ગટે, ઝોલા, વોલતેર વગેરે ચિંતકો તો ઘોંઘાટથી માત્ર માનસિક નહિ પણ શારીરિક અસ્વસ્થતા પણ અનુભવતા. નેપોલિયનને તો દરવાજા ઉઘાડવાસ થતાં નીપજતા કર્કશ અવાજ પ્રત્યે એટલી ચીડ હતી કે પોતાના મહેલના દરેક દરવાજે ત્રણ તેલ પૂરનારા ('ઑઇલર') રાખ્યા હતા; ને 'વીર તથા વીરપૂજા'ના લેખક ટૉમસ કાર્લાઇલને તો પરોઢે કૂકડાના સ્વર પણ એટલો કર્કશ લાગતો કે એકવાર તો તેણે પોતાના નોકરને ગામના બધા કૂકડા ખરીદી લેવા જણાવેલું!

પ્રથમ કહ્યું તેમ આપણી દર્શનશક્તિ અને શ્રવણશક્તિને અમુક સંબંધ રહેલો છે. આપણે કોઈ ખૂબ ધીમો સ્વર સાંભળવો હોય તો આપણે આંખો બીડી રાખીએ છીએ એ એનો પ્રત્યક્ષ પુરાવો છે.

વાહનવ્યવહારથી ઊપજતા ઘોંઘાટ પ્રત્યે પણ હવે લક્ષ જવા માંડ્યું છે અને વિમાનો, મોટરો વગેરેનાં એન્જિનો એવાં બનવા માંડ્યાં છે કે જે બને તેટલો ઓછો અવાજ કરે. વૃક્ષો ઘણો અવાજ શોષી લેતાં હોઇને સોવિયેટ કાઉન્સિલે તો ભારે વાહનવ્યવહાર ધરાવતા તમામ માર્ગો પર વૃક્ષો રોપવાનું રશિયાના દરેક શહેરને ફરમાન કરેલું છે.

એક સાથે બે કે એથી વધુ અવાજ થાય તેથી અવાજના પ્રમાણમાં બહુ વધારો નથી થતો. દાખલા તરીકે બે એન્જિનોની સીટી એકસાથે વાગે એટલે અવાજનું પ્રમાણ કંઈ બેવડું નથી થતું. બીજા એન્જિનની સીટીથી બહુબહુ તો પાંચ ટકા અવાજનું પ્રમાણ વધે.



યંત્રોના ટકટકાટ કે ઘણઘણાટ વચ્ચે કામ કરનારાઓનાં શરીર ને મન પર તો અસર થાય જ છે, પરંતુ સૌથી વધુ તો તેમની શ્રવણશક્તિ પર થાય છે. જેમ વધુ ઘણઘણાટ તેમ શ્રવણશક્તિ વધુ બધિર બને છે. મહાયુદ્ધ વખતે અમેરિકન સૈન્યની તપાસ દરમિયાન બહેરા સૈનિકોનો મોટો ભાગ કારખાનાંમાં કામ કરનારાઓનો જણાયો હતો. ઔદ્યોગિક ઇજનેરોએ કારખાનાંમાં યંત્રોનો ઘોંઘાટ ઘટાડવાથી અકસ્માતોનું પ્રમાણ પણ ઘટ્યું હોવાના દાખલા છે.

અશ્રાવ્ય હદે તીવ્ર એવાં અવાજનાં આંદોલનોનો ઉપયોગ અત્યારે રોગજંતુઓનો નાશ કરવા, લોહીનું પરિભ્રમણ વધારવા વગેરેમાં થઈ રહ્યો છે; પરંતુ ભવિષ્યમાં એ આંદોલનોનો ઉપયોગ કપડાં ધોવા માટે અને એથી યે આગળ વધીને નહાવા માટે—એટલે કે આપણા શરીરને 'ડ્રાઇ ક્લીનિંગ'થી સ્વચ્છ કરવા માટે થઈ શકશે એવી વિજ્ઞાનીઓની આગાહી છે!

જાય છે એના ભાનથી વૈરાગી બની જઈ હિમાલય ચાલ્યા જતા આપણને અટકાવી, હતા તેવા જ રાખવાનો! વર્ષ જેવું વર્ષ વીતી જાય, નાનકડા આપણા આયુષ્યનું એક વરસ વહી જાય એ ભાનથી આપણને દુઃખ થાય એ સ્વાભાવિક છે. પણ વરઘોડામાં જેમ નગારાં વગાડી વરરાજાને તેના આગામી પગલા વિષે વિચાર કરતો અટકાવી દેવામાં આવે છે, ખિસ્સાંકાતરુ જેમ આપણું ધ્યાન ટ્રેનની બારી બહારના સરસ દૃશ્ય તરફ ખેંચી પોતાનું શ્રેય સાધી લે છે, અથવા બાળક આગળ ઘૂઘરો વગાડી એની ચંપાએલી આંગળીનું દુઃખ ભુલાવવા પ્રયત્ન કરાય છે, એમ કદાચ દિવાળીનું ઉલ્લાસમય સામાજિક વાતાવરણ પણ આપણને વર્ષો વીતી જાય છે એટલે આપણે હરિભક્તિ કરતા થઈ જવું જોઇએ એવા વિચારોમાં ડૂબી જતા અટકાવવા જ યોજાયું હશે–એથી વધુ કશા માટે નહીં!

દિવાળી વીતી ગયા પછી રસ્તા પર વેરાએલી ફૂટેલા ફટાકડાની કાગળ-કરચો કે ઓશીકા તરીકે વપરાતા દિવાળી અંકો આપણને વરસ પર વરસ વીતી જાય છે એવા વૈરાગ્યદાયી વિચાર પ્રગટાવે છે,–પણ એ ભાન થાય છે ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે–શોક કરવાનો વખત રહ્યો નથી હોતો, કારણ આપણું ચડેલું કામ આપણને પ્રવૃત્તિમયતામાં ઘસડી જતું હોય છે, અણીનું ટાણું ચૂકી જવાયું હોય છે અને આપણને બેધ્યાનમાં ઉલ્લુ બનાવી ગએલી ગયા વર્ષની દિવાળી, આવતા વર્ષે આપણને એમ જ ઉલ્લુ બનાવવાનું નવા વર્ષની દિવાળીને સોંપીને, હસતીહસતી ચાલી જાય છે: આપણને હતા એવા ને એવા રાખીને!

મા: કનુ, નાના ભાઈને કેમ રડાવે છે?

કનુ: જુઓને બા, એ કંઈ શીખતો જ નથી. હું તેને કેરી કેમ ચૂસાય તે ચૂસી બતાવું છું અને એ ધ્યાન દઈ શીખવાને બદલે રડે છે.

∞

'બા, જે કામ કરવાથી માર ખાવો પડે તે કામ કરવું કે નહિ?'

'ના કદી ન કરવું જોઇએ!'

'તો, બા હવેથી હું નહિ ભણું. ભણવા જઉં છું ત્યાં માસ્તર મારે છે!

∞

સરકસે 'સાઈડ-શો' તરીકે અજાયબ ચીજોનું એક પ્રદર્શન બતાવ્યું. તેમાં એક ખોપરી હતી, જેને પ્રદર્શક તે ક્રૉમવેલની હોવાનું કહેતો હતો.

એક પ્રેક્ષકે શંકા કરી કે 'ક્રૉમવેલનું માથું તો મોટું હતું, અને આ ખોપરી તો નાની છે.'

પણ પ્રદર્શક આવા સવાલ માટે તૈયાર જ હતો. તેણે કહ્યું, 'બરાબર છે; પણ આ ખોપરી તો ક્રૉમવેલ નાનો હતો ત્યારની છે.'

∞

અકસ્માત કરી પોતાનો પગ ભાંગી નાખવા બદલ એક મોટરના માલિક પર એક જણે ફરિયાદ માંડી પાંચ હજારની નુકસાની માગી.

'પાંચ હજાર રૂપિયા!' પેલો બોલી ઊઠયો, 'હું કંઈ લાખોપતિ નથી.'

'તમે લાખોપતિ નહિ હો, તો સાહેબ, હું યે કંઈ કાનખજૂરો નથી.'

જોડાસાંકોર ઘારે
૨૨મો હપતો

શિક્ષક-જીવનનો પ્રારંભ

કલાચાર્ય અવનીબાબુની આત્મકથાનો હપતો : જેમાં નંદલાલ વસુ વિદ્યાર્થી તરીકે આવે છે

રાણી ચંદના મૂળ બંગાળી ઉપરથી અનુવાદક · **રમણિક મેઘાણી**

ત્યારે ક્લત્તામાં પ્લેગ ફાટી નીકળેલો. ચારેકોર એનું જોર. ઘેરઘેર ખાટલા. કુટુંબોનાં કુટુંબો સાફ થઈ જતાં. રવિકાકા ને અમે આ ઘરનાં સૌએ મળી ફાળો ઉઘરાવી પ્લેગની હૉસ્પિતાલ ખોલી હતી. ઘેરઘેર ફરીને દવા વહેંચતા. રવિકાકા ને સિસ્ટર નિવેદિતા શેરીએ શેરીએ તપાસ માટે જતાં. નર્સ દાક્તર વગેરેની બધી ગોઠવણ કરેલી. એ પ્લેગ મારા મનમાં પણ અસર કરી ગયો. ચીતરવાનું ઓછું કરી હું ગાવા-બજાવવા તરફ વળ્યો. ચારે બાજુ જ્યારે પ્લેગે હાહાકાર મચાવી દીધો હતો ત્યારે હું બેઠો બેઠો વિવિધ વાજિંત્રો બજાવ્યા કરતો ! થવા કાળ હશે, તે પ્લેગ અમારે ત્યાં મારા જ ઘરમાં પ્રવેશ્યો અને મારી નાની દીકરીને ઉપાડી ગયો ! ફૂલ જેવી મારી એ દીકરી મારી બહુ લાડીલી હતી. બા કહેતાં કે અવનની આ છોકરી જ સૌથી સુંદર છે. નવ-દસ વરસની દીકરી ટપ કરતીક ઘરમાંથી સદાને માટે ચાલી ગઇ. મારું હૈયું ભાંગી પડ્યું. મન કેમે કર્યું શાંત ન થાય. આખરે અમે ચૌરંગી બાજુના એક મકાનમાં સ્થળાંતર માટે જતાં રહ્યાં. ત્યાં નાનો એવો એક પોપટ ખરીદ્યો. એને ચણા ને સાથવો ખવડાવું. મારી પત્ની પણ એને ખવડાવતી. અમે એને બોલી શિખવાડતાં. એ નાનું પંખી બાળ- દુઃખ ભુલાવવામાં અમારું સાથી થયું. એનું નામ પાડેલું 'ચંચુ.' માનો ખોળો તજીને એ અમારે ત્યાં ખાલી ખોળે આવ્યું હતું.

એ દિવસોમાં પતંગ ચગાવવાની ધૂન જાગેલી. બાજુના મકાનમાં રહેતી મિસિસ હાવર કરીને એક બુઢ્ઢી યહૂદી મેમસાહેબ સાથે મારે ઓળખાણ થઈ. એ ભલાં ડોશીમા મારું બહુ ધ્યાન રાખતાં. વિવિધ વાનીઓ બનાવી મને એનો આસ્વાદ કરાવતાં. એને એક સુંદર મઝાનો બગીચો હતો. બકરાંના ત્રાસથી બચવા એના ફરતી પહાડ જેવી મોટી વાડ કરી હતી. બા સાથે એને બહુ વાતો થતી. અવારનવાર મારા માટે સરસ સુગંધી તમાકુ પણ મોકલાવે. આ રીતે ત્યાં મારા દિવસો વીતતા હતા. એવામાં એક દિવસ ભાભુએ આવીને કહ્યું કે 'તારે આર્ટ સ્કૂલમાં જવું પડશે. હૅવેલ તને પ્રિન્સિપાલ બનાવવા ઈચ્છે છે.' પરંતુ એ વખતે મારી મનોદશા ઓછી કંઇ કામ કરવા જેવી હતી?



ભારતીય ઢબે ચિત્રકળાનું નવોત્થાન શરૂ કર્યું તે સમયનો અવનીન્દ્રનાથનો પ્રથમ શિષ્ય-સમૂહ. એમાં પાછલી હારમાં ડાબેથી બીજા, ગણેશની મૂર્તિ પાસે અવનીબાબુ બેઠેલા છે, અને મૂર્તિની જોડાજોડ જમણી તરફ ઉઘાડે માથે નંદલાલ વસુ બેઠેલા છે.

મેં સાહેબને મારા મનની વાત કરી. એ અમારા વડીલ જેવા હતા. એમણે કહ્યું, 'તું કરે છે શું? You do your work. Your work is your only medicine. તું તારું કામ કર્યે જા, તારું કામ જ તારી એકમાત્ર દવા છે.' હું એમને સદા યે વડીલ તરીકે આદર આપતો આવ્યો હતો; એમની ભક્તિ કરતો આવ્યો હતો. પરંતુ ઓછું એ તદ્દન સ્વેચ્છાએ કરતો ! એ પણ મને સદાયે collaborator—સહકર્મી ગણીને માનથી, આદરપૂર્વક બોલાવતા. ક્યારેક ક્યારેક મને ચેલો પણ કહેતા. મારા પર એમને પોતાના નાના ભાઈ જેવું હેત હતું. મને નંદલાલ ઉપર હેત છે તેથી વધુ હેત એમને મારા ઉપર હતું.

એ તો કહી ગયા. પણ હું નોકરી કરીશ ખરો? ત્યાં સમયસર હાજરી આપવી પડશે; જ્યારે અહીં તો દિવસમાં સાત વાર તમાકુ ખાવાની ટેવ. વળી શરીર પણ જરાક કથળેલું. મેં કહ્યું, 'ભાભુ, એ મારાથી નહિ બને. તમે ઠીક પડે તે રીતે સમજાવજો સાહેબને.' પણ સાહેબ હતો અંગ્રેજ બચ્ચો. એમ છોડે તેમ નહોતો. એણે કહેવડાવ્યું કે 'તમારા દીકરાની બધી જ જવાબદારી મારા ઉપર. તમાકુ એ ફાવે એટલી ખાઈ શકશે. એની તબિયત હું સારી કરી આપીશ. સુખ-સગવડમાં એને વાંધો નહિ આવે. એના બપોરના ભોજનની ચિન્તા મારા ઉપર.' કેમે કર્યો મને છોડ્યો નહિ. આખરે 'હા' પાડવી જ પડી. પણ વળી ચિન્તા ઊભી થઇ કે હું ત્યાં જઇને શીખવીશ શું? અને હું પોતે પણ શું જાણું છું? સાહેબ કહે કે 'એ જોવાનું કામ મારું છે. તું એની ચિંતા ન કરતો. તું ફક્ત તારું કામ કર્યે જજે. મહિને તારે કેટલા રૂપિયા જોઈએ એ કહે.' મેં કહ્યું, 'એ હું શું જાણું? જ્યારે બધું જ તમારે જોવાનું છે તો એ વાત પણ તમારે જ વિચારવાની. શું દેવું, શું ન દેવું, એ તમારી મરજીની વાત છે. મારે કંઈ નથી જોઇતું.' સાહેબે કહ્યું, 'વારુ, તને હું વાઈસ પ્રિન્સિપાલ બનાવું છું. માસિક ત્રણસો રૂપિયા તને મળશે.'

સવારે થોડું થોડું ખાઇને જવું શરૂ કરી દીધું. પહેલે દિવસે ઑફિસમાં પ્રવેશતાં જ ઉત્સાહ ઓસરી ગયો. ઑફિસકામ જેવું કંઇ તો હું જાણતો જ નહિ. સાહેબ કહે કે 'તને કોણ એ બધું કરવા કહે છે? એને માટે તો હેડમાસ્તર ને હેડક્લાર્ક વગેરે છે. ઑફિસનું કામ એ બધા સંભાળશે. તું તારું કામ કર્યે જા.' અને પછી, 'ચાલ, તને આર્ટ ગૅલેરી બતાવી દઉં' કહી એ મને આર્ટ ગૅલેરી બતાવવા લઇ ચાલ્યા. આગળપાછળ પટાવાળા મોટા એવા એક હાથપંખા વડે પવન ઢોળતા ચાલતા હતા. વચ્ચે હું અને સાહેબ. શાહી ઢબે હું જતો હતો બડા સાહેબની આર્ટ ગૅલેરી જોવા. ત્યાં જઇને સાહેબે પટાવાળાને કહ્યું, 'આનો પડદો ખસેડો.' બહુ મોટી આર્ટ ગૅલેરી જોઇ ન હોય તો ! કે એમાં પાછો પડદો ખસેડવાનો! આજે એ વિચારતાં હસવું આવે છે. મુઘલ પદ્ધતિનાં બેત્રણ ચિત્રો અને એકબે ઈરાની ચિત્રો. આ ચાર પાંચ ચિત્રોની હતી ત્યારે એ આર્ટ ગૅલેરી! પડદો દૂર થયો ને જોયું તો એક બગલાનું ચિત્ર : નાનકડું જ. હું ધ્યાનપૂર્વક એ જોતો હતો. સાહેબ છાતીએ હાથ મૂકી પાછળ ઊભા હતા. મારા હાથમાં એક અગ્નિગ્લાસ આપતાં

એમણે કહ્યું કે 'આ લે. આના વડે જો.'

ત્યારથી એને હું કદી વેગળો ન મૂકતો. લાંબા સમય સુધી એ મારા જભ્ભાના ખિસ્સામાં જ ફરતો રહેતો. નંદલાલને હું કહેતો કે એ તો મારો 'દિવ્યચક્ષુ' છે. એ કાચ આંખ પાસે રાખી હું પેલું ચિત્ર જોવા લાગ્યો— અને જોઈ જ રહ્યો. એ કોઈ સામાન્ય નાના બગલાનું ચિત્ર નહોતું. એમાં તો એક મોટા રાક્ષસી બગલાને બેસાડી દેવામાં આવ્યો હતો. કાચ વાટે જોતાં એના પ્રત્યેક પીછામાં કંઈ અજબ કારીગરી દેખાઈ. પગ પાસે ખરબચડું ચામડું, અણીદાર નખ, ઝીણાંઝીણાં પીછાં. શું જોઉં ને શું ન જોઉં! હું તો અવાક્ થઈ ગયો. મોંમાં શબ્દ ન આવે. મારી પાછળ સાહેબ એમ ને એમ છાતીએ હાથ મૂકી ઊભાઊભા મારી એ સ્થિતિ જોઇ આછું-આછું હસે છે. જાણે એ જાણતા જ હતા કે આ કાચ વાટે એ છબિ જોતાં મારી સ્થિતિ આવી જ થવાની. તે પછી બીજાં ત્રણચાર ચિત્રો જોયાં. બધાંમાં એ એક જ વાત. મારું માથું ફરી ગયું. ત્યારે તો, આપણી કળામાં પણ આવું જ છે?! નાહકનો આજ સુધી ચિંતામાં મરતો હતો.

જૂનાં ચિત્રોમાં હું ઐશ્વર્ય અપરંપાર જોતો. સોનું રૂપું પણ અઢળક વેર્યું હોય છે એમાં. પરંતુ એક ચીજનો એમાં અભાવ જણાતો, અને તે ભાવ. બધું જ ઐશ્વર્યથી ભરી દીધું છે. ક્યાંય જરા જેટલી યે કંજુસાઈ દાખવી દેખાતી નથી. છતાં ભાવ એમાં લાવી શકાયો નથી. માનવી ચીતરતાં સૌએ શણગાર કરીને જાણે પૂતળાં બેસાડી આપ્યાં છે. મેં જોયું કે હવે મારો વારો છે. ઐશ્વર્ય મળ્યું છે, કઈ રીતે એને વાપરવું એ જાણ્યું છે, હવે ચિત્રમાં ભાવ જગાડવો પડશે.

ઘેર આવીને ચીતરવા બેસી ગયો. ને ચીતર્યું 'શાહજહાંનું મૃત્યુ.'

એ ચિત્ર એટલું બધું સુંદર થયું હતું તે ઓછું આપમેળે? પુત્રીના મૃત્યુની જે કંઈ વેદના હૈયામાં ભરી હતી તે બધી જ એ ચિત્રમાં રેડી દીધી હતી. 'મૃત્યુની રાહ જોતા શાહજહાં'માં મારા હૈયામાં હતી તેટલી બધી જ વ્યથા મેં ઠાલવી દીધી. દિલ્હીમાં જ્યારે દરબાર ભરાયો ને મોટા મોટા તથા જૂના અને જાણીતા ચિત્રકારોનાં ચિત્રોનું પ્રદર્શન ત્યાં ભરાયું ત્યારે હૅવેલ સાહેબે મારાં એ ચિત્રો તથા 'તાજ નિર્માણ'નું ચિત્ર દિલ્હી દરબારમાં મોકલી આપ્યાં. મને એક મોટો એવો રૂપાનો ચાંદ મળ્યો. વજનમાં એ ઠીકઠીક ભારે હતો. તે પછી યોગેશે એ જ ચિત્રો કૉંગ્રેસ ઇન્ડસ્ટ્રિયલ એક્ઝિબિશનમાં મોકલ્યાં. ત્યાંથી એક સુવર્ણચન્દ્રક મળ્યો હતો. આ ત્રણચારચન્દ્રકો મને મળ્યા છે, પણ મેં એકદી પહેર્યા નથી.


કૈકેયી અને મંથરા : નંદલાલ વસુ કૃત જે ચિત્રનો ઉલ્લેખ આ લેખમાં આવે છે તે.

'શાહજહાં' ચિત્રની વાત મૂકો. પેલા 'પદ્માવતી'ના ચિત્રની વાત કરું. હૅવેલ સાહેબે એ પદ્માવતી અને 'વૈતાલ પચીસી'નાં ત્રણચાર ચિત્રો સ્કૂલના પ્રદર્શનમાં મૂક્યાં. 'પદ્માવતી' ચિત્રની કિંમત શી રાખવી? સાહેબે એની કિંમત એંશી રૂપિયા મૂકી. લૉર્ડ કર્ઝન પ્રદર્શન જોવા આવ્યા. એમણે 'પદ્માવતી' ચિત્ર પસંદ કર્યું ને કહે કે 'કિંમત થોડી ઓછી કરી આપો.' સાઠ રૂપિયા જેવી કંઈક રકમ દેવા એણે ઈચ્છા દર્શાવી. મેં કહ્યું, 'સાહેબ, આપી દો. રૂપિયા-પૈસા કંઈ મારે જોઈતા નથી. લૉર્ડ કર્ઝને માગ્યું છે એ જ ઘણી કિંમત છે.' સાહેબ કહે કે 'તું ચૂપ રહે, જે કહેવા-સમજવાનું હશે તે હું સમજીશ.' આમ કહી લૉર્ડ કર્ઝનને બધી વાત સમજાવી. પણ ન તો ચિત્રની કિંમત ઓછી કરી, કે ન તો લૉર્ડ કર્ઝનને આપ્યું. મેં છેલ્લે શું કર્યું, કહું? મેં એ 'પદ્માવતી'નું અને બીજાં બેત્રણ ચિત્રો જે હતાં તે હૅવેલ સાહેબને ભળાવતાં કહ્યું કે 'આ

લો સાહેબ, તમારી ગુરુદક્ષિણા; આ હું તમને ભેટ આપું છું.' સાહેબે આનંદપૂર્વક એ સ્વીકારતાં કહ્યું કે 'આ ચિત્રો હું ગૅલેરીમાં મુકાવીશ.'

હવે મારા શિક્ષકજીવનના પ્રારંભકાળની વાત કહું. સાહેબે તો મને એમની સ્કૂલમાં લઈ જઈને મૂકી દીધો. સુરેન ગાંગુલી થયો મારો પહેલો વિદ્યાર્થી. સુરેનને સાહેબે વણાટકામ શીખવા બનારસ મોકલ્યો હતો. તેને ત્યાંથી પાછો બોલાવી મને કહ્યું કે 'તું તારો વર્ગ શરૂ કરી દે.' અને સુરેન તથા બીજા બેચાર વિદ્યાર્થીઓને લઇને મેં મારા કામનો પ્રારંભ કરી દીધો. એ પછી થોડા સમયે સત્યેન બટબેલ નામનો એક એન્ગ્રેવિંગનો વિદ્યાર્થી એક છોકરાને લઇને આવ્યો. કહે કે 'આને તમારે વર્ગમાં લેવો પડશે.' ત્યારે તો હું માસ્તર હતો ને? એટલે ગંભીરતાથી આંખો ઊંચી કરી જોયું. જોયો એક શ્યામવર્ણો, બેઠી દડીનો છોકરો. મેં પૂછ્યું, 'કંઈ વાંચતાંલખતાં શીખ્યો છે?' તો કહે કે 'એફ. વાઈ. એ. સુધી ભણ્યો છું.' મેં કહ્યું, 'જોઉં તારા હાથનું કામ.' એણે એક ચિત્ર બતાવ્યું. એક છોકરી; બાજુમાં હરણ ને વેલપાંદડાં. શકુન્તલા ચીતરી હતી. આ આજકાલના છોકરાઓ જેવી જ મોટાઈ હતી એમાં. મેં કહ્યું, 'આ નહિ ચાલે; કાલે સિદ્ધિદાતા ગણેશનું એક ચિત્ર ચીતરી લાવજે.'

વળતે દિવસે એ આવ્યો, એક લાકડી પર ધજા બેસાડીને એમાં સિદ્ધિદાતા ગણેશનું ચિત્ર ચીતરીને. સવારના સૂરજના વાતાવરણ સાથે સરસ ચિત્ર કર્યું હતું. મેં કહ્યું, 'શાબાશ!' એની સાથે એના સસરા હતા. મઝાનો ચહેરો હતો એમનો. એમણે કહ્યું કે 'આ છોકરાને તમારા હાથમાં સોંપું છું.' મેં એમને કહ્યું કે 'વધુ અભ્યાસ કરત તો સારો ધંધોપાણી કરી શકત.' છોકરાએ જવાબ આપ્યો કે 'અભ્યાસ કરું તો યે ત્રીસ રૂપરડીથી વધુ તો કમાણી થવાની નથી. આમાં હું એ કરતાં વધુ મેળવી શકીશ.' મેં કહ્યું, 'તો મને વાંધો નથી.' ત્યારથી એ નંદલાલ મારી પાસે રહી ગયો. એ રીતે એક તરફ સુરેન ગાંગુલી, એક તરફ નંદલાલ વસુ અને વચ્ચે હું, એમ મેં કામ શરૂ કરી દીધું.

હવે એક પંડિત આવી ભળ્યા. કહે કે 'નોકરી જોઇએ છે.' મેં કહ્યું, 'સારું, લાગી જાઓ. રોજ અમને મહાભારત ને રામાયણ વાંચી સંભળાવજો.' એ અમારા બાળપણના પંડિત-મોશાય રજની પંડિત હતા. એ રોજ આવીને રામાયણ-મહાભારત વાંચી સંભળાવતા, અને હું એ સાંભળી પ્રસંગો ચૂંટી લઇને ચિત્રો ચીતરતો.

નંદલાલે પૂછ્યું, 'શું ચીતરું?' મેં કહ્યું, 'કર્ણની સૂર્યપ્રાર્થના ચીતર.' એ ચીતરવા હું મથ્યો હતો પણ બરાબર ફાવ્યો નહોતો. નંદલાલ એ ચીતરી લાવ્યો. મેં એને બેત્રણ 'વૉશ' દઈ એક બાજુ મૂકી દીધું. ચિત્ર હાથમાં લઈ ભૂલ બતાવી બતાવીને મેં એને ક્યારે ય શીખવ્યું નથી. એ ચીતરીને લઈ આવે, હું એને થોડાક 'વૉશ' આપી જરા મુલાયમ કરી દઉં, અથવા ક્યારેક નહિ જેવા 'ટચ' આપી દઉં: જે રીતે ફૂલ ઉપર સૂર્યનો પ્રકાશ હાથ ફેરવી દે છે તેમ. જોકે બરાબર સૂર્ય નહિ. હું ક્યાં રવિ હતો? વિવિધ રંગની માટીનો જ પ્રલેપ દેતો.

ત્યારે અમારું ચીતરવાનું ઝડપથી ચાલ્યું હતું. નંદલાલે 'સૂર્યપ્રાર્થના' ચીતર્યું તો બીજી બાજુ સુરેને 'રામચંદ્રનો સાગરવિજય' ચીતર્યું: આ કાંઠે ધનુષટંકાર કરતા રામચંદ્ર ધનુષની પણછ ખેંચીને ઊભા છે. નંદલાલ ચીતરી લાવ્યો એક યુવતીનું ચિત્ર. સુડોળ બાંધો ને સુસજ્જિત વસ્ત્રો આદિ. મરોડદાર આંખો ને ભ્રમર. મેં કહ્યું: 'આ તો કૈકેયી થઈ; પાછળ મંથરા દાસીને ચીતરી નાખ.' ને થઈ ગયું કૈકેયી-મંથરાનું ચિત્ર. ચિત્રો ઉપર ચિત્રો ચીતરાવા લાગ્યાં. ચારે બાજુ ત્યારે વાત પ્રસરી ગઈ. ઓરીએન્ટલ આર્ટ સોસાયટી ઊઘડી ગઈ. હોહા મચી ગઈ. 'ઇન્ડિયન આર્ટ' શબ્દ સૌ પ્રથમ ત્યારે શબ્દકોશ મૂકીને લોકજીભે આવ્યો.

હું પોતે જ્યારે ચીતરતો હોઉં ત્યારે કોઇને ઘરમાં પ્રવેશવા દેતો નહિ. અવારનવાર હૅવેલ સાહેબ નીરવ પગલે અંદર આવતા અને પાછળ ઊભાઊભા ચૂપચાપ શું થાય છે એ જોઈ જતા. હું ખુરશી પરથી ઊભો થાઉં તો એ મને ધમકાવતા. મારા વર્ગમાં પણ એ જ નિયમ રાખ્યો હતો. બારણા પર લખેલું રહેતું કે 'તાજિમ માફ.'

વિદ્યાર્થીને તેના ચિત્ર વિશે માસ્તરે કંઈક કહેવું પડે છે. પણ ક્યારેક ક્યારેક એ મોટી આફત બની જાય છે. અને એમાં માસ્તરની જવાબદારી પણ કંઈ ઓછી છે? એક વારની વાત કહું. નંદલાલે 'ઉમાની તપસ્યા' નામનું એક મોટું ચિત્ર ચીતર્યું. પહાડ ઉપર ઊભી ઊભી ઉમા શિવ માટે તપ કરે છે. એની પાછળ માથા ઉપર પાતળી એવી ચંદ્રની રેખા છે. એ ચિત્રમાં રંગ જેવું વિશેષ કંઈ જ નહોતું. આખા ચિત્રમાં સહેજ-સાજ ગેરુઆ રંગનો આભાસ હતો. મેં કહ્યું, 'નંદલાલ, આ ચિત્રમાં થોડોક પણ રંગ ન મૂક્યો! એની તરફ જોતાં હૈયામાં કંઈ થઈ જાય છે. વધુ નહિ તો ઉમાને જરા શણગારી દે. એના કપાળમાં થોડુંક ચંદન બંદન લગાવ. ઓછામાં ઓછું એક જવા-ફૂલ.' ઘેર આવ્યો, પણ રાત્રે ઊંઘ ન આવી. માથામાં રહીરહીને પ્રશ્ન થવા લાગ્યો કે મેં શા માટે આ બધું નંદલાલને કહ્યું? કદાચ એણે ઉમાને મારી જેમ નહિ જોઈ હોય. એણે કદાચ ઉમાનું એ રૂપ જ જોયું હશે, જેમાં ઉમા પથ્થર જેવી દૃઢ જ છે, ને તપ કરતાં કરતાં એનાં રંગ, રૂપ, રસ બધાં ચાલ્યાં ગયાં છે. એથી જ તો 'ઉમાનું તપ' જોતાં હૈયું ફાટી જાય એ સહજ છે. પછી એ ચંદન લગાવે કઈ રીતે? ઊંઘી ન શક્યો. સવાર ક્યારે પડે એની રાહમાં તરફડિયાં મારતો હતો. સવાર થતાં જ દોડ્યો નંદલાલને ત્યાં. ડર હતો કે એણે મારી વાત સાંભળી કદાચ રાત્રે જ એના પર હાથ ચલાવ્યો હશે તો? જઇને જોયું તો નંદલાલ ચિત્રની સામે બેસી એના પર રંગ-પીંછી ફેરવતાં પહેલાં વિચારી રહ્યો છે.

મેં કહ્યું, 'શું કરે છે, નંદલાલ? થોભ! થોભ! હું કેવી ભૂલ કરી બેસત! તારી ઉમા બરાબર જ છે. હવે એના પર વધુ હાથ ચલાવવાની જરૂર નથી.'

નંદલાલે કહ્યું, 'તમે કહી ગયા કે ઉમાને શણગાર. રાત આખી મેં પણ એનો જ વિચાર કર્યો; અત્યારે પણ વિચારતો હતો કે એના પર વધુ કામ કરું કે નહિ?'... કેવો સર્વનાશ કરી બેસત, કહો તો! એમાં જરા જેટલી વાર લાગત તો આવું સરસ ચિત્ર નાશ પામત ને? ત્યારથી બહુ ચેતી ગયો છું અને સમજી ગયો છું કે ચિત્ર તો સહુનું નિજનિજનું સર્જન છે. એમાં ઉપદેશ દેનારાં બીજાં આપણે કોણ?

જ્યારે આપણી ભારતીય કળાની ચર્ચા આગળ વધવા લાગી ત્યારે વિચાર્યું કે ફક્ત ચિત્રોમાં જ નહિ, બધી દિશામાં આ વાત વિચારવા જેવી છે. એટલે પછી ઘરના સરસામાન તરફ વળ્યો. ગૃહશૃંગારમાં ને આજુબાજુના વાતાવરણમાં ભારતીય કળાનું વાતાવરણ લાવવા પ્રયત્નશીલ થયો. ઘરમાં જે કંઈ જૂનો સરસામાન, વડીલોના જમાનાની કીમતી કીમતી ચીજવસ્તુઓ હતી તે બધું વેચી નાખ્યું. ને પછી મદ્રાસી મિસ્ત્રી ધનકોટી આચારીને બોલાવી કામે લગાડી દીધો. હું પોતે જ નમૂના આપતો, નકશા બનાવતો, અને એમ નવું રાચરચીલું તૈયાર થતું. બધું સાદું સીધું રાચ કરાવ્યું. એની પાસે આખા ઘરમાં પથરાઈ રહે તેવી જાપાની ગાદી કરાવી. અત્યારે તમે ખાટના જે પાયા જુઓ છો એ ક્યાંથી આવ્યા તે જાણો છો? કોડિયું રાખવાની જૂની થાંભલી પરથી! મજૂરી કંઈ ઓછી કરી છે? સૌ પ્રથમ ભારતીય રાચરચીલાની શરૂઆત તો અહીંથી જ થઇ હતી. હવે એ બધાને એક રાહ મળી ગયો છે. એમાં થોડોક નવો ફેરફાર કરી દેવો સહજ છે. પરંતુ અમારે તો ત્યારે મૂળ સહિત ઝાડ ઉખેડી તદ્દન નવેસરથી નવું વૃક્ષ અમારે હાથે જ રોપવું પડ્યું હતું. એને આ વિચારે જ જાળવી રાખેલું કે એક દિવસ એમાં ફૂલ ફૂટી શકશે. (ચાલુ)

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા



મું બાઈથી નીકળ્યો ત્યારે ક્ષિતીશ જઠાર નામના મારા એક મિત્રે એની સાથે કૅમ્બ્રિજમાં ભણનાર એક સ્વિસ મિત્રનાં નામઠામ મને આપ્યાં હતાં અને બને તો મળવા કહ્યું હતું. એનું રહેઠાણ ઉત્તરમાં ઝૂરિક પાસેના એક નાના ગામમાં હતું. તે સરનામે મેં કાગળ લખ્યો, પણ કશો જવાબ ન આવ્યો એટલે એ વાત હું તો ભૂલી ગયો હતો. પણ થોડે દિવસે દક્ષિણમાંથી એક વીવે નામના ગામથી કાગળ આવ્યો કે આ નંબર પર ટેલિફોન કરીને દિવસ નક્કી કરી જરૂર આવો. સ્વિટ્ઝર્લૅન્ડમાં ગમે તે ઠેકાણેથી ગમે તે શહેરમાં ઑટોમેટિક ટેલિફોન (લખ્યા મુજબના પૈસા નાખ્યા કે ઘડીના છઠ્ઠા ભાગમાં) મળે, એટલે એમ નક્કી કરીને એક દિવસ બંદા બપોરની ગાડી પકડી બર્નથી લોઝાં થઈ વીવે જવા ઊપડ્યા.

સ્વિસ રેલવે જેવું કોઈ ટાઈમટેબલ નહિ. ચપટીમાં તમે બધું જ જોઈ શકો. પહોંચવાના ટાઇમો, બદલી, ગાડીમાંની સગવડો—જમવાનું, સૂવાનું, નાસ્તો વગેરેની બહુ જ ઝીણવટથી, કુનેહથી અને મુસાફરોની સગવડનો પહેલો ખયાલ રાખીને અહીં ટાઈમટેબલો બનાવવામાં આવે છે. ટાઈમટેબલો પણ જાતજાતનાં–નાનાં, મોટાં, પૉકેટ... અને પ્રમાણમાં વળી સસ્તાં. કોઈ ગાડી તમને અગવડભરેલી હોય ને અધિકારીઓનું ધ્યાન ખેંચો તો અરધાઅરધી થઈ જાય.

મેં આખા મહિનાનો પાસ કઢાવ્યો હતો: એટલે કે 'અબોનમા ટિકિટ'. રોજ વહેલી સવારથી નીકળો અને મોડી રાતે પાછા ફરો તોપણ એનાં ૩૦ પાનિયાંમાંથી એક જ પાનિયું ટિકિટ-માસ્તર ફાડી લે. એમાં ગમે ત્યાં ગમે તેટલી વાર તમે ફર્યા જ કરો! સરવાળે રૂપિયે પાંચ આના જેટલું સસ્તું! એટલે કે દસ મુસાફરીમાં તમારો ખર્ચ નીકળી જાય! રીઝર્વેશનની તો કશી જરૂર જ નહિ, કારણ કે ટ્રેઈનમાં જગ્યા તો ચોક્કસ મળે જ મળે.

ટાઈમટેબલ હાથ ચડ્યું એટલે આપણે રાજા. ગાડી ઊપડી કે એનો અભ્યાસ શરૂ. એમાં એક ગાડી જો ત્રણ મિનિટ મોડી ઉપાડે તો લોઝાંમાં મારસેલ્સથી આવતા મુસાફરોને વધુ સગવડ પડે એમ હતું, અને બીજી બાજુ એ ગાડી જરા મોડી થાય તો કશો વાંધો આવે એવું નહોતું. મૉન્ત્રોમાં એક ક્રૉસિંગમાં માત્ર એક ગાડીને જરા થોભવું પડે.

કાગળ-પેન્સિલ લઈ હું એની મથામણ કરી રહ્યો હતો, ત્યાં સામે બેઠેલા એક સાહેબે મને હસીને પૂછ્યું કે કંઈ તકલીફ છે? તો મેં કહ્યું ના, આ ટેબલમાં કંઈ દુરસ્તી થઈ શકે એમ છે. પેલો તો નીકળ્યો રેલવેનો કોઈ મોટો ઑફિસર (અલબત્ત, થર્ડ ક્લાસમાં)! એણે ડાબો ચડાવ્યો, મારી વિગતો તપાસી, જોરથી શેકહૅન્ડ કરી ખૂબ ખુશી બતાવી અને એ ઊતરવાનો હતો વચ્ચે ફ્રીબોર્ગ ત્યાં એક ટ્રેન જેટલું ઊતરવા મને વિનતિ કરવા લાગ્યો. મારો વિચાર લોઝાંમાં એક કલાક ફરવાનો હતો, એ જતું કરી હું ઊતર્યો. એ એક નજીકના રેસ્ટોરાંમાં મને ચા પીવા લઈ ગયો. ત્યાં અમે ખૂબ વાતો કરી, અને જતી વખતે એણે મારા પાસ પર, બાકીનાં પાનાં પર બધી મુસાફરી સેકન્ડ ક્લાસમાં કરી શકાય એવા પોતાના દસ્કતે શેરા મારી આપ્યા, અને ખૂબ આભાર માની બીજી ટ્રેન પર મને વળાવીને પછી એ ગયો.

ફ્રીબોર્ગમાં એક સરસ યુનિવર્સિટી છે. ત્યાં એક દિવસ વચ્ચે હું ફરવા આવ્યો હતો અને ત્યાંના અતિ મળતાવડા વાઈસ ચાન્સેલરે આખી યુનિવર્સિટી મને સાથે ફરીને બતાવી હતી.

અહીંથી હું સેકન્ડમાં બેઠો એટલે જાણે કેદખાનામાં સપડાયો; કારણ હવે કોઈ સાથે વાતો ન થાય. કેમકે ત્યાં કોઈ ભાગ્યે જ બેસતું. ટૅરીટૅર ટ્રેન એટલે ગાડી ઊપડી અને એકબે મિનિટમાં એક બાનુ આવીને મારી સામે ગોઠવાયાં. બાઈ ઘણી જ દેખાવડી, નમણી, પાંત્રીસની આસપાસની અને ભભકાબંધ કપડાંમાં સજ્જ હતી. રૂપાળા મોં ઉપર અજબ રીતે વિનમ્રતાનો તેમજ છટાદાર બુદ્ધિમત્તાનો સંમિશ્રિત ભાવ હતો. મેં આટલી બધી રખડપટ્ટી કરી હતી, પણ ક્યાં યે આટલા નિરાળા વ્યક્તિત્વવાળી બાનુ અહીં મારા જોવામાં આવી નહોતી, એટલે હું જરા વાત શરૂ કરવાના કારણની શોધમાં હતો. એટલામાં એણે એક ચોપાનિયું કાઢ્યું. તે અંગ્રેજીમાં જોઈ મને થયું કે હવે ખલાસ; બાઈ અંગ્રેજ હોવાથી હવે વાતચિતના વાખા! દરમ્યાન એકાએક ચોપાનિયું નાખી એ 'ઓહ ગૉડ!' કહી કંઈ બબડી અને આપણે તક ઝડપી લઈ પૂછ્યું 'કે કંઇ હોનારત?' તો કહે કે 'મારી નાનકડી બૅગ હું ફ્રીબોર્ગના સ્ટેશનના બાંકડા ઉપર ભૂલી આવી છું.' અને એણે જ ઉમેર્યું કે 'મોટે ભાગે તો મળશે જ; કારણ આ સ્વિટ્ઝરલૅન્ડ છે. તમે અંગ્રેજી જાણો છો એ જાણી મને આનંદ થયો.'

વાતો વધી, અને અન્યોન્યના સમભાવથી ઓળખાણ વધી ને ટૂંક સમયમાં જૂનાં દોસ્ત જેવાં થઈ પડ્યાં. ગાડીની ઝડપ કરતાં યે વધુ એ પરિચયનો વેગ હશે! એનું નામ મર્થા અલબ્રૅન્ડ; જન્મે જર્મન, પણ રહેવાસી અમેરિકન; પરણીને થઈ મિસિસ કેટરીન હૉલેન્ડ; ધંધે નવલકથાકાર: 'રીમેમ્બર્ડ ઍંગર' ને 'વ્હિસ્પરિંગ હિલ' એ બે એની જાણીતી નવલકથાઓ. અને હમણાં એક કોયડા પર મથામણ કરી રહી હતી.

એ કહે કે 'હું એક દીકરાનું પાત્ર વિચારી રહી છું. એની મા બહુ પૈસાદાર છે. બાપ એક બીજી બાઈના પ્રેમમાં હતો, અને એ બાઇને એક છોકરી છે. દીકરો પેલી બાઈની છોકરીના પ્રેમમાં છે, પણ મા એને પરણવાની ના કહે છે. બાપ ગુજરી ગયો છે. તમારે ત્યાં આવી ગૂંચો પડે છે ખરી?' મેં સામું પુછ્યું, 'એ તો ઠીક; પણ આ છોકરી કોની?' તો કહે 'એ બાઈના પતિથી.' એટલે મેં કહ્યુ કે 'હા; આવા બનાવો અમારે ત્યાં પણ બને તો છે જ. છોકરો ભલે પરણે.' મર્થા કહે 'એ તો હું કથામાં પરણાવવાની જ; ત્યારે તમે પણ એવા કોયડા ઉકેલો છો ખરા!'


આમ વાતો ચાલી. 'વ્હિસ્પરિંગ હિલ'માં આ કિસ્સો એણે આલેખ્યાનું યાદ છે. બાઈ બહુ મહેનતુ. ઝીણીઝીણી વિગતોની બિસમાર નોંધ રાખતી, અને નાનીમોટી બાબતોમાં તેના વિષયોના નિષ્ણાતોને પૂછતી. આમાં ફ્રીબોર્ગથી લોઝાં આવતાં કેટલી વાર? સપાટાબંધ અમે લોઝાં પહોંચ્યાં. ત્યાં પરસ્પરનાં સરનામાં લઇ, ભવિષ્યમાં પાછા મળવાનાં કોષ્ટકો રચી અમે છૂટાં પડ્યાં. પણ તે પહેલાં એની બૅગ માટે ખાતરી કરવા ગયાં, તો ફ્રીબોર્ગથી સંદેશો આવી ગયો હતો કે


બીજી ગાડીમાં એ બૅગ મોકલવામાં આવી છે, એટલે અમે એક ટ્રેન થોભ્યાં. પછી એ મને વીવેની ટ્રેનમાં વળાવી પોતે લોઝાં જ રહી! ક્યાં આ અમેરિકાથી હરવાફરવા નીકળેલી નવલકથાકાર, અને ટાઇમ ટેબલ સુધારવા મથતો હું? અકસ્માત ફ્રીબોર્ગમાં બંનેનો ભેટો! પાછાં અમે સાહિત્યની સુંદર ચર્ચા કરવા ફરી મળશું ખરાં?

લોઝાં સરસ શહેર છે. ચડઊતર ગિરિમાળા પર સજાવાએલું; અને નીચાણમાં ઊતરો તો છેક લાક લાર્મોનના સરોવરની છાળોમાં જ રમવા મંડી પડો! આ લાક લાર્મોન તે જ પેલું જીનીવાનું જાણીતું તળાવ. અહીંથી છેક જીનીવા સુધી લંબાએલું. પણ જીનીવાવાળા એને લાક લાર્મોન ન કહે, અને લોઝાંવાસીઓ એને લેક જીનીવા ન કહે. છતાં હોડીમાં તમે આ શહેરથી પેલે શહેર જઇ શકો! વીવે-મૉન્ટ્રોની ગાડી એ જ તળાવના સામા કિનારા પર થઇને જાય.—ખરેખર તળાવને અડતી જ ચાલી જાય છે. વીવે ઊતરીને પ્લૅટફૉર્મ બહાર આવ્યો ત્યાં એક સુન્દર મોટરગાડી જોવા હું થોભ્યો. એવામાં તો એક પીળચટા ફરાક અને સોહામણી હૅટમાં એક માદામ આવીને 'મસ્યુ મેતા?' કહી મને સંબોધી રહી! સ્વિટ્ઝર્લૅન્ડમાં ઉત્તરમાં જર્મન ને અહીં દક્ષિણે ફ્રેન્ચ ભાષા ચાલે: એટલે અહીં 'હેર'ના 'મસ્યુ' થઈ ગયા, અને રીતભાત પણ બદલાતી લાગી. ખૂબ જ વિવેકથી કાગળ લખવામાં થએલી ઢીલ માટે ક્ષમા માગી એણે જણાવ્યું કે 'મસ્યુ જહાર સાથે ભણતી ત્યારે તો હું કુંવારી હતી, પણ હવે તો પરણીને ધણિયાણી થઈ ગઈ છું. મસ્યુ જહાર કાગળ જ ન લખે તે હું શું કરું? ચાલો.'

અચ્છા! પેલી મોટરમાં જ આપણે સવારી કરવાની હતી! નાનકડું ગામ, અને ત્યાં એનો ઠસ્સો તથા માનઅકરામ ભારી લાગ્યાં. વાંકાચૂંકા રસ્તે થઈ એક ખાસ્સી નાની ટેકરી પરના એક બંગલામાં એ મને લઇ ગઇ. 'તમે ઇન્ડિયન, એટલે ચા જ પીશો. પણ તે પહેલાં મારી પાસે સરસ સ્પૅનિશ પીણાં છે, તમને ભાવશે?'

દીવાનખંડમાં ભીંત ઉપર ઢાલતલવારો ભેરવેલાં હતાં, એ હું જોઈ રહ્યો હતો, ત્યાં એણે કહ્યું કે 'મારા પતિ લશ્કરી અમલદાર છે; આઠ દિવસ માટે બહાર ડ્યૂટી પર ગયા છે, ને હું કાલે બેલ્જિયમ જવાની છું. સારું થયું કે તમે આજે આવ્યા; નહિ તો ન જ મળાત. ચાલો હવે આપણે બહાર ચા પીવા જઈએ.' મેં ના કહી; પણ આ લશ્કરી અફસરની ધણિયાણી, ફોજી છટાથી જ વાતો કરતી, અને વિનવણીઓ પણ વટહુકમ પ્રમાણે જ સૂચવતી, તે મને ઘરની બહાર હંકારી જ ગઈ! રસ્તે દૂર દેખાતા પેલેરિન શિખરને બતાવતી એકાએક એક મીઠી દ્રાક્ષના ખેતરમાં જઈ તેણે ગાડી ઊભી રખાવી, અને ઝાડ પરથી ઉતારેલી તાજી મીઠી દરાખનો ત્યાં જ કાઢી આપેલો રસ પીવડાવ્યો. એનું નામ 'ગ્રાપીઓ'. ચા ચા કરતાં તો આ તાજો રસ જ એટલો મધુરો અને સ્વાદિષ્ટ લાગ્યો કે મેં બીજો ગ્લાસ પણ ગટગટાવ્યો!




લાર્મોન સરોવરમાં આવેલો શિલૉનનો કિલ્લો

ત્યાંથી નારસીસસના ખેતરો આગળ જઇ ગાડી ઊભી રહી. અહીં આખી ટેકરી પર નારસીસસનાં ફૂલોની જાણે ચાદર ઓઢાડેલી હોય એમ જ લાગતું હતું. અત્યંત રળિયામણા એ દશ્યને છોડી મને જવું ગમતું તો નહોતું, પણ માદામ બ્લાંચે અદાથી ગાડીનું બારણું ઉઘાડયું એટલે બેસતાં જ એણે ઘોરી માર્ગ પકડી ગાડી દોડાવી.

લાક લાર્મોનની પાળેપાળે અમે ગામડાંઓ જોતાં મોંત્રો પહોંચ્યાં. મૉંત્રો તો ખાસ્સું તળાવમાં ધૂસી ગએલું ગામ છે. અહીં નોકરી પરથી ફારેગ થએલા અંગ્રેજો સારા પ્રમાણમાં જથુકના રહે છે, એટલે ચા તો સારી મળે જ; અને માદામના હુકમ, એટલે ઠંડા દરાખરસ ઉપર ગરમ ચાના 'કોપ' રેડ્યા! ચા પીધી કે તરત જ એણે મને ઉઠાડ્યો અને તળાવ સાથે ગેલ કરનારા એ લાંબે રસ્તે ઝડપથી હંકારી એક જૂના લગભગ પાણીમાં જ બંધાએલા કિલ્લા પાસે મને લઇ આવી. ભાંગ્યું તૂટ્યું પણ મિઠું અંગ્રેજી એ બોલતી. 'યુ સી! આ રીતે દ શીલોં!'-શિલોનનો કિલ્લો. તમને તો યાદ હશે જ, અંગ્રેજ કવિ બાયરનની પેલી કવિતા!' અમે ભોંયરાં ઊતરતાં ગયાં તેમ એણે બોનીવાદ અને એના ભાઈની કરુણ વીતકકથા કહી સંભળાવી. અહીં જ એ દટાયા. અહીં જ રિબાયા, ગુજર્યા. 'કુમાર'ના જૂના વાંચનારાઓને તો અગાઉ શ્રી દેશળજી પરમારે લખેલો 'શિલોન દુર્ગનો કેદી' નામના એ કાવ્યનો કથારૂપસાર યાદ હશે, (અંક પ૫માં એ આવી ગયો) તે જોઈ જવો.

કાળમીંઢ પથરા, સંદગંદ ધૂધવતાં પાણી, પોલાદી લોખંડની તોતિંગ સાંકળો, સુરજનાં નાનાં કિરણોને પણ જ્યાં જવાનો અવકાશ નથી એવા કબરથી પણ ઊંડાણમાં ભીષણ ભોંયરાં, એવા આ સ્થળે કેવળ આઝાદીની તમન્ના માટે માનવસળેકડાં પુરાયાં ને ખીલતાં ફૂલ જેવા કિશોર ભાઇઓએ હાથવેંતમાં પ્રાણ છોડયા! આજે એની આહ જ સાંભળવી રહી. નહિ એને ચાંગળું પાણી પણ આપી શકાય? હાય, મારા જ હાથમાં એ વખતે જાલીમ બેડીઓ હતી. ઓ પ્રભુ! કયાં સુધી આ ગુલામીની જંજીરો? ક્યારે એ છૂટશે? ક્યારે તૂટશે? પામર ગણાતા માનવનો અણુ સમો પ્રાણ જ્યારે વિરાટ ભાવના સિદ્ધ કરવા મથે છે, ત્યારે અણુબૉંબ તો શું, પણ પ્રલયના ઝંઝાવાતો પણ મોળા લાગે: એવી વિષાદમય, મનોમન્થનકારી, સ્તબ્ધ કરનારી કો લાગણી સાથે અમે પાછા દુર્ગની બહાર આવી ઊભાં.

'નો, નો, નો; એમ અવાક થઈ નહિ જવાનું. આ કિલ્લો તો હવે સેતાનોની મજાક રૂપ છે, એમાં જીવતા દટાવાના વખતો ગયા.'

'આજે એમ દટાતા નહિ હોય તો બંદૂકની ગોળીએ વીંધાતા હશે, પણ...'

'નો, નો, નો, હું કંઈ તમને દુનિયાના કલુષિત રાજકારણની ચર્ચામાં ચગડોળે ચડાવવા માગતી જ નથી, તમારે આટલા ડઘાઈ જવાનું

કશું જ કારણ નથી; લો ચાલો, બેસો ગાડીમાં.'

સાંજ જવા માટે અધીરી બનતી હતી. ગિરિવરોએ પોતાના ઓળા સરોવર પર પાથરવા માંડચા હતા. અમે ઝડપભેર એ રસ્તે જમણી બાજુ પહાડ અને ડાબી બાજુ સરોવર જોતાં લોઝાં તરફ જઈ રહ્યા હતા.

લોઝાંની નીચેના સરોવરના નજીકના ભાગને ઊશી કહે છે. ત્યાં ત્રણચાર સારાં રેસ્ટોરાંઓ છે. એમાં કયાં જમવું એની ગડમથલમાં માદામ પડી હતી. મને ગાડીમાં જ બેસવા કહી એ સામે એક રેસ્ટોરાંમાં દોડી, અને થોડી વારે પાછી આવી મને લઇ ગઈ. એક ખૂણા પરનું ટેબલ કોઇનું રીઝર્વ હતું ત્યાં અમારી બેઠક જમાવી, એટલે એણે ચલાવ્યું : 'ચુસી, પેલું બૉરીવાઝ? ફ્લેશ્યલ હોટેલ છે. પણ આ સારું 'લૉર્ડ બાયરન રેસ્ટોરાં' છે; અને આહીં રહેવાની પણ સગવડ છે. તમે પોએટ અને ડ્રામાટિસ્ટ, એટલે હું અહીં જમવા લઈ આવી. આ જ જગ્યાએ બાયરન બેસતો ને કવિતાઓ લખતો. પેલા સામે પાર દેખાય એ જ્યૂરા નામે ઓળખાતા પહાડો. તમે બાયરનના કાવ્યોમાં એ વિશે જાણ્યું હશે. અને જમવામાં મેં ખાસ બે વાનીઓ બનાવડાવી છે. હવે કહો, તમે શું પીશો?'

'હું કવિ અને...'

'ન, ન, ન, હું એ બધી ચર્ચામાં ઊતરવાની નથી. મસ્યુ જઠારે મને કશું લખ્યું પણ નથી. આ ટેબલ પર ભારેની પડાપડી રહે છે. નવ વાગ્યે બીજાંઓ જમવા આવનારા છે. બેને જવા છેલ્લી ગાડી દસ ને પાંચની છે. તમને સ્ટેશન પર વિદાય આપી હું વીવે જઈશ. મેનેજર મસ્યુ બ્યુશી સાથે મેં બધી ગોઠવણ કરી દીધી છે.'

સરસ જમણ ખાધું. આંખ ઠરી જાય, જીભ લાળે લળી જાય, ને જીવ ઝાપટવા ઊંચોનીચો થઈ જાય, એવું પુડિંગ આવ્યું. ત્યાં તો બહાર મૅનેજર પોતાના ઘરાકને કંઈ ઢીલોઢીલો થઈ સમજાવતો હતો. એ જોતાં જ માદામ બ્લાંચે દોડી અને આવનારી જોડીને મળી મુલાયમ ફ્રેન્ચમાં કંઈ કહી, તેમને અમારા ટેબલ તરફ લઈ આવી. એમાંની એક તો બપોરે ટ્રેનમાં મળેલી મર્થા, અમેરિકન નવલકથાકાર જ હતી! એ તો મને જોઇને ખુશખુશ થઈ ગઇ. હવે તો કશો તોડ કાઢવાની જરૂર જ રહી ન હતી. મર્થાને માટે લોઝાંના એક પ્રોફેસરે જ આ ટેબલ રીઝર્વ કરાવ્યું હતું. અમે ચારે ટેબલ પર પાછાં બેઠાં, અને મર્થાએ વાતમાં કંઇ કહ્યું, તે પકડી માદામ બ્લાંચેએ તરત કહ્યું, 'હું નહોતી કહેતી કે તમે લેખક છો? પ્રોફેસર, ઑથાર! ઑથાર!'

મર્થાએ બેને આવવાની તારીખ આપી, અને એ લોકોએ પોતાના ખાણાનો ઑર્ડર આપ્યો. પણ માદામ એને ડ્રિન્ક્સ પાયા વિના શાની રહે? એ પૂરાં થતાં અમે ઊઠયાં, ને સ્ટેશને પહોંચાડતાં પહેલાં જે દસેક મિનિટ બાકી હતી એમાં દૂરથી જ્યૂરા પહાડો બતાવી, દૂર દેખાતા ફ્રાન્સના એવિયાં ગામ તરફ નજર દોડાવી તે બોલી, 'મેતા, હું તમને સરોવરની પેલી પાર હોડીમાં નથી લઈ જઈ શકતી, કારણ કાલે મારે જવાનું છે. ચાલો વિદાય; ફરી આપણે મળશું એવી આશા રાખીએ.'

ટ્રેનમાં હજાર વિચારોના ચગડોળે હું ચડચો. એનો વિનય, એનો દોર, એની છટા, એની કાળજી, એની ગણતરી, ને આખરે આ જીવનમાં ભાગ્યે જ પાછા મળવાની આશા, છૂટાં પડતી વખતે એના વિવેકભર્યા ઊમળકા...સાડા અગિયાર પહેલાં તો હું બેને આવી પણ પહોંચ્યો.

સવારે ધીરુભાઇને આખી વાત કરી ત્યારે એણે કહ્યું કે 'તમે બેને છોડચા પછી લીગેશનમાં એ બાઇનો ટેલિફોન આવેલો ને તમે કોણ છો, શું કરો છો, વગેરે માટે બધી વિગતો એણે પૂછી લીધી હતી, એટલે આ 'ઑથાર' તરીકે તમારી મહેમાની થઈ, સમજ્યા મિસ્ટર!'

નારસીસસ ફૂલોની વિસ્તાર-જાજમ, શાતો દ શિલૉં, બાયરન રેસ્ટોરાંમાં માણેલી મહેમાની અને માદામ બ્લાંચેના સૌજન્યને યાદ કરતાં આજે પણ મનમાં કદીક જામતા હુંપદ અને અવિવેકના ઑથાર ઓગળી જાય છે.

(ચાલુ)

સુભાષિત

(અનુષ્ટુપ)

आशानाम मनुष्याणां काचिदाश्चर्य शृंखला।
यया बद्धाः प्रधावन्ति मुक्तास्तिष्ठन्ति पंगुवत् ॥

અનુવાદ

આશા બેડી મનુષ્યોને ખરે આશ્ચર્યથી ભરી,
જેથી બંધાયલો દોડે, છૂટો પંગુ સમો ઊભે.

[વિવરણ: આશા ઉપર દુનિયાની દરેક ભાષાના સાહિત્યમાં ઘણું લખાયું છે. સંસ્કૃતમાં પણ ઘણું છે. આશા મનુષ્યના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એનો ત્યાગ કરી નિષ્કામ કર્મ કરવાનું આપણા શાસ્ત્રકારો કહે છે, એ બધું બહુ પ્રસિદ્ધ છે. આ શ્લોકમાંની કાવ્ય-ચમત્કૃતિ નોંધપાત્ર છે. આશાથી બંધાએલો-જકડાએલો માણસ ખૂબ દોડે છે, જ્યારે છૂટો માણસ પાંગળાની પેઠે ઊભો રહે છે, એવો વિરોધાભાસી પ્રયોગ તેના બોધને સુંદર અને વધુ ચોટદાર બનાવે છે. **ર.ભી.**]



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

★ શ્રીદામ ભટ્ટ

☾ પહેલું ઇનામ : મોકૂફ; બીજું ઇનામ 'શ્રમજીવીની સવાર' : જયરાજ કાપડિયા–મુંબાઇ; નોંધપાત્ર : (૧) 'કેટલી દિવાળી ?'-રમેશ દવે, અમદાવાદ; (૨) 'પારેવાં' તથા (૩) 'મા'—તિમિર ઉપાધ્યાય, અમદાવાદ; (૪) 'ટકોર'—જીવરામ પ્રજાપતિ, કઠલાલ; (૫) 'વર્ષાની સંધ્યાએ'—ત્રિભુવનદાસ હ. પોપટ, મુંબાઇ; (૬) 'ગૂંથણી'—એલ. એમ. શિકોત્રા. ☾ આ વખતની હરીફાઈમાં ચિત્રોની સંખ્યા તથા વિષયની વિવિધતા સારી હોવા છતાં પરસ્પરની સ્પર્ધા કરે એવા ગુણવાળાં ચિત્રોનો અભાવ છે. નવીન વિચારોની સાથે કૅમેરાની શક્તિ સમજીને કલાત્મક સંયોજન તથા ઉત્તમ ટૅકનીક પણ સાધવાં જોઇએ. 'શ્રમજીવીની સવાર'નું ધુમ્મસઘેરું વાતાવરણ ઉપજાવતા, ભાઈ જયરાજ કાપડિયાના સામા પ્રકાશે લેવાએલા ચિત્રમાં એ કાળજી લેવાઈ છે. જ્યારે 'કેટલી દિવાળી'વાળી તસ્વીરમાં વૃદ્ધાવસ્થાની કરચલીઓ જેવું સુંદર વસ્તુ નબળી ટૅકનીકને કારણે ગુમાવાયું છે. પેપરનો એઇડ સૉફ્ટ લેવાની જરૂર હતી. (ડાબી બાજુ: 'કેટલી દિવાળી'-રમેશ દવે. બીજાં ચિત્રો તથા તેનું વિવેચન પાછલા પૂઠા પર)

સુખી કોણ? [શ્રુતિકા]



પ્રબોધ જોષી

કિરીટ: હું ને રમેશ એક જ મકાનમાં ત્રીજે માળે રહીએ છીએ. એ માળ પર બે જ ફ્લૅટ છે. એકમાં હું રહું છું, બીજામાં રમેશ. અમે બન્ને સરખી ઈચ્છાવાળા મિત્રો છીએ. પણ મારો સંસાર સુખી છે ને રમેશનો દુઃખી. રમેશ ઑફિસથી છએ નીકળી સવા છએ ઘેર પહોંચે છે અને...

રમેશ: નીલા! ચા મૂક તો. હું થાકી ગયો છું.

નીલા: એમ કે? થાક લાગ્યો છે? જરા ઘડિયાળ સામે જુઓ તો?

રમેશ: શું છે? સવા છ વાગ્યા છે. ઘડિયાળ સામે જોવાની કંઈ જરૂર?

નીલા: ના રે, કંઈ જ નહિ. એક તો મોડા મોડા સવા છએ ઘેર આવો છો અને પાછા ઑર્ડર કરો છો કે ચા મૂક. તે હું કંઈ તમારી નોકરડી નથી સમજ્યા ને, કે ચા મૂકીશ; હા!

રમેશ: નીલા, મારે દલીલો નથી સાંભળવી. હું ઑફિસેથી છૂટીને સીધો ઘેર આવું છું, કંઈ વચ્ચે વાતો કરવા કે રખડવા નહોતો રોકાયો તે ઘડિયાળ બતાવે છે, સમજી! ચાલ જલદી ચા મૂક, પછી મારે જરા ચોપાટી ઉપર ફરવા જવું છે; અને ખાવાનું આઠ વાગે તૈયાર રાખજે. મારે નવ વાગે ફિલ્મ જોવા જવું છે.

નીલા: હં, એમ! પછી કાંઇ? જુઓ, હું તમને સાફસાફ કહી દઉં છું તે પૂરેપૂરું સાંભળી લ્યો. હું ચાબા કંઈ જ મૂકવાની નથી. પીવી હોય તો હાથે કરી લો. અને ચોપાટી ઉપર ફરવા કેવું જવાનું? હજુ હમણાં તો રખડીને આવ્યા છો! ભગવાન જાણે ઑફિસ કેટલા વાગે છૂટતી હશે! માટે, તમે પહેલાં ચા કરો, પછી આપણે સાથે જ ફરવા જઇએ.

રમેશ: તો પછી રાંધશે કોણ, મારો કાકો?

નીલા: એ તો તમે જાણો.

રમેશ: તો પછી આપણે ખાઈશું શું?

નીલા: મારે તો આજે સોમવાર છે, એટલે એક વારને લીધે ખાવું નથી. તમે બહાર ખાઈ લેશો તો નહિ ચાલે? અને ફિલ્મ જોવા આજે નથી જવાનું; અને જો જવું જ હોય તો...

રમેશ: હાં, તો?

નીલા: તો મને પણ સાથે લઇ જવી પડશે.

રમેશ: (સ્વગત) મારા ક્યાં ભોગ લાગ્યા કે આવી વઢકણી સ્ત્રી મળી. હશે ભાઈ, જેવાં નસીબ! ચા તો હાથે કરીને પી લઉં; પછી થઈ પડશે.

નીલા: અને હા, જુઓ; તમે ચા મૂકો છો ને?

રમેશ: તે તેનું શું છે?

નીલા: એક પ્યાલો મારો પણ મૂકજો ને પ્લીઝ. મેં ત્રણ વાગ્યા પછી ચા જ નથી પીધી.

રમેશ: નીલા, તું તો કમાલ છે.

નીલા: શું કહ્યું?

રમેશ: કંઈ નહિ; સારું સારું, મૂકીશું, બસ? હવે કકળાટ બંધ કર તારો.

નીલા: શું કહ્યું? હું કકળાટ છું, એમ?!...

કિરીટ: તો... આ છે રમેશની સાંજ. હવે જરા આ બાજુ આવો અને અમારી સાંજ જુઓ. હું સાડા પાંચે ઑફિસેથી મિસિસની માંદગીનું બહાનું કાઢી નીકળી જાઉં છું અને છેક સાત વાગે ફરતાંફરતાં ટેલતાંટેલતાં ઘેર આવું છું. આવીને મોં ઉદાસ કરી કોટ અને ટાઈ પછાડીને બૂમ મારું છું કે...

રંજન!

રંજન: ઓહ, આવી ગયા?! કેમ, શું હતું?

કિરીટ: કહું છું. આજે મારી ચા ના મૂકતી.

રંજન: કેમ, પાછું શું થયું વળી?

કિરીટ: અરે, આ તે કંઈ નોકરી છે! છેક પોણા સાત લગી ઑફિસમાં કામ રહે છે. ના, ના, રંજન, આ શેઠ નહિ સમજતો હોય કે અમે યે પરણેલાં છીએ. અને અમારાં ઘરવાળાંના યે મન હોય છે! રંજન, તું આખો દિવસ ઘરમાં બેસી રહે અને હું છેક સાત વાગે છૂટીને આવું! તને કેવું લાગે? તારા સમ. હું તો કાલે રાજીનામું આપી દઈશ.

રંજન: હં... હં... હં...! જોજો એવું કંઈ કરતા! ઑફિસ હોય એટલે કામ તો રહે જ. અને મારી ચિંતા તો તમે તદ્દન નકામી કરો છો. મારે તમને કહેવું પડે છે, પણ આમ દોડાદોડી કરી પા કલાકમાં ઘેર આવવાની કંઈ જરૂર.

કિરીટ: રંજન...

રંજન: હં. આ હિસાબે તમે ટૅક્સીમાં આવ્યા લાગો છો!

કીરીટ: હાસ્તો. તું રાહ જોઈને બેસી રહી હોય અને હું મોડો આવું તો તને શું લાગે?

રંજન: ના, ના. હવેથી એવું ના કરશો. ખોટી દોડાદોડીને નાહકનો ખર્ચ કરવાનું તમને કહે છે કોણ? ચાલો મોં ધોઇ લ્યો. હું સરસ ચા બનાવી લાવું. ને આજે તો અજમા-મીઠાની પૂરીઓ કરી છે તે પણ લાવું છું.

કિરીટ: રંજન, તું મારે માટે કેટલી બધી મહેનત કરે છે. અને જો તારા માટે પણ મૂકજે હોં! ભલે દૂધ ઓછું હોય; પાતળી પણ.

રંજન: ઊંહું! મેં તો હમણાં બપોરે બે વાગે જ પીધી છે. અને હાં, તમે ઠીક સંભાર્યું. હવે તો એકલા દૂધની જ ચા મૂકાશ...

કિરીટ: જોયું સાહેબ? મોડા આવવા માટે મને ધમકાવ્યો નહિ તે તો ઠીક, પણ ઉપરથી ચા અને તે પણ માત્ર દૂધની જ, અને વધારામાં પૂરીઓનો નાસ્તો મળ્યો. ચોપાટી તો મારે પણ ફરવા જવું છે. પણ હું રમેશની જેમ લડતો નથી. હું જરા ભેજું વાપરું છું....

રંજન: લ્યો આ ચા લાવી છું? પી લ્યો.

કિરીટ: હેં? ઓહ! હા!! તું બેસને? પણ રંજન! મારે રાજીનામું તો આપવું જ પડશે.

રંજન: કેમ? વળી પાછું શું થયું?

કિરીટ: અરે આ તે કંઇ શેઠ છે?!

રંજન: પણ વાત શી છે એ તો કહો!

કિરીટ: સાંજે ઘેર આવતો હતો ત્યારે શેઠે કહ્યું કે તમે સાડા સાતે ચોપાટી ઉપર આવીને ઊભા રહેજો, ત્યાંથી મોટરમાં ફરવા જઈશું.

રંજન: તે એમાં તમને શો વાંધો છે? શેઠ જોડે ફરવા જવાનું અને તે પણ પાછું મોટરમાં. મને તો આમાં કશું ખોટું નથી લાગતું.

કિરીટ: પણ મારે તો તને લઈ જવી હતી.

રંજન: તમે મારી ચિંતા ન કરો; શેઠ જોડે જાઓ. બીજા તો શેઠ જોડે વાત કરવા ફાંફાં મારતા હશે, ત્યારે તમને તો શેઠ ફરવા જવા બોલાવે છે. શેઠને ખોટું ન લગાડાય; સમજ્યા!

કિરીટ: રંજન, તું કહે છે એટલે જ જાઉં છું.

રંજન: પણ એમાં ખોટું શું છે?

કિરીટ: તો, આપણે તો પાછા સરકયા. રાત્રે સાડા આઠે આવ્યા ને પાછું નાટક શરૂ કર્યું..

રંજન! ક્યાં ગઈ?

રંજન: કેમ?

કિરીટ: મેં તને ન્હોતું કહ્યું કે મને ના જવા દે

રંજન: પણ થયું શું?

કિરીટ: હવે શેઠ રાતના શોની ટિકિટ લાવ્યા છે. મેં તો ઘણી યે ના પાડી, પણ કહે કે આવવું જ પડશે; અને તારી ટિકિટ માટે ગયા ત્યાં 'હાઉસ ફુલ' રંજન, હું ન જાઉં તો ન ચાલે?

રંજન: પણ નથી શું કામ જવું?

કિરીટ: પણ પછી તું...?!

રજન : તમે તો ખરા છો! કોઈ પણ માણુસ તેની બૈરીની આટલી ચિંતા નહિ કરતો હોય. તમારું ભવિષ્ય જેની સાથે સંકળાએલું છે તે શેઠ તમને લઈ જાય છે ને કેમ નથી જતા?

કિરીટ : ના, રંજન; મારે નથી જવું. આવી ગુલામી કરતાં તો મોત સારું.

રંજન : હાય, હાય! એ શું બોલ્યા? ના, ના! તમે ના જાઓ તો તમને મારા સમ...

કિરીટ : તો, આપણે તો ફિલ્મ પણ જોઈ. આમ, રમેશને જે જોઇએ છે તે જ મારે જોઇએ છે; પણ તેનામાં આવડત નથી એટલે એ ઝગડે છે; અને હું મારાં નાટકોના અભિનયથી બધું જ મેળવું છું. અને તે પણ તેના જ આગ્રહથી કરું છું એમ તેને લાગે છે. હવે રાતની વાત કરીએ. રાત્રે સાડા બાર વાગ્યે રમેશ કહે છે...

રમેશ : જો નીલા, સવારે મને સાત પહેલાં ઉઠાડીને કકળાટ ના કરતી. નિરાંતે સૂવા દેજે.

નીલા : શુંઉં? સાત વાગ્યા સુધી ઘોરવું છે?

રમેશ : હવે, સાત વાગ્યા સુધી ઊંઘનારને ઘોરતો ન કહેવાય, સમજી!

નીલા : ના ત્યારે! એં, કેટલાય લોકો તો સવારે ચાર વાગે ઊઠીને ભગવાનનું નામ લે છે.

રમેશ : ઓ નીલા! તું ગૉડને મીરાં બનવાનું માંડી ન વાળે?!

નીલા : અને બીજા કેટલાક સવારે વહેલા ઊઠીને ફરવા જાય છે, ને કસરત કરે છે, ને...

રમેશ : તારા જેવી બૈરી મળી હોય તે કસરત કરે કે ટૉનિક લે, તબિયત સુધરવાની કાંઈ જ આશા નથી. જો, લાંબી વાત જવા દે. મને વહેલો ઉઠાડતી નહિ એટલે બસ.

નીલા : ઊહું! એ નહિ ચાલે. તમે ઊઠો છો યે કેટલા વહેલા! એમ નહિ કે કંઈ વાંચીએ કરીએ. બાર વાગ્યામાં તો સૂઈ જાઓ છો. અને સવારે છેક સાત વાગે ઊઠો છો!

રમેશ : બસ હવે! હું જે કહું છું તે બરાબર છે. ખબરદાર જો મને સાત વાગ્યા પહેલાં—

નીલા : સારુ હવે, અત્યારે તો સૂઈ જાઓ. સવારની વાત સવારે. જોઈશું, શું કરવું તે...

કિરીટ : અને સવારે પોણા છ વાગે...

નીલા : કહું છું! ક્યાં સાંભળ્યું!

રમેશ : અં...અં...

નીલા : ઊઠો હવે. છ વાગવા આવ્યા.

રમેશ : ઊંઘવા દેને! છ વાગે ઊઠીને મારે શું—

નીલા : ઓત્તારી! તે હું તો જાણે તમારી નોકરડી છું તે રોજ વહેલી ઊઠીને ચા મૂકું ને બંબો સળગાવું. આજે તમે જ ચા મૂકોને. અને પાણી નાહવા કાઢીને પછી મને જગાડજો.

રમેશ : પાગલ જેવી વાત ન કર. નથી ઊઠતો.

નીલા : ના તે કેમ ઊઠો! ચાલો ઊભા થાવ છો કે નહિ? નહિ તો ઍલાર્મ વગાડું છું.

કિરીટ : અને બિચ્ચારો રમેશ! એને આમ પોણા છએ 'સ્ટૅન્ડ અપ ફ્રૉમ ધ બેડ' નો, માસ્તર નિશાળિયાને હુકમ કરે તેવો હુકમ સાંભળી ઊભા થવું પડે છે. પણ આપણે તો એમાં બી કમાલ કરીએ છીએ. રાત્રે એક વાગે ફિલ્મમાંથી આવીને કહીએ છીએ...

રંજન, મેં તને ના નહોતી પાડી
કે મને ફિલ્મ જોવા ન મોકલ!

રંજન : કેમ? ફિલ્મ ખરાબ નીકળી?

કિરીટ : અહીં ફિલ્મમાં ધ્યાન જ કોનું હતું? હું તો તારો જ વિચાર કરતો હતો. પણ બાર વાગે છૂટ્યા પછી શેઠને નાળિયેરનું પાણી પીવાનું સૂઝ્યું. મેં કહ્યું, પહેલાં મને ઉતારી દો; રંજન રાહ જોતી બેસી રહી હશે. પણ ન માન્યા; અને આમ ને આમ એક વાગી ગયો.

રંજન : તે તેમાં બિચારાએ ખોટું શું કર્યું? અને તમે વહેલા ઘેર આવત તો મારું જ નામ વગોવાત ને, કે રંજન તો વઢકણી બલા હશે.

કિરીટ : સારું હવે; મને એ કહે કે તું સવારે કેટલા વાગે ઊઠે છે!

રંજન : કેમ, હું તો સવા છ વાગ્યે ઊઠું છું.

કિરીટ : શુંઉ?! સવા છએ? ગજબ છે તું! મને ખબર નહિ કે તું આટલી વહેલી ઊઠે છે!

રંજન : આમ મશ્કરી શું કરો છો? મારે ઊઠવું તો પાંચે જોઈએ, પણ બળ્યું ઉઠાતું નથી.

કિરીટ : અરે મશ્કરી નથી કરતો. હું તો તું સવા છ વાગે ઊઠે છે એ સાંભળીને જ ચમકી ઊઠ્યો છું. હું યે મૂર્ખ છું ને? છેક સાડા સાતે ઊઠું છું. મને લાગે છે કે રંજન, ભગવાન મારા ગુના કદી માફ નહિ કરે.

રંજન : કયા ગુના?

કિરીટ : આ તને દુઃખ દેવાના. તું સાડા છએ ઊઠીને ચા મૂકે, બંબો સળગાવે, નાહી લે, અને ત્યારે હું? હું જાણે મોટો નવલશા હીરજી હોઉં તેમ ઘોર્યા કરું! જો રંજન, કાલે પાંચ વાગે ઉઠાડજે. કાલથી હું જ ચા મૂકીશ, બંબો સળગાવીશ અને પછી તને નિરાંતે ઉઠાડીશ.

રંજન : બોલશો નહિ ભાઈસા'બ! મને શું લજવી મારવી છે? તમારે વહેલા ઊઠીને શું કામ છે? હું તો ક્યારની કહેવાનો વિચાર કરતી હતી કે બાર, એક વાગ્યા સુધી કામ માટે જાગો છો અને દિ આખો ઑફિસનું કામ કરી થાકી જાઓ છો તો આઠેક વાગ્યે ઊઠતા હો તો!

કિરીટ : જા જા હવે. એમ વાત ન ઉડાવ. તું ન ઊઠાડે તો કંઈ નહિ. હું ઍલાર્મ મૂકીશ.

રંજન : મારા સમ જો તમે વહેલા ઊઠો તો! તમને કહેવું પડે છે, પણ મારે માટે જરા વધારે પડતી ચિંતા કરો છો. કોઈ જાણશે તો કહેશે કે કિરીટ એની બૈરી આગળ પોમલો થઈ જાય છે.

કિરીટ : રંજન, તારું આ જ દુઃખ છે ને? તું જાણે છે કે તું મને સૌથી વધુ પ્રિય છે. એટલે તારા સ્વાર્થ ખાતર અને મને પાપમાં નાખવા વારેવારે સોગંદ આપે છે. ઓ ભગવાન, તેં સૌને આવી પત્ની આપી હોત તો કોઇને ઝગડા કે લડાઇ કે દુઃખ કે દર્દ કે અશાંતિ કે...

રંજન : બસ, બસ, હવે સૂઇ જાવ......

કિરીટ : જોયું ને? વહેલા ઊઠવું તો અમને યે નથી ગમતું. પણ અમે રમેશની જેમ મોઢે ચડીને સીધેસીધું ન કહેતાં કળથી કામ લઇએ છીએ. આમ, મારી આવડતથી મારો સંસાર સુખી છે, ને રમેશનો તેની ભૂલને લીધે દુઃખી.

પણ ના સાહેબ, આ મારો વહેમ હતો, એની તો હમણાં જ ખબર પડી. એક રાત્રે ૧૧ વાગે મને સખ્ત ઊંઘ આવતી હોઈ મેં કહ્યું...

રંજન, હું આવી ગયો છું. મારે દૂધ નથી પીવું. ઊંઘી જાઉં છું. ખૂબ થાક લાગ્યો છે.

રંજન : મને ય થાક લાગ્યો છે. અને ઊંઘ પણ આવે છે. તમે જરા લાઈટ બંધ કરશો?

કિરીટ : હા....

અને અમે સૂઈ ગયાં. સવા અગિયારે...

(બારણું ખખડવાનો અવાજ આવે છે)

રંજન : સાંભળો છો?

કિરીટ : હું ઉં...

રંજન : કહું છું, સાંભળો છો?

કિરીટ : (મોટેથી) હં.. એં.. કોણ? કેમ?

રંજન : કંઈક અવાજ આવે છે!

કિરીટ : હં...? હા; આવતો હશે.

રંજન : ક્યાં આવ્યો છે?

કિરીટ : હા, ક્યાં આવ્યો છે?

રંજન : ના, નથી આવતો. મારો ભ્રમ લાગે છે.

કિરીટ : ના, નથી આવતો. તારો ભ્રમ લાગે છે.

રંજન : મેં તમને નકામા જગાડ્યા.

કિરીટ : પાછાં અમે સૂતાં...અને લગભગ પોણા બારે...(બારણાં ખખડવાનો અવાજ)

રંજન : એ ય, ક્યાં સાંભળે છે?

કિરીટ : શું છે?

રંજન : ના, ના, જરૂર અવાજ આવે છે.

કિરીટ : હા. મેં પણ સાંભળ્યો.

રંજન : શાનો લાગે છે?

કિરીટ : તને શાનો લાગે છે?

રંજન : રસ્તા ઉપર કંઈ અવાજ થયો હશે. તે કંઈ આપણે ઓછાં જ રોકી શકવાનાં છીએ?

મ વળી નકામી તમારી ઊંઘ બગાડી, માફ કરજો.

કિરીટ : અમે વળી પાછાં સૂતાં. પણ બારના ટકોરા થતાં... (વળી બારણાં ખખડે છે)

રંજન : અરે એય! ક્યાં સાંભળો?

કિરીટ : હાં, શું છે રંજન?

રંજન: આ તો આપણાંજ બારણાં લાગે છે.

કિરીટ : હા, મને પણ એવું જ લાગે છે.

રંજન : તમે આવતાં બારણું બરાબર વાસવાનું ભૂલી ગયા લાગો છો.

કિરીટ : હા, મારી જ ભૂલ.

રંજન : હું બંધ કરી આવું?

કિરીટ : ના રે, હું કરી આવું છું.

રંજન : ના ના, હું કરી આવું.

કિરીટ: ના, મારા સમ. હું જ બંધ કરી આવું.

રંજન : સારૂં ત્યારે, તમે બંધ કરી આવો.

કિરીટ : એમ મારે બાર વાગે મારા ફ્લૅટનું બારણું બંધ કરવા જવું પડયું. પછી આવીને સૂતો. સાડાબારના શુમારે..(બારણાં ખખડે)

રંજન : અરે કહું છું, ક્યાં સાંભળો છો...?

કિરીટ : સાંભળું છું.

રંજન : પાછો અવાજ આવ્યો.

કિરીટ : હા, પાછો અવાજ આવ્યો.

રંજન: શાનો લાગે છે? (બારણાં ખખડે)

કિરીટ : ડ્રૉઈંગ રૂમનાં બારણાંનો લાગે છે.

રંજન : હા, તમે બહારનું બારણું બંધ કરવા ગયા અને આ ઉઘાડું રાખતા આવ્યા.

કિરીટ : બંધ કરી આવું.

રંજન : ના રે, હું બંધ કરી દઈશ.

કિરીટ : ના ના, હું કરી આવું છું.

રંજન : સારૂં ત્યારે.

કિરીટ : અને સાડા બારે વચ્ચેનું બારણું બંધ કરીને સૂતો. ત્યાં એકના શુમારે... (રમેશ ગીત ગાતો ગાતો આવતો સંભળાય છે)

રંજન : અરે, ક્યાં સાંભળો?

કિરીટ : શું છે? પાછું બારણું...?

રંજન : બારણું તો ઉઘાડું નથી રહ્યું, પણ આ તો રમેશભાઇ નાટક જોઇને આવ્યા છે.

કિરીટ : એય ચક્કર છે ને? રાત્રે વળી નાટકો!

રંજન : હમણાં જોજોને, જામશે. (ત્યાં તો)

નીલા: આવ્યા મોડામોડા! શું જોઇ આવ્યા?

રમેશ : તારૂં કપાળ! ડબડબ ના કર. મને ઊંઘ આવે છે.

નીલા : તે હવે ઊંઘજ આવશે ને? એકલા એકલા નાટક જોવા જતાં શરમાતા નથી?

રમેશ : મારે દલીલ નથી સાંભળવી. હું ઊંઘી જાઉં છું. તું સ્વિચ બંધ કરી દેજે.

નીલા : હું કંઈ બંધ કરવા નવરી નથી.

રમેશ : તો અહીં કોને પડી છે? કરજે તારે કરવી હોય તો.

નીલા : કરશે મારી બલા!

કિરીટ : અને લડતાં લડતાં એ લોકો તો સૂઈ ગયાં. અમે પણ સૂઈ ગયાં પણ દોઢના ટકોરે... (બારણાં ખખડે છે)

રંજન : કહું છું, ક્યાં સાંભળો?

કિરીટ : હાં હાં; શું છે પાછું?

રંજન : કહું છું, રમેશભાઇનું બારણું ઉઘાડું રહી ગયું લાગે છે. (એ લોકોમાં અવાજ ચાલુ)

નીલા : એય બારણું ઉઘાડું મૂકીને આવ્યા છોને? જાઓ બંધ કરી આવો!

રમેશ : તું બંધ કરી આવ.

નીલા : તો છોને રહ્યું, અહીં કોણ નવરૂં છે!

કિરીટ : એ બે તો નવરાં નહોતાં. પણ રંજન તો હતીને?...

રંજન : કહું છું, કે તમે જરા રમેશભાઇનું બારણું બંધ ન કરી આવો? મને અવાજ થતો હોય છે તો ઊંઘ નથી આવતી.

કિરીટ : જરૂર જરૂર...

અને સાહેબ, રમેશનું બારણું બંધ કરવા માટે મારે દોઢ વાગે જવું પડયું. એ બંધ કરી પાછો આવી સ્વિચ બંધ કરી સૂઇ ગયો પણ બે વાગ્યાના શુમારે... (બારણાંનો અવાજ)

રંજન : કિરીટ! અરે ઓ કિરીટ!!

કિરીટ : શું છે ભાઈસા'બ!

રંજન : લો, રમેશભાઈનું બારણું બંધ કરી આવ્યા, પણ આપણા દરવાજાનું બારણું તો બંધ કરવાનું ભૂલી ગયા! તે તેનો અવાજ આવે છે. કહેતા હો તો હું બંધ કરી આવું.

કિરીટ : ના બાપ ના, હું બંધ કરી આવું છું.

અને હું મારું મુખ્ય દ્વાર બંધ કરી આવીને સૂઇ ગયો. પણ નશીબમાં ઊંઘ નહોતી; એટલે અરધાએક કલાક પછી... (બારણું ખખડે છે)

રંજન : છિચ્છ! છિચ્છિચ્છ! એઈ!

કિરીટ : કેમ, પાછું તને શું થયું?

રંજન : તમે ડ્રૉઈંગ રૂમનું બારણું ફરી ઉઘાડું મૂકી આવ્યા છો. કહેતા હો તો હું બંધ...

કિરીટ: ઓહ! તું તે હોય? હું જ કરી આવીશ.

અને ભાઇ, જેવો એ બારણું બંધ કરીને સખ્ત ઊંઘને લીધે ઊંઘી ગયો, ત્યાં ત્રણના ટકા માંડ વાગ્યા હશે ને ફરી બૂમ પડી...

રંજન : કહું છું...

કિરીટ : હવે શું છે? કંઇ જ અવાજ આવતો નથી. સૂઇ જા.

રંજન : અવાજ નથી આવતો એ સાચું; પણ તમે બત્તી ચાલુ રાખી છે! અને મને અજવાળે ઊંઘ નથી આવતી ભાઈસા'બ...

કિરીટ : બત્તી બંધ કરી ખિજાઇને ત્રણ વાગે ફરી સૂવાનો પ્રયત્ન કર્યો. પણ માંડ આંખ મિંચાઇ હશે ત્યાં...

રંજન : એય, ક્યાં સાંભળો?

કિરીટ : અરે, પણ શું છે હવે?

રંજન : કહું છું, તમારે પાણી પીવું છે?

કિરીટ : ના.

રંજન: તો હું મારી મેળે પી લઉં? કે પછી—

કિરીટ : ના ના, હું આપું છું...

ના સાહેબ! ના. માફ કરજો! હું ખોટો નીકળ્યો. સુખી હું નથી, પણ રમેશ છે. તે લડે છે, માટે જ નિરાંતે ઊંઘી શક્યો!

આજે મને સમજાયું કે સ્ત્રીની જોડે બનાવટ કરો કે સ્પષ્ટવક્તા રહો, પણ પરણેલાના નસીબમાં નિરાંત નથી. એટલે જ સાચો સુખી કોણ, એમ મને પૂછો તો કહું કે હું પણ નહિ અને રમેશ પણ નહિ. સાચો સુખી તો એ જ કે જે જીવનની મોટામાં મોટી ભૂલ એકવાર પણ નથી કરતો... એટલે કે કુંવારો!

'તમારી આંખ મફત તપાસી ચશ્માનો નંબર કાઢી આપવામાં આવશે' એવું પાટિયું મારેલી એક દુકાને એક વખત ધોતિયું, ડગલો અને પાઘડી પહેરેલો એક આધેડ વયનો આદમી દાખલ થઇને બોલ્યો, 'સાહેબ મારી આંખે બરાબર દેખાતું નથી–લાંબે નજર પહોંચતી નથી.' દુકાનદારે બેસવા માટે ખુરસી આપી, તેના નાક ઉપર ચશ્માની એક મોટી ખાલી ફ્રેમ ગોઠવીને એમાં ગોળ કાચ નાખ્યા અને સામેની દીવાલ ઉપર ટાંગેલા જુદાજુદા કદના મૂળાક્ષરોવાળા એક પાટિયા સામે આંગળી બતાવીને કહ્યું, વાંચો જોઇએ! પેલા અક્ષરો તમારાથી વંચાય છે?

'નહિ જી.' ઘરાકે જવાબ આપ્યો. દુકાનદારે એ કાચ કાઢીને બીજા નાખ્યા. 'હવે વાંચો.' ઘરાકે જવાબ આપ્યો, 'હજુ નથી વાંચી શકાતા.'

દુકાનદારે એક નિસાસો નાખી પોતાની પાસેના કાચમાંથી ઘણા જ પાવરફુલ નંબરવાળા બે કાચ કાઢી ફ્રેમમાં નાખીને કહ્યું 'હવે?'

જવાબમાં ઘરાકે કહ્યું કે 'સાહેબ! આપ આ ફ્રેમમાં દૂરબીનના કાચ નાખશો તોપણ હું એ અક્ષરો વાંચી શકું તેમ નથી, કારણ કે હું મુદ્દલ ભણેલો નથી. મારી આંખની તપાસ આપ કોઈ બીજી રીતે કરી શકશો?'

ગુજરાતનું એક બાદશાહી મૃગોપવન : આહુખાના

લેખક
રત્નમણિરાવ ભીમરાવ

આપણા પ્રાચીન સ્થાપત્યના અવશેષોમાં મોટે ભાગે ધાર્મિક મકાનો (કેટલાંક સારી સ્થિતિમાં અને કેટલાંક ખંડેરની દશામાં) આજે મળી આવે છે, પણ મહેલો અને રહેવાનાં મકાનોના અવશેષો નહિ જેવા જ નજરે પડે છે; કેમકે ધાર્મિક મકાનો કરતાં એમને ચડતીપડતીના તેમજ બીજા ઘણા સંજોગોનો સામનો કરવો પડે છે. આથી એમનું આયુષ્ય પ્રમાણમાં ઘણું ટૂંકું હોય છે અને બિસ્મારી બાદ એમની કાળજી પણ બહુ ઓછી લેવાય છે. એવા અવશેષો આજે અન્ય પ્રાંતો કરતાં ગુજરાતમાં બહુ ઓછા જોવામાં આવે છે. કેટલાક કિલ્લાના દરવાજા આજે ઊભા છે ખરા, પણ મહેલના અવશેષો તો અપવાદ રૂપ જ છે. એમાં નોંધપાત્ર ગણાય એવું ખંડેર અમદાવાદમાં સરખેજના રોજાના તળાવ ઉપર સુલતાન મહમૂદ બેગડાએ બંધાવેલા મહેલનું જ કહી શકાય. અમદાવાદના ભદ્રના સલ્તનત સમયના રાજમહેલોના તો પાયા પણ મળી આવતા નથી. માત્ર શાહજહાંએ શાહીબાગમાં બંધાવેલો મહેલ ને મુઘલાઇ સમયનો આઝમખાનનો મહેલ ઊભા છે. કાંકરિયા તળાવ અને શાહ આલમની વચ્ચે દાણીલીમડા ગામની પાસે ઇતિહાસપ્રસિદ્ધ ઘટામંડળના મહેલોના પાયા પણ મળતા નથી. જૂનાં મકાનોના પાયા ખોદી નવાં મકાનો માટે રોડાંનો ઉપયોગ થાય છે એ કારણથી આપણાં શહેરોની આસપાસથી કૉન્ટ્રાક્ટરો એવા પાયાઓનું નામનિશાન રહેવા દેતા નથી. આજે જંગલમાં દટાઈ ગએલા ચાંપાનેરની પણ એ જ સ્થિતિ છે; અને એના બડા તળાવ પરના વિશાળ 'દિલખુશ મહેલ'ના માત્ર પાયા દેખાય છે. અને એ પણ ચાંપાનેરમાં જંગલ થવાથી બચી શક્યા છે.

હાંપનાહ-રાજગઢના બાદશાહી મહેલોની પણ એવી જ સ્થિતિ છે.



જેનું આ લેખમાં વર્ણન કર્યું છે તે મૃગોપવનમાંનો, મહેમદાવાદ પાસે વાત્રક નદીને કિનારે ઊભેલો આજનો ખંડિયેર મહેલ જ્યારે જાહોજલાલ સ્થિતિમાં હશે ત્યારે કેવો હશે તે દર્શાવતું તેના અવશેષો પરથી સ્થાપત્ય-સિદ્ધાંતાનુસાર આલેખેલું કલ્પનાચિત્ર

અમદાવાદની દક્ષિણે મહેમદાવાદ ગામ છે. તેની નજીકમાં એક મહેલના પાયા મળી આવ્યા છે. તેનો ઇતિહાસ કાંઇક રસમય છે. મહેમદાવાદનું ખરું નામ મહમૂદાબાદ છે. અમદાવાદના સુલતાન મહમૂદ બેગડાએ, વાત્રક નદીના કાંઠાની હવા પસંદ આવવાથી, ત્યાં પોતાના નામથી એ શહેર વસાવ્યું. પરંતુ એની ખરી આબાદી એના પ્રપૌત્ર સુલતાન મહમૂદ ત્રીજાના સમયમાં વધી. આજે અમદાવાદથી મુંબાઈ તરફ જતાં, વાત્રક નદીનો પૂલ પસાર કર્યા પછી તરત જ જમણી બાજુ, એટલે કે વાત્રકને દક્ષિણ કાંઠે, એક વિશાળ ભીંત અને કેટલાંક જીર્ણ ખંડેરો નજરે પડે છે. મહેમદાવાદ આજે તો એક નાનું ગામ છે, પણ બાદશાહી સમયમાં એની શોભા ખૂબ હતી. એની નજીકમાં આજે રાજરોજીના નામથી મશહૂર એવો સૈયદ મુબારક બુખારીનો ભવ્ય રોજો આવેલો છે, તે ગુજરાતના મુસલમાન સ્થાપત્યમાં બહુ અગત્યનો ગણાય છે. મહેમદાવાદ પાસેનો ભમરિયો કૂવો તો પ્રસિદ્ધ છે.

વાત્રકના કાંઠે જે વિશાળ ભીંત દેખાય છે એ ખંડેરોની નોંધ આજ સુધી વ્યવસ્થિત રીતે લેવાઈ નથી; પણ આપણાં સ્થાપત્ય અને કલાના પ્રસિદ્ધ અભ્યાસી વડોદરાવાળા ડૉ. હરમાન ગટ્ઝ (જે વડોદરા મ્યૂઝિયમના ક્યૂરેટરપદેથી હમણાં મધ્યસ્થ સરકારના નૅશનલ મ્યૂઝિયમના ક્યૂરેટરપદે ગયા છે, ને જે હમણાં જ અમદાવાદમાં ભરાએલી પ્રાચ્યવિદ્યા પરિષદના કલાવિભાગના પ્રમુખ હતા) એમણે મુંબાઈના ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકમાં આ ખંડેરોની વિગત પ્રસિદ્ધ કરી છે અને એના એક મહેલના પાયા ઉપરથી એ મહેલ ઊભો હશે ત્યારે કેવો હશે એનું સંપૂર્ણ કલ્પનાચિત્ર પણ આપ્યું છે. (જુઓ મથાળે) આપણા સ્થાપત્યને માટે આધારભૂત ગણાય એવા એક વિદ્વાનને હાથે આ સંશોધન થયું છે એ પ્રાચીન અવશેષોના અભ્યાસીઓ માટે આનંદની વાત છે. એમણે તો મહેલના પડી ગએલા ને ઘસાઈ ગએલા જીર્ણ અવશેષો ઉપર સ્થાપત્ય-વિજ્ઞાનની પારિભાષિક રીત પ્રમાણે ચર્ચા કરી છે, જેની વિગતમાં ઊતરવાની અહીં જરૂર નથી. આપણે તો માત્ર આજ સુધી ન નોંધાએલા આ એક ઐતિહાસિક સ્થળની રસમય હકીકતો જ જોઈશું અને ડૉ. ગટ્ઝના વિદ્વત્તાપૂર્ણ લેખમાં રહી ગએલી ઐતિહાસિક મહત્ત્વની થોડી વાતો ઉમેરીશું.

ઈ. ૧૫૩૮માં ગુજરાતનો સમર્થ સુલતાન બહાદુરશાહ ગુજરાતની આસપાસના પ્રાંતો જીતીને ગુજરાતી સામ્રાજ્ય ખૂબ વધાર્યા પછી તુરતમાં જ મુઘલ સમ્રાટ હુમાયૂંથી હારી દીવ બંદરે જઇ રહ્યો, પરંતુ ગુજરાતના લોકોએ એ લોકપ્રિય બાદશાહને સહાય કરી મુઘલોને પાછા હાંકી કાઢ્યા. પણ બીજી બાજુ સમુદ્રમાં ફિરંગીઓ ખૂબ જોરમાં હતા. એમણે બહાદુરશાહને દીવના દરિયામાં કપટથી મારી નાખ્યો. એના મરણ પછી એનો ભત્રીજો મહમૂદ ત્રીજાનું નામ ધારણ કરી બાળક દશામાં જ ગાદીએ આવ્યો. આથી મોટા બળવાન અમીરોની સત્તા વધી ગઈ, અને એના સમયમાં ગુજરાત સલ્તનતનો અસ્ત થવા માંડ્યો. ઈ. ૧૫૫૪માં એ મરણ પામ્યો. તેની પછીના બે સુલતાનોના સમયમાં અમીરોએ ગુજરાત વહેંચી લીધું અને છેવટે ઈ. ૧૫૭૩માં અકબરે તેને જીતી લઇને મુઘલ સામ્રાજ્યનો પ્રાંત બનાવી દીધું.

આ સુલતાન મહમૂદશાહ ત્રીજાએ મહમૂદાબાદ–મહેમદાવાદમાં વાત્રકને કિનારે, ૭ માઈલ લાંબું અને ત્રણ માઈલ પહોળું એક સુંદર

ઉપવન બનાવ્યું હતું. એમાં એણે મહેલો બંધાવ્યા અને ઈ. ૧૫૪૯માં અમદાવાદથી રાજગાદી ખસેડી મહેમદાવાદને ઈ. ૧૫૫૩-૫૪ સુધી કામચલાઉ પાટનગર બનાવ્યું. આપણા ઇતિહાસની ઘણી પ્રસિદ્ધ વ્યક્તિઓએ મહેમદાવાદ અને એના એ મૃગોપવનની મુલાકાત લીધેલી છે. ગુજરાતની મુસલમાન સમયની સારી કહી શકાય એવી તવારીખ 'મિરાતે સિકંદરી'નો કર્તા સિકંદર બિન મંઝુ ઈ. ૧૫૫૩માં મહેમદાવાદમાં જ જન્મ્યો હતો. એના પિતા સૈયદ મુબારક બુખારીની નોકરીમાં હતો. એ સૈયદનો રોજો આજે પણ સારી સ્થિતિમાં મહેમદાવાદ પાસે સોજાલી ગામમાં ગુજરાતના મુસલમાન સ્થાપત્યની શોભા વધારે એવો ઊભો છે. ઈ. ૧૫૫૪માં સુલતાન મહમૂદ અવસાન પામ્યો ત્યારે સિકંદર નવજાત બાળક હતો અને આ મૃગોપવન એણે પોતાના ગામને પાદરે જોએલું, એટલું જ નહિ પણ એને લગતા ઐતિહાસિક સંજોગોની વાતો પણ પોતાના પિતા પાસેથી સાંભળેલી નોંધી છે. 'તબકાતે અકબરી' નામના ઇતિહાસગ્રંથના કર્તા નિઝામુદ્દીન અહમદે પણ આ ઉપવન જોએલું અને પોતે ત્યાં રહેલો. એણે પણ સિકંદરીના જેવું જ એનું વર્ણન કર્યું છે.

ડૉ. ગર્ડે પોતાના લેખમાં તવારીખ-ગ્રંથ સિકંદરી ઉપરથી ઐતિહાસિક ભૂમિકા તરીકે થોડું વર્ણન લીધું છે, અને એ ઉપવન એક વખત આખા હિંદમાં અજોડ સૌન્દર્યધામ હતું એમ કહ્યું છે. એ વાતને બધા ઇતિહાસગ્રંથો પણ ટેકો આપે છે. પણ એમાં એક ખરી ઐતિહાસિક હકીકત ઉપર એમનું ધ્યાન ગયું લાગતું નથી, અને ખુદ 'મિરાતે સિકંદરી'ના લેખકથી પણ એ જ ભૂલ થએલી લાગે છે. પરંતુ એના સમકાલીન હુસામુદ્દીનખાને ગુજરાતના ઇતિહાસ માટે ઘણા જ અગત્યના, એવા 'ઝફરૂલ વાલીહ બ મુઝફ્ફર વ આલીહ' નામના અરબી ગ્રંથમાં આ બાબતમાં એક અગત્યની નોંધ લીધી છે કે આ મૃગોપવન અથવા 'આહુખાના' એ માળવાની રાજધાની માંડુગઢની નજીકમાં આવેલી માલવ દેશની પ્રાચીનતર રાજધાની ધારમાં આવેલા એક ખૂબ સુંદર આહુખાનાની માત્ર નકલ હતી. એ અરબી ઇતિહાસકાર વધારામાં નોંધે છે કે હુમાયૂંએ માળવા જીત્યા પછી થએલી અવ્યવસ્થામાં મલ્લુખાન નામના એક ગુજરાતી અમીરે માળવાની ગાદી પચાવી પાડી અને કાદરશાહ નામ ધારણ કરી છ વર્ષ સત્તા ભોગવી. છેવટે શેરશાહ સૂરે એને ઈ. ૧૫૪૨માં હરાવી હાંકી કાઢ્યો તે પાછો ગુજરાતના સુલતાન મહમૂદના

પચ્ચીસ વર્ષ પહેલાં



કારતક ૧૯૮૫
અંક ૫૯મો

દેશભક્તિની દીપ્તિથી જ્વલંત, જેની અરધી-સદીની કારકિર્દીએ હિંદનાં સંતાનોમાં રાષ્ટ્રવાદની ઉષ્મા પ્રકટાવી, સિંહની ગર્જના સમા જેના વાણીટંકારે નિર્માલ્યોને પણ શૂરવીર બનાવ્યા, ધગધગતા લાવા જેવી જેની લેખિનીએ દેશને જાગૃતિની જ્વાળાઓથી સળગાવી મૂક્યો, એ લાલા લજપતરાયનું આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર, ઇ.૧૯૨૮ના નવેમ્બરની ૧૭મી તારીખે શનિવારે, બ્રિટિશ સામ્રાજ્યના સિપાઇની લાઠીના મારને પરિણામે અવસાન થયું. એને સ્મરણાંકિત કરવા એ પંજાબ-કેસરીના બેરંગી મુખચિત્ર સાથે પ્રેરક બાનીમાં એમનું જીવનચરિત્ર અમે એ જ માસના અંકમાં આપેલું. એમનું જીવન તો જાણીતું હોઇ એ ચિત્ર અમે આ નીચે આપીએ છીએ.



પણ જેને વિષેની હકીકતો સામાન્યતઃ ઓછી જાણીતી છે એ પ્રાણી 'શેળા' વિષે અમે કથારૂપ લેખ આપેલો તેનો સાર આજે પણ જિજ્ઞાસાતોષક હોઇ અહીં ઉતારવા જેવો છે:

"એક દિવસ હું અને ટીપુ અમારાં બંને ખેતરો વચ્ચેની તળાવડી પાસે બેઠા હતા એટલામાં ક્યાંક નાનું બાળક રડતું હોય એમ મને લાગ્યું. ચંચળ ટીપુ મોટી ફાળો ભરતો તે તરફ ઊપડ્યો. હું તેની પાછળ ગયો એવામાં અચાનક એ લાંબી ચીસ નાખી કૂદી ઉઠ્યો. જોઉં તો કાંટાનો એક નાનકડો ગોળો જમીન પર પડ્યો હતો; પણ મ તો બાળક રડતું સાંભળ્યું હતું ને આ શું? બાળક ક્યાં ગયું? એટલામાં ટીપુએ ધીમેધીમે પગ માંડી, ફરી એ કાંટાના ગોળા તરફ જવા માંડ્યું.

ત્યાં તો અમારી ટોળીનાં બધાં છોકરાં આવી પહોંચ્યાં. મેં મૂગામૂગા તેમને આંગળી વતી પેલો કાંટાનો ગોળો બતાવ્યો. એ જોઈને એક જણ બોલી ઉઠ્યાં: 'આ તો શેળો છે!'

ઘેર લાવીને મેં શેળાને રોડમાં જમીન ઉપર મૂક્યો. છોકરાંઓ સૌ ચોમેર ટોળે મળી રમત કરવા લાગ્યા. એક અટકચાળે વળી લોટો ભરી લાવી તેના પર પાણી રેડ્યું. એથી ગભરાઇને એણે પોતાનું આખું શરીર બહાર કાઢ્યું ને એકદમ નાઠો. હવે અમે એને બરોબર જોયો. નર્યો જાણે ઉંદર! ઉંદર જેવું મોઢું ને નાક; પણ પાછળ પૂંછડી તદ્દન બાંડી. રંગે પણ ઉંદર જેવો ભૂરો. લાંબો પણ ફૂટ કરતાં વધુ નહિ. પણ તેના આખા શરીરે કાંટા! ઇચ્છા પ્રમાણે ગોળ દડો બની જવાની કળા ને નાનું બાળક રડતું હોય તેવો અવાજ એ એની નવીનતા.

સામાન્યરીતે શેળો બહુ એકલવાયું જનાવર છે. એને કોઈની સોબત ગમતી જ નથી. એનો રંગ જમીન સાથે મળી જાય તેવો હોઈ કોઈ ત્યાંથી પસાર થાય તો પણ એને ખબર ન પડે. એના જીવનનો બચાવ કરવાનું મોટું સાધન તેના કાંટા ને દડો બની જવાની કળા છે. પણ એકલવાયો સ્વભાવ હોવા છતાં એને એક જગ્યાએ પડી રહેવું ગમતું નથી. એ બહુ રખડુ પ્રાણી છે. પણ એ કેળવી શકાય એવો જહાલસોયો ને સંતોષી હોય છે.

શેળો જેવો રખડુ તેવો જ પાછો આળસુ ને ઊંઘણશી! દિવસે તો એ લગભગ ઉંઘતો જ હોય છે; પણ રાત પડી કે ફરવા નીકળે. ખોરાક મેળવવાનો એનો એ સમય. રાતને વખતે જીવજંતુ થાકીને જંપી ગયાં હોય એટલે એને ખોરાક મેળવવો સુગમ થઈ પડે છે. અળસિયાં, ગોકળગાય, ઉંદર, ઝીણાં જીવડાં અને રડ્યાખડ્યા પડેલા અનાજના દાણા એ એના મુખ્ય ખોરાક. એની ચકોર ને આતુર આંખો એટલી તીક્ષ્ણ હોય છે કે એની નજરે ચડેલું જીવડું ભાગ્યે જ બચે. એના જેટલી સ્ફૂર્તિ ને ચપળતા પણ ઓછાં પ્રાણીમાં હોય છે. શિકાર નજરે પડ્યો કે ઝડપાયો જ છે અને છત્રીસ દાંતનો ખોરાક થઈ જઠરમાં પહોંચ્યો જ છે.

શેળો વર્ષમાં બે વાર વિયાય છે: વૈશાખ

ઊતરતાં, ને આસો તથા કારતકની વચ્ચે. કૂતરાંની પેઠે ચાર, પાંચ કે છ બચ્ચાંને એ જન્મ આપે છે. એ પણ કુરકુરિયાંની જેમ જન્મ વેળા આંધળાં હોય છે. વળી નાનાં હોય ત્યારે તેમના શરીર ઉપરના કાંટા ઘણા જ સુંવાળા હોય છે અને બીલકુલ ઊભા થઇ શકતા નથી. બેથી બે માસ સુધી તેમનું રક્ષણ શેળી કરે છે અને તેમને ધવડાવે છે. બચ્ચાં જન્મે ત્યારે સફેદ હોય છે, પણ પાછળથી ભૂરાં થઇ જાય છે. બચ્ચાં બે મહીનાનાં થયે હરતાં ફરતાં ને ખોરાક શોધતાં થઈ જાય એટલે શેળી તેમને હાંકી કાઢે છે ને તે સૌ પોતાનું ગુજરાન શોધી લે છે.

સવારનો પહોર હતો. અમે બધાં ભેગાં થઈ ઉનાળાના ગુલાબી પ્રભાતમાં ટીપુ અને શેળા સાથે આનંદ કરતા હતા. તેવામાં અમારી ટોળીમાંથીએક જણે બૂમ પાડી:'એ ...સાપ!' અમારું ધ્યાન તે તરફ જતાં જ અમે તો બૂમાબૂમ કરી મૂકી. એવામાં શેળાએ લાગ સાધી ને તરત દોટ મૂકીને સાપની પૂંછડી પોતાના મોંમાં પકડી લીધી અને ગોળ દડો બની ગયો! પૂંછડી પકડાઇ જવાથી સાપ ક્રોધે ભરાયો અને ભયંકર ફુફવાટ સાથે એના ઉપર પોતાની ફેણ પછાડી. પણ એને એ નાનકડા ગોળા પરના જીવલેણ કાંટાનો ખયાલ નહિ, એટલે ફેણ પછાડતાં જ ઊભા તીર જેવા કાંટા તેની સુંવાળી કોમળ ફેણમાં પેસીને લોહીનાં ટશિયાં ફૂટી આવ્યાં. એની વેદનાથી પીડાતા સર્પે બેવડા ક્રોધથી ભાન ગુમાવી ફરી જોરથી ફેણ પછાડી અને મૃતપ્રાય થઈ પડચો...

એક દિવસ સૌ ઓટલે બેસી વાતો કરતા હતા ને શેળો તથા ટીપુ આમતેમ ફરતા હતા. એવામાં એની નજર દૂર એક આંબાના ઝાડના થડ પર ગઇ. મોટા સસલા જેવા જનાવરને આખાં ને આખાં ગળી જાય અને પછી ઝાડના થડ સાથે વીંટળાઇ, ભરડો લઇ તેના અંગઉપાંગના ભુક્કા કરી નાખે એવો એક અજગર ઝાડ ઉપરથી પક્ષીઓનાં ઇંડાં ચોરી ખાઈ નીચે ઊતરતો હતો. સાપ અને અજગરને દીઠા ન મૂકે એ શેળાની દાઢ સળવળી ને તરત ત્યાં દોડી પહોંચ્યો. પરંતુ અજગર અને સાપને મારવામાં બહુ ફેર હોય છે. સાપને મારવા માટે તેની પૂછડી મોઢામાં લઇને તે પડચો રહે છે; પણ અજગરને તે ગરદન ઉપર દાંત બેસાડી દડો થઈ જાય છે, અને ગુસ્સે થએલો અજગર તે ઉપર પોતાનું મોઢું પછાડે છે. એમ બેત્રણ વખત કરે એટલે અજગર શક્તિહીન થઇ જાય છે. જોકે એટલો વખત સુધી શેળાને પણ એ જોરદાર પ્રાણીના પછાડા સહન કરવા પડે છે. અંતે અજગર મરી જાય છે. એના કાંટાને લીધે એને ગળી જવાની અજગરની હિંમત ચાલતી નથી. અમારી નજર આગળ આ રીતે જોતજોતાંમાં એણે અજગર જેવાનો જીવ લીધો.......



લોંકડી સાથેની લડાઈમાં શેળાને બહુ શ્રમ પડચો હતો, એટલું જ નહિ પણ અજગર જેવાને મારતાં જેને લોહી ન નીકળે તે આ ઝપાઝપીમાં સહેજ ઘવાયો પણ હતો. શેળો હવે બહુ બહાર ન જતો. એને પોતાના શરીર ઉપર ખૂબ જ દુ:ખ થતું હતું. એવામાં વળી એક દિવસ રાત્રે તે ફરવા નીકળ્યો. ત્યાં એક શિયાળ તેની પાછળ પડચો. શિયાળ બહુ લુચ્ચી જાત હોય છે. શ્રમથી થાકી ગએલો શેળો પથ્થરોના ઢગલા પાસે વિશ્રાંતિ લેતો બેઠો હતો, એવામાં શિયાળે પછવાડેથી પથ્થરના ઢગલા ઉપર ચડી પથ્થર ગબડાવ્યો! આ અચાનક હલ્લાથી ચપળ શેળો પણ ગભરાઇ ગયો, અને પોતે માંદો હોવાથી નાસવાનો પ્રયત્ન કરવા છતાં નાસી ન શકચો. નાસવાના પ્રયત્નમાં પથ્થર આવી પડવાથી તેની નીચે કચરાઈ જઈ મરણ પામ્યો.

પ્રભાતમાં અમારું મંડળ ભરાયું, પણ શેળો ન હતો. અમે ધારેલું કે એ હજી કદાચ ઊંઘતો હશે. ત્યાં તો ટીપુ એને ઘસડી લાવ્યો. ટીપુની આંખમાં દુ:ખનાં આંસુ હતાં.

મરેલું પ્રાણી ફેંકી દેવા સિવાય બીજા શા ઉપયોગમાં આવે? પણ અમારી એ બાળકબુદ્ધિ ઉપર અમારો નોકર હસ્યો. એણે કહ્યું, 'શેળા જીવતા જેટલા જ મરેલા યે ઉપયોગીછે. અગાઉ જ્યારે દવાખાનાં ન હતાં ત્યારે નાનાં છોકરાં ભરાઇ જાય (વરાધ થાય) ત્યારે મરેલા શેળાના થોડા કાંટા દેવતા પર મૂકી તેની ધુમાડી બચ્ચાંને આપતા. આથી તે રોગમુક્ત થઇ જાય છે. હજી યે આપણાં ગામડામાં આ ઉપાય ચાલુ છે અને દરેક ઘરમાં મરેલા શેળાનું ચામડું લોકો સાચવી રાખે છે. વિલાયતી દવાઓને લીધે એનો ઉપયોગ હમણાં હમણાં ઓછો થયો છે."

આશ્રયે આવી રહ્યો. આ મલ્લુખાને ગુજરાતના સુલતાન આગળ ધારના આહુખાનાની સુંદરતાનાં ખૂબ વખાણ કર્યાં અને એ ઉપરથી સુલતાને એવું ઉપવન મહેમદાવાદમાં બનાવ્યું.

સુલતાન મહમૂદ ત્રીજાનો દાદો સુલતાન મુઝફ્ફર બીજો જ્યારે માળવા જીતવા ગયો હતો ત્યારે એના અમીરોએ ધારના આહુખાનાનું વર્ણન એ બાદશાહ પાસે કરીને એ જોવા માટે તેને ખૂબ આગ્રહ કરેલો. ધારનું એ મૃગોપવન મહેમદાવાદની ભૂમિ કરતાં વધારે સુંદર અને રમણીય સ્થળ ઉપર આવેલું હતું. આજે જોકે એની નિશાની યે નથી, પણ જે વિશાળ સરોવરને કાંઠે એ બંધાએલું તે ધારનું એક સુંદર ધામ છે. ધાર દરિયાની સપાટીથી બે હજાર ફીટની ઊંચાઇએ હોવાથી ગુજરાતના કોઈ પણ સ્થળ કરતાં એનાં હવાપાણી સારાં છે. માળવાના સુલતાનો ગુજરાતી સુલતાનો કરતાં વધારે ઉડાઉ ને વિલાસપ્રિય હતા. ત્યાંના સુલતાન ગ્યાસુદ્દીને તો સુંદર સ્ત્રીઓનું એક જુદું શહેર જ વસાવેલું, અને એનો બધો વહીવટ સ્ત્રીઓ જ કરતી! રાજકાર્યમાં ધ્યાન આપવાને બદલે એ વિલાસમાં જ રચ્યોપચ્યો રહેતો, અને એનું ખરાબ પરિણામ એને ભોગવવું પડચું. ગુજરાતના સુલતાનો વેપારી દેશના અધિપતિ હોવાથી માળવી સુલતાનોની સરખામણીમાં વધારે વ્યવહારકુશળ અને ઓછા ઉડાઉ હતા, અને મુઝફ્ફર બીજો તો મોજશોખનો વિરોધી હતો. એનો પુત્ર બહાદુરશાહ મોજી તો હતો, પણ પાડોશી પ્રાંતો જીતી લેવામાં એનો ટૂંકો રાજ્યકાળ એવી રીતે ગયો કે એને પોતાની વિલાસવૃત્તિનું પ્રદર્શન કરવાનો સમય મળ્યો નહિ. પણ મહમૂદ ત્રીજો બાળક અવસ્થામાં જ ગાદીએ આવેલો હોઇ એના અમીરોએ પોતાની સત્તા ટકાવી રાખવાની દાનતથી એને કેફ તથા હલકી સોબતે ચડવામાં ઉત્તેજન આપ્યું. એનું પરિણામ એ અમીરોએ, મહમૂદે પોતે, અને આખરે આખા ગુજરાત દેશે ભયંકર રીતે ખમ્યું. પણ એની વિગતને અહીં સ્થાન નથી.

આ મૃગોપવન-આહુખાના-નું વર્ણન, ખૂબ આલંકારિક ભાષામાં, કાંઇક અતિશયોક્તિ પણ લાગે એવી રીતે, તવારીખકારે આપ્યું છે. પરંતુ મહમૂદનું ચારિત્ર્ય જોતાં એ ખરું હશે એમ માની શકાય. ડૉ. ગઢ્ઢ લખે છે કે આ આહુખાના-ઉપવનમાં મૃગો લાવીને છૂટા મૂકયા હતા તેથી એ નામ પડચું. તે સાથે એમાં મૃગલોચની સ્ત્રીઓને લાવીને વસાવી હતી તેથી પણ નામ પડચું હોય. પરંતુ ઉપર જોયું તેમ, નામ અને બાગ બંને માળવાની

માત્ર નકલ જ હતી. એમાં કરવામાં આવેલું બાંધકામ ગુજરાતી સ્થપતિઓને હાથે થએલું હતું એટલે એમાં જે ફેર પડ્યો તે જ માત્ર ફેર તરીકે ગણી શકાય. રાજધાની મહેમદાવાદમાં ફેરવ્યા પછી મહમૂદ આ ઉપવનમાં ઉત્સવો યોજતો ને શિકારો કરતો. એમાં બનાવેલાં બજારોમાં દુકાનદાર તરીકે સુંદર સ્ત્રીઓ બેસતી. એમાંથી અનેક મોજ-મજાહની ચીજો એ અને એના દોસ્તો ખરીદતા. આ વર્તનને લીધે સુલતાન સામે વિરોધ જાગતો ગયો. બુરહાન નામના એક હલકા માણસની સોબત સુલતાને કરેલી એનો પણ ખૂબ વિરોધ થયો. બુરહાનને ધર્મ અને નીતિની મર્યાદા ખુલ્લી રીતે છોડીને ખરાબ મોજમાં પ્રવૃત્ત થએલો સુલતાને જાતે જોયો ત્યારે એને સખત સજા પણ કરી ને માફી પણ આપી. બીજી વખત એવો ગુનો જોઈ એને ફરી સજા ફરમાવી, પરંતુ એનો અમલ થતાં પહેલાં એ જ આહુખાનાના મહેલમાં બુરહાને સુલતાન મહમૂદને કેફ આપી પછી મારી નાખ્યો! આ બધી ઘટનામાં કેટલાંક રાજદ્વારી કારણો હોય એવી ગંધ પણ ઇતિહાસને સૂક્ષ્મ નજરે જોતાં લાગે છે, પરંતુ અહીં એ વર્ણનને સ્થાન નથી. ઈ. ૧૫૫૪માં આ મૃગોપવન બાંધનાર મોજીલો સુલતાન એ જ ઉપવનના મહેલમાં અવસાન પામ્યો. એને ત્યાંથી સરખેજ લાવીને એના પ્રપિતામહ મહમૂદ બેગડા અને દાદા મુઝફ્ફર બીજાની કબરની બાજુમાં દફન કરવામાં આવ્યો અને વિવેકહીન મોજશોખનું પરિણામ કરુણ રીતે આવ્યું. એ આહુખાનાના વિશાળ મહેલમાં અમદાવાદથી સૂરત જતાં ઇ. ૧૫૭૩માં અકબરે પણ એક રાત ગાળેલી.


આ મૃગોપવન અથવા આહુખાનાનું તવારીખકારે આપેલું વર્ણન જોવા જેવું છે. મિરાતે સિકંદરી જણાવે છે કે "સુલતાન મહમૂદ એના ઉમરાવોની સત્તામાંથી જ્યારે છૂટો થઈ સ્વતંત્ર થયો ત્યારે એણે મોજ-મઝામાં સમય ગાળવા માંડ્યો. અમદાવાદથી મહેમદાવાદ આવી ત્યાં મોટી ઈમારતો બાંધી મોટો બાગ બનાવ્યો. એનો વિસ્તાર લંબાઈમાં બે ફરસંગ (છ માઈલ) અને પહોળાઈ લશ્કર સહેલાઈથી લડી શકે એવડી (ત્રણ માઈલ) હતી. એનું નામ આહુખાના રાખ્યું. કોઇકોઈ ગ્રંથ એને 'મેદાને અસ્પ તાખ્તન' (ઘોડા દોડાવવાની જગ્યા) પણ કહે છે. આ મેદાનમાં અનેક ઝાડ રોપાવ્યાં, અને એને ચારે ખૂણે ચાર મોટી ઈમારતો બંધાવી. એની દીવાલો અને છતના ભાગ ઉપર સોનાનો ઢોળ ચડાવેલો હતો. આ દરેક મહેલના દરવાજા આગળ એક રસ્તો બનાવેલો હતો, ને રસ્તાની બંને બાજુ દુકાનો બનાવી હતી. દરેક દુકાન પર એક સુંદર છોકરી બેસતી હતી, અને એમાં મોજશૉખની બધી વસ્તુઓ, ખુશનુમા પીણાં, મધુર મેવા, સુગંધી ચીજો વગેરે મળતું. આ મકાનોની આસપાસ સુંદર બગીચા કર્યા હતા અને વહેતા ઝરા બનાવી એને લીલા રાખવામાં આવતા હતા. આ ઉપવનનાં ઝાડનાં થડને મખમલ તથા કીનખાબથી મઢી લીધેલાં હતાં અને ડાળીઓને અતલસ તથા કિનખાબથી વીંટેલી રખાતી હતી! આવા સુશોભિત બાગમાં સુલતાન મૃગલોચની સ્ત્રીઓ સાથે, સૂર્ય જેમ એક નક્ષત્ર ઉપરથી બીજા નક્ષત્રમાં જાય તેમ ફરતો. આ ઉપવનને કોટ પણ હતો."

તવારીખના આ વર્ણન, તથા આજે ઊભેલી જીર્ણ ભીંતો તેમજ પાયા ઉપરથી ડૉ. ગટ્ઝે એ મહેલ જ્યારે ઊભો હશે ત્યારે કેવો હશે એનું કલ્પનાચિત્ર દોરાવ્યું છે. ૪૯ વારનાં બે મોટાં માળવાળાં ચોરસ મકાનો અને તેની વચ્ચે બંને મકાનોને જોડનારો ગૅલેરી જેવો એક રસ્તો હતો. બંને મકાનોમાં વચ્ચે ચૉક હતો અને એમાં ફુવારા માટેના હોજ હતા. મકાનની બગીચા તરફની બાજુએ એક વિશાળ ઓટલા પર મંડપ હતો. તવારીખોમાં જે દુકાનોનું વર્ણન કર્યું છે તે રસ્તામાં હોય એવું લાગે છે. ડૉ. ગટ્ઝે આ બધી વિગતો આપી છે, મકાનને માળ હશે તે કેવો હશે, એમાંનાં લાકડાના પાટડાનું અને અગાશીનું બાંધકામ કેવું હશે, એમાં આજે જે ગોખ જીર્ણ અવસ્થામાં દેખાય છે તેમાં કેવાં ચિત્રો હશે, એ બધી વિગતોનું વર્ણન સારીરીતે આપેલું છે. પણ અહીં એમાં ઊતરવાથી વિસ્તાર વધી જાય. એમણે બીજા પ્રાંતોમાં આવેલા પ્રાચીન મહેલોના અવશેષો સાથે એની જે સરખામણી કરી છે તે પણ જાણવા જેવી છે. જેમને બાંધકામની આ જાતની વિગતોમાં રસ હોય તેમણે એમના એ લેખ જોવા જેવા છે. ઈંટ-ચૂનાનાં મકાનોમાં ભીંતો અને છતને સુંદર બનાવવા માટે આજથી ચારસો વર્ષ પહેલાં કેવાં સાધનો વપરાતાં હતાં. ચૂનાનું છોબંધ કામ આરસના પથ્થર જેવી સફાઈવાળું કેવી રીતે થતું હતું, કેવા રંગ થતા હતા, કેવાં ચિત્રો થતાં હતાં તેનો પણ ખયાલ તે પરથી આવી શકે છે. ચિનાઈ વાસણો જેવી અગર આજનાં ગ્લેઈઝ્ડ ટાઈલ્સ જેવી રચના ભીંતોમાં એ જમાનામાં થતી હતી એમ પણ જણાઈ આવે છે.

મહેમદાવાદ પાસેનો ભમરિયા કૂવો તો ગુજરાતભરમાં પ્રસિદ્ધ છે. અને એની અદ્ભુત બાંધણીથી આજે જીર્ણ દશામાં છતાં જોનારને એ મુગ્ધ કરે છે. આ કૂવો ગુજરાતની વાવો જેવો જ સ્થાપત્યની દૃષ્ટિએ મહત્ત્વનો છે. વાવ કરતાં એની બાંધણી જુદી જ જાતની છે. વચ્ચે મોટો પહોળો કૂવો આવેલો છે અને એની આસપાસ ભીંતોમાં બેઠકો કરી ઊતરવા માટે સીડી બનાવેલી છે. બેઠકોમાં ઉગ્ર ગરમીની મોસમમાં પણ ખૂબ ઠંડક મળી રહે છે. કૂવાની ભીંતો પણ ઉપર વર્ણવી એવી ચળકાટવાળી છોની બનાવેલી છે, પણ આજે તો એ ખૂબ જ જીર્ણ દશામાં છે. આ કૂવો ઉપર્યુક્ત મૃગોપવનનો જ એક ભાગ છે. મૃગોપવન જ્યારે સારી સ્થિતિમાં હશે ત્યારે એમાં આવા કૂવા, ઝરા, નાનાં સરોવરો અને કુંડો, લતાકુંજો, નાનામોટા વિહારમંડપો, મોજમઝા માટેનાં ગુપ્તસ્થળો વગેરે પણ હશે એવું વર્ણન ઉપરથી સમજાય છે. 'તબકાતે અકબરી'ના લેખક અમદાવાદથી આ ઉપવનની સહેલ મારવા વારંવાર મહેમદાવાદ જતા હતા. એ ભમરિયા કૂવા જેવો પણ એનાથી કાંઈક જુદી બાંધણીનો એક કૂવો ચાંપાનેર પાસેના 'બાગે હાલલ'–હાલોલ ગામમાં આજે પણ ખંડેર દશામાં છે. એમાં ગોળાકારમાં સાત કૂવા ભાગ પાડીને કરેલા છે અને એ બધાની વચ્ચે બેઠક માટે મંડપ કરેલો છે. એટલે ગુજરાતમાં મુસલમાન સમયમાં બાગ, ઉપવનો તથા અનેક પ્રકારના કૂવા થતા હતા એમ જણાય છે.

આજે તો મહેમદાવાદ પાસેના આ એક સુંદર અને વિશાળ ઉપવનમાં ઉપર વર્ણવેલી ભીંતોનાં જીર્ણ ખંડેર અને ભમરિયા કૂવા સિવાય બીજું કાંઈ દેખાતું નથી. આસપાસની જમીન જંગલી છોડ અને ઘાસથી છવાઈ ગઈ છે. ઉપરનું વર્ણન તો આહુખાનાના માત્ર એક ખૂણે આવેલા મહેલનું જ છે. એવા તો ચાર મહેલો ચારે ખૂણે હતા, અને બીજાં નાનાં મકાનો પણ હતાં. એ બધાંનું આજે કાંઈ નામોનિશાન નથી. આટલા પાયા અને ભીંતો પણ રહી ગઇ છે તે મહેમદાવાદમાં કોઈ બાંધકામના કૉન્ટ્રાક્ટર પેધા નહિ પડ્યા હોય તેથી બચી છે. આજે ઊભેલા એ ખંડેરને રક્ષિત ઈમારતોના કાયદા પ્રમાણે નોંધેલું પણ નથી, અને એની જે સ્થિતિ છે તે જોતાં કોઇની નજર ખેંચાય એવું પણ નથી. એટલે ડૉ. ગટ્ઝે એના તરફ ગુજરાતની આ વિ[illegible] રસ લેતી પ્રજાનું ધ્યાન દોર્યું છે તે નોંધપાત્ર છે. એમણે આપેલા આ કલ્પનાચિત્રની ઢબે ગુજરાતના આજના અસંખ્ય અવશેષો ઊભા હશે ત્યારે કેવા હશે તેનાં ચિત્રો દોરાવી પ્રાચીન ગુજરાતી સ્થાપત્ય માટે રસ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે. દાખલા તરીકે અમદાવાદ પાસે સરખેજ ને શાહઆલમનાં મકાનોનાં સમૂહોનાં આવાં કલ્પના-[illegible] દોરાય તો એ ખૂબ જ મનોહર થઈ શકે.

આંધ્ર ભાષાવાર પ્રાંતરચનાના સિદ્ધાંત ઉપર રચાએલું ભારતનું પહેલું નવનિર્મિત રાજ્ય



નવનિર્મિત આંધ્રની રાજ્યમુદ્રા.

તા. ૧લી ઑક્ટોબરથી અસ્તિત્વમાં આવેલું આન્ધ્ર રાજ્ય એ, હિંદના જુદાંજુદાં રાજ્યોની ભાષાદષ્ટિએ પુનર્રચના કરવાની દિશામાં પહેલું પગથિયું છે. જોકે આ અલગ રાજ્ય અસ્તિત્વમાં તો હમણાં આવ્યું, પરંતુ એ માટેનું આંદોલન તો દાયકાઓ પહેલાં શરૂ થએલું. ઈ. ૧૯૦૭–૮ માં મછલીપટ્ટમ્ મુકામે આન્ધ્રોની એક પરિષદ મળેલી, જેમાં મદ્રાસ ઉપરાંત હૈદરાબાદ રાજ્યના આન્ધ્રોએ પણ ભાગ લીધેલો. શરૂઆતમા તો આ પરિષદનું કાર્ય સમાજ સુધારાનું રહ્યું, પરંતુ એના ગંતુર અધિવેશન સમયે એણે રાજકીય સ્વરૂપ પકડ્યું અને વહીવટી મુશ્કેલીઓને લીધે આન્ધ્રપ્રદેશને મદ્રાસથી અલગ પાડવાની માગણી કરી. એ વખતના હિંદના વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજે એના તા. ૨૫ મી ઑગસ્ટના ખરીતામાં રજૂ કરેલી પ્રાંતિક સ્વશાસનની યોજનામાં પ્રાંતોની ભાષાવાર પુનર્રચનાનો સિદ્ધાંત સ્વીકારેલો એથી પ્રોત્સાહિત થઇને આન્ધ્રપરિષદે ઈ. ૧૯૧૩માં આવી જાહેરમાગણી કરેલી.

ત્યાર બાદ ઇ.૧૯૧૬માં મજકુર પરિષદે ભાષાદષ્ટિએ હિંદના પ્રાંતોની પુનર્રચનાની માગણી કરતો મુસદ્દો કૉંગ્રેસ પાસે રજૂ કર્યો અને ૧૯૧૭ના ડિસેમ્બરમાં કલકત્તા મુકામે ભરાએલા કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજી અને શ્રીમતી બેસંટના વિરોધ છતાં લોકમાન્ય ટિળકના ટેકાથી આન્ધ્રો પોતાની અલગ પ્રાંતિક કૉંગ્રેસસમિતિ મેળવવા સફળ થયા ને ૧૯૧૮ના જાન્યુઆરીની ૨૦મીથી આ અલગ સમિતિ અસ્તિત્વમાં આવી. એ પછી ઈ. સ. ૧૯૨૬માં આન્ધ્ર યુનિવર્સિટી ઊભી થઈ. ત્યાર બાદ અલગ આન્ધ્ર માટેનું આંદોલન ઉત્તરોત્તર ચાલુ જ રહ્યું અને એ પ્રશ્ન અવારનવાર વડી ધારાસભાના ઉપલા સભાગૃહમાં તેમજ મદ્રાસ ને મુંબાઈની ધારાસભાઓમાં પણ ચર્ચાવા લાગ્યો.

પરંતુ સ્વરાજનો મુખ્ય પ્રશ્ન જ્યાં સુધી ન પતે ત્યાં સુધી ભાષાવાર પ્રાંતરચના જેવા નાના નાના પ્રશ્નોની પતાવટ મુલતવી રાખવાનું કૉંગ્રેસે ઈ. ૧૯૩૬ના જુલાઇમાં નક્કી કર્યું. ઇ. ૧૯૪૭ના ઑગસ્ટમાં અંગ્રેજોએ હિંદમાં ઉચાળા ભરતાં સ્વરાજનો મુખ્ય પ્રશ્ન પતી ગયો એટલે કૉંગ્રેસ સામે પાછો ભાષાવાર પ્રાંતરચનાનો પ્રશ્ન ખડો થયો. જયપુર અધિવેશન વખતે એણે શ્રી જવાહરલાલ નેહરૂ, સ્વ. વલ્લભભાઈ પટેલ તથા કૉંગ્રેસના એ વખતના પ્રમુખ શ્રી પટ્ટાભી સીતારામય્યાની સમિતિ આ પ્રશ્ન અંગે નીમી. સમિતિએ તેના જે. વી. પી. રીપોર્ટ'નામે જાણીતા અહેવાલમાં આન્ધ્રની પુનર્રચનાની ભલામણ કરી. એ પહેલાં બહાર પડેલા ન્યાયમૂર્તિ ધરના અહેવાલમાં ભાષાવાર પ્રાંતરચનાનો સિદ્ધાંત સ્વીકારાયો ન હોવા છતાં આંધ્રની વિશિષ્ટ પરિસ્થિતિ લક્ષમાં લઇ તેની પુનર્રચનાની ભલામણ કરવામાં આવેલી.

અલગ આન્ધ્ર માટેની માગણી સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી તો એટલી જોરદાર બની કે ૧૯૪૯ના અંતમાં મદ્રાસ રાજ્યના તેલુગુભાષી જિલ્લાઓની અલગ રાજ્ય તરીકેની પુનર્રચના અંગે સરકારને એક વિભાજન સમિતિની નિમણૂક કરવી પડી. આ સમિતિએ ૧૯૫૦ના જાન્યુઆરીની ૯મીએ પોતાનો અહેવાલ મધ્યસ્થ સરકારને સુપ્રત કર્યો અને એ વરસની ૨૬મી જાન્યુઆરીએ અલગ આન્ધ્ર રાજ્ય અસ્તિત્વમાં આવશે એવી આશા આન્ધ્રોમાં જન્મી. એ દિવસ આવ્યો અને ગયો, પરંતુ અલગ રાજ્ય અસ્તિત્વમાં ન આવતાં આન્ધ્રોમાં નિરાશા વ્યાપવા માંડી. કેટલીક વહીવટી મુશ્કેલીઓનું નિરાકરણ શોધવા માટે ન્યાયમૂર્તિ વાંચુની નિમણૂક કરવામાં આવી, પરંતુ અધીરા બનેલા આન્ધ્રો આ પ્રશ્નને વિલંબમાં પડતો સહી ન શક્યા અને શ્રી પોત્તી શ્રીરામુલુએ એની તાત્કાલિક રચના માટે ઉપવાસ પર ઊતરી પોતાના જીવનનો અંત આણ્યો. આ દુર્ઘટના પછી મધ્યસ્થ સરકારે ૧૯૫૩ના ઑક્ટોબરની ૧લીએ અલગ આન્ધ્ર રાજ્ય રચવાનો નિર્ણય જાહેર કર્યો.



ભાષાવાર પ્રાંતરચનાના સિદ્ધાંતને અમલમાં મૂકતાં દેશના વધુ ભાગલા પડશે એવો ભય

વ્યક્ત કરવામાં આવે છે; પણ હકીકતમાં એ સિદ્ધાંતના ધોરણે પુનર્રચના થતાં અત્યારના વિભાગો ઓછા થશે. અત્યારના મદ્રાસ, મુંબાઈ, મધ્યપ્રદેશ, ત્રાવણકોર-કોચીન, મ્હૈસુર, હૈદરાબાદ, કૂર્ગ, સૌરાષ્ટ્ર, કચ્છ, વિંધ્યપ્રદેશ ને ભોપાલ એ અગિયાર રાજ્યો માત્ર સાત જ રાજ્યોમાં પુનર્ગઠિત બનશે: આન્ધ્ર, તામિલ, કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત અને વિંધ્ય-કોશલ.

આન્ધ્ર રાજ્ય મદ્રાસના નીચેના બાર જિલ્લાઓને અલગ પાડીને બનાવવામાં આવ્યું છે: કર્નૂલ, બેલારી, અનંતપુર, કુડાપ્પા, નેલોર, પૂર્વ ગોદાવરી, પશ્ચિમ ગોદાવરી, કૃષ્ણા, ગુંતૂર, વિશાખાપટ્ટમ, શ્રીકાકુલમ અને ચિત્તૂર. આ રીતે મદ્રાસથી આન્ધ્ર અલગ પડતાં બાકી રહેલા મદ્રાસ રાજ્યનો વિસ્તાર ૪,૧૯,૦૦,૦૦૦ એકરનો રહ્યો છે જ્યારે આન્ધ્ર રાજ્યનો વિસ્તાર ૩,૮૦,૦૦,૦૦૦ એકરનો છે. નવા રાજ્યની વસતિ ૨,૧૨,૩૫,૮૪૭ની રહેશે જ્યારે મદ્રાસની ૩,૫૭,૧૬,૪૮૫.

આન્ધ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી હૈદરાબાદ રાજ્યના તેલુગુ ભાષી જિલ્લા સહિત વિશાલ આન્ધ્ર માટેની આન્ધ્રોની માગણી હજુ ઊભી જ છે. ઓરિસ્સામાં આવેલા ગંજમ્ ને કોરાપુર, મધ્યપ્રદેશમાં આવેલા દક્ષિણ બસ્તર ને ચંદા તથા હૈદરાબાદના વરંગળ, કરીમનગર, આદિલાબાદ, મેડક, અતરાફેબાલદા, નાળગોન્ડા અને મહબૂબનગર જિલ્લાઓનો સમાવેશ વિશાલ આન્ધ્રની માગણીમાં થએલો છે.

કર્નૂલ સહિત ચાર જિલ્લાઓ સામાન્યતઃ રાયલસીમા નામે ઓળખાય છે, કારણકે રાય તરીકે જેના સમ્રાટો ઓળખાતા એ વિજયનગરના અવશેષો આ ચાર જિલ્લાઓમાં પથરાએલા છે. એમને 'સીડેડ ડિસ્ટ્રિક્ટ્સ' પણ કહે છે, કેમકે પહેલાં એ નિઝામની હકૂમત હેઠળ હતા, પરંતુ ઈ. ૧૮૦૦માં નિઝામે બ્રિટિશોને તે આપેલા. અત્યારના રાજ્યનું પાટનગર કર્નૂલ રાખવામાં આવ્યા સામે જે વિરોધ થઇ રહ્યો છે તે આ દૃષ્ટિએ ખોટો છે, કારણ કે કર્નૂલ તો કામચલાઉ પાટનગર છે અને વિશાલ આન્ધ્ર અસ્તિત્વમાં આવતાં ચારમિનારનું



આંધ્રમાં હિંદુપુર ગામથી નવ માઈલે લેપાક્ષી નામે ગામડામાં વીરભદ્રસ્વામીનું પ્રાચીન મંદિર છે. ઈ. ૧૫૩૮માં બંધાએલા વિજયનગર ઢબના એ મંદિરની ભીંતો પરનાં ચિત્રો તેની સૌન્દર્યશ્રી માટે જાણીતાં છે. એ ચિત્રો 'શિવપાર્વતીના લગ્ન'ના ચિત્રમાંનું મૃદંગ વગાડનારું અલંકારપ્રચૂર પાત્ર. ૩૩૨મા અંકમાં એ મંદિરનો પરિચય આપી ગયા.

હૈદરાબાદ શહેર જ તેનું પાટનગર બનવાનું એ નિશ્ચિત છે.

કર્નૂલ એ લગભગ ખાડામાં પડેલું શહેર છે એમ કહીએ તો ચાલે. રાજ્યની ઉત્તર સરહદ પર એ આવેલું હોઈ થોડીક વહીવટી મુશ્કેલી નડે એ પણ સંભવિત છે. રાયલસીમા પ્રદેશમાં તુંગભદ્રા અને હંદરી નદીઓના સંગમ પર આવેલું એ શહેર મદ્રાસથી ૩૫૦ માઈલ અને હૈદરાબાદથી ૧૫૦ માઈલના અંતરે છે. દરિયાની સપાટીથી ૯૦૦ ફૂટ ઊંચે ચાર ચોરસ માઈલમાં વિસ્તરેલા એ શહેરની વસતિ ૧૯૫૧ની વસતિગણતરી મુજબ માત્ર ૬૦,૦૦૦ છે ને વાર્ષિક ૯,૧૫,૦૦૦ આવક ધરાવતી પ્રથમ કક્ષાની મ્યુનિસિપાલિટી, પાંચ હાઈસ્કૂલો તથા ત્રણ કૉલેજો એ ધરાવે છે. એક માત્ર મુસલમાન સૂબા અબ્દુલ વહાબના રોજા સિવાય કશા પ્રાચીન અવશેષો એ નથી ધરાવતું.

ચાલુક્યોના શાસનકાળ વખતે આ કર્નૂલથી આઠેક માઇલ પર આવેલા આલમપુર મુકામે વિશાળ મંદિર બંધાતું હતું ત્યારે પથરા લઇ જતાં ગાડાંઓના પૈડાંને ઊંજવા માટે કર્નૂલનું સ્થળ પસંદ કરવામાં આવેલું. આ ઊંજણ સ્થળ તેલુગુમાં 'કુંડનવોળુ' નામે ઓળખાતું અને તેનું અપભ્રષ્ટ રૂપ તે આજનું કર્નૂલ.

કર્નૂલની આસપાસ ઘણાં રમ્ય સ્થળો આવેલાં છે. તેના વન્ય વિસ્તારને વિકસાવી શકાય તો આનંદવિહારનું એ રમ્ય સ્થળ બની શકે.

આન્ધ્ર જાતિ એ દક્ષિણની ઘણી પ્રાચીન જાતિ છે અને એના જૂનામાં જૂનો ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં આવે છે, જેમાં એને આર્યાવર્તના દક્ષિણ ભાગના છેડે વસતી પ્રજા તરીકે ઓળખવામાં આવી છે. વિંધ્યાચળની દક્ષિણે આવેલા પ્રદેશના બે ભાગ પાડીએ તો કૃષ્ણા અને તુંગભદ્રાની દક્ષિણે આવેલો પ્રદેશ દ્રાવિડ દેશ તરીકે અને પૂર્વ તરફ છેક વિંધ્યાચળ સુધી વિસ્તરેલો પ્રદેશ આન્ધ્રદેશ તરીકે ઓળખાતો આવ્યો છે. અત્યારે ઘણાખરા તેલુગુભાષીઓ જેનું પ્રતિનિધિત્વ ધરાવી રહ્યા છે એ આન્ધ્રજાતિનો સમાવેશ આર્ય જાતિમાં છે. એ લોકો સંબોધનમાં આજે પણ કોઈ માનનીય વ્યક્તિને 'અય્યા' ('આર્ય'નું પ્રાકૃત રૂપ) શબ્દ વાપરે છે. વાનર જાતિના વાલીનું રાજ્ય જ્યાં હતું તે કિષ્કિંધા પ્રદેશ પણ આ જ. કૂટનીતિજ્ઞ ચાણક્ય, ભાષ્યકાર વિદ્યારણ્ય મુનિ, વૈષ્ણવાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય અને ત્યાગય્યા જેવા સંતો તથા નાનય્યા જેવા કવિઓ એ જાતિમાં પેદા થએલા છે. વર્તમાનકાળની વાત કરીએ તો ચાલતી મોટર રોકનાર અને બબ્બે હાથીઓનું વજન છાતી પર ઝીલનાર 'હિંદી હર્ક્યુલિસ' તરીકે વિશ્વવિખ્યાત સ્વ. કોડી રામમૂર્તિ આન્ધ્રના હતા અને આજના બે મહા ક્રિકેટરો શ્રી સી.કે. નાયુડુ અને શ્રી સી.એસ. નાયુડુ પણ આન્ધ્રના છે. રમતગમતમાં આન્ધ્રોને ખૂબ રસ છે અને ક્રિકેટ, ફૂટબૉલ, લૉન ટેનિસ વગેરેમાં રાષ્ટ્રવ્યાપી ખ્યાતિ ધરાવતા ખેલાડીઓ તે ધરાવે છે.

ચન્દ્રગુપ્ત મૌર્યના કાળ સુધી આન્ધ્ર જાતિનો છૂટક છૂટક ઉલ્લેખ પુરાણોમાં મળે છે. એનો સુસંબદ્ધ ઇતિહાસ સાતવાહન અથવા શાલીવાહનથી મળે છે. ઈ.સ. ૭૮માં શક લોકોને હરાવીને શાલીવાહને પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો અને એ પ્રસંગની યાદગીરીમાં પોતાના નામનો 'શક' પ્રવર્તાવ્યો, જે હજુ પણ ચાલે છે અને એની વર્ષગણનાનો પ્રારંભ ચૈત્ર સુદિ એકમથી થાય છે. સાતવાહનોનો સમય ઈ.પૂ. ૨૦૦ થી ઈ.સ. ૨૦૦ સુધીનો એટલે લગભગ ૪૦૦ વર્ષનો ગણવામાં આવે છે. એમનું રાજ્ય ખૂબ વિસ્તરેલું હતું. ગોદાવરીના કિનારા પર આવેલું પ્રતિષ્ઠાન (હાલનું પૈઠણ જે કેટલાકના મતે સાતવાહનોનું પાટનગર હતું) કૃષ્ણાતીરે આવેલું ધાન્યકટક, ઇંદોર, નાશિક, વૈજયન્તી વગેરે એ રાજ્યનાં સમૃદ્ધ વ્યાપારકેન્દ્રો હતાં. રોમ, ઈરાન, ચીન અને પૂર્વના બીજા પ્રદેશો સાથે એમનો વેપાર ચાલતો.



સમૃદ્ધ કુદરતી સાધનો ઉપરાંત રમ્ય નિસર્ગશ્રીથી શોભતા આંધ્રમાં ઘણાં યાત્રાધામ છે, જે સૌંદર્યધામ પણ છે. એમાંનું એક સ્વર્ણમુખી નદીને કિનારે આવેલું કલહસ્તિનું મંદિર ભારતીય સ્થાપત્યકલાનો સુંદર નમૂનો ગણાય છે. મનોરમ ટેકરીની પશ્ચાદભૂ સાથેનું એ મંદિરનું દશ્ય.

સાતવાહનોના સમય પછી દક્ષિણમાં બૌદ્ધ ધર્મનું જોર વધ્યું. સાતવાહનો વૈદિક ને બૌદ્ધ બંને ધર્મોને સરખું ઉત્તેજન આપતા, પણ એના પછીના ઈક્ષ્વાકુ વંશના રાજાઓએ બૌદ્ધ ધર્મ પ્રત્યે પક્ષપાત દાખવતાં બંનેના અનુયાયીઓ વચ્ચે ઘર્ષણ શરૂ થયું. નાગાર્જુન કોંડામાં શ્રીપર્વત બૌદ્ધોનું એક મહાન તીર્થધામ બની ગયું અને અનેક બૌદ્ધ ચૈત્ય, સ્તૂપ તથા વિહાર અસ્તિત્વમાં આવ્યા. ઈ. ૨૦૦થી ૨૮૦ સુધીના ઈક્ષ્વાકુઓનો કાળ એ બૌદ્ધધર્મના પ્રચારનો જ કાળ કહી શકાય.

કાંચીના વૈદિક ધર્માનુયાયી પલ્લવોએ ઈક્ષ્વાકુઓનો પરાજય કરીને આન્ધ્રમાંથી એ રાજવંશનો અને સાથે બૌદ્ધ ધર્મનો પણ અંત આણ્યો. એમના પછીના શિવભક્ત વિષ્ણુકુંડીઓએ આન્ધ્રને ત્રિલિંગ દેશ–તેલુગુ દેશ—બનાવ્યો ને જ્યાંજ્યાં વિહારો હતા તેને શિવાલયોમાં ફેરવી નાખ્યા. એ વિષ્ણુકુંડીઓએ કુલ ૧૦ અશ્વમેધ યજ્ઞો કર્યા કહેવાય છે.

આ વિષ્ણુકુંડીઓના સમયમાં આન્ધ્ર દેશનો પ્રભાવ વધ્યો, પણ એમના પછીના ચાલુક્યવંશ આગળ એમનું તેજ ઝાંખું પડે છે. ચાલુક્યોએ ઉત્તરમાં રાજ્ય વિસ્તારવા માંડ્યું. એ વંશના સમ્રાટ પુલકેશીના દરબારમાં અનેક વિદેશી એલચીઓ નજરાણાં સાથે આવતા. અજંતાનાં કલાધામો આ રાજવંશના શાસન દરમિયાન જ અસ્તિત્વમાં આવેલા. તેલુગુ ભાષાનો વિકાસ પણ એ શાસન દરમિયાન જ થયો.

એ પછી કાકતીય જાતિના ત્રણ-સવા ત્રણ સો વર્ષના અમલ બાદ આન્ધ્ર રાજ્ય નાના નાના ટુકડાઓમાં વહેંચાઇ ગયું, જેમાં છેલ્લું ને સૌથી મહત્ત્વનું રાજ્ય વિજયનગરનું હતું. ઈ. ૧૫૬૫માં તાલીકોટના યુદ્ધમાં તેનો પરાભવ થતાં મુસલમાન સત્તા સર્વોપરિ બની. પછી તો વિજયનગરનો પરાજય કરનાર બ્રાહ્મણી રાજ્યનું યે પતન થયું ને તેના અવશેષોમાંથી નવો કુતુબશાહી વંશ મોખરે આવ્યો. ઔરંગઝેબે એ વંશનો અંત આણી ત્યાંના વહીવટ માટે અસફજાહ (નિઝામ-ઉલ-મુલ્કની) નિમણૂક કરી. આ નિઝામે પછી સ્વતંત્ર થઇને ભાગાનગરને પોતાની રાજધાની બનાવી જે હૈદરાબાદ તરીકે જાણીતું થયું.

નવનિર્મિત આન્ધ્ર રાજ્યમાં ઔદ્યોગિક ક્રાન્તિનો તો હજુ પ્રારંભ જ થએલો હોઇને એની આવકનો મુખ્ય આધાર ખેતીવાડી રહેશે. ગરમ, સુતરાઉ ને રેશમી કાપડનું વણાટકામ એ ત્યાંનો મુખ્ય ઉદ્યોગ છે. અને આન્ધ્ર લોકો પોતાના વણાટકૌશલ પર તો મગરૂબ છે. આજે પણ, ૧,૩૩,૦૦૦ જેટલી હાથશાળ ત્યાં છે. મોટા ઉદ્યોગોમાં ખાંડનાં ૩, કાગળનું ૧, શણનાં ૪, સીમેન્ટનાં ૨, કાપડનાં ૬, રેશમનાં ૨, રસાયણનાં ૨, પોલાદનું ૧, ઇજનેરી ૧ ને ઔષધનાં ૨ કારખાનાં છે. ત્યાં એની ખનિજસંપત્તિ તો અત્યંત વિપુલ છે. લોઢું, સીસું, રૂપું, અબરખ, મૅંગેનીઝ, બૉક્સાઇટ, બેરાઈટ, ક્રોમાઇટ, ગ્રેફાઈટ, કોરન્ડમ જુદાજુદા ફૉસ્ફેટ્સ, ઍસ્બેસ્ટૉસ, સુરમાની ધાતુ, ચૂનો, કોલસો, ચિરોડી વગેરે ઉપરાંત જુદાંજુદાં રત્નો પણ તેની જમીનમાંથી મળી આવે છે.

આ ખનિજસંપત્તિ મુખ્યત્વે આન્ધ્રની પૂર્વેથી પશ્ચિમે વાયવ્ય ભણી ઢળતી જે વનાચ્છાદિત ગિરિમાળા ચાલી જાય છે તેમાં ભંડારાએલી છે. આ ગિરિમાળા પૂર્વઘાટનો જ વિસ્તાર છે. તેનાં શિખરો પશ્ચિમઘાટ જેટલાં તો નહિ પણ ૧૫૦૦થી ૨૦૦૦ ફૂટની ઊંચાઇએ પહોંચે છે. એ ટેકરીઓ વચ્ચે કુંભમનું સુંદર નૈસર્ગિક સરોવર આવેલું છે અને ત્યાંનાં જંગલો લાલ તથા કાળા રંગની વનરાજિને કારણે તેલુગુમાં અનુક્રમે ‘ચેર્રા’ ને ‘નલ્લા’ જંગલોને નામે ઓળખાય છે. મધ, તથા ઔષધીય વનસ્પતિઓ ઉપરાંત રંગની બનાવટમાં ઉપયોગી જુદાજુદા રંગની માટી, તેમજ સ્લેટો, ફરસબંધી તથા સીમેન્ટ-ઉદ્યોગના ઉપયોગમાં આવતા પોચા કાળા પથ્થરોથી આ ચેર્રા–નલ્લા પ્રદેશો સમૃદ્ધ છે. ચેંચુ અને સોગલી આદિવાસીઓ તથા વાઘચિત્તા આદિ હિંસ્ર પશુઓ આ વનોમાં રહે છે. તિરૂપતિ અને શ્રીશૈલમ્ જેવાં જાણીતાં તીર્થસ્થાનો ઉપરાંત કેટલાંક સ્થાનિક મહત્તા ધરાવતાં તીર્થો પણ તે ધરાવે છે.

ગોદાવરી, કૃષ્ણા, પેનાર તથા બીજી અનેક નાની નદીઓથી સીંચાતો ૪૦૦ માઈલ લાંબો સાબરકાંઠો ધરાવતો આન્ધ્રપ્રદેશ વિશાખાપટ્ટમ જેવું બંગાળના ઉપસાગર પરનું ભારતનું અગત્યનું બંદર ધરાવે છે, જ્યાં વહાણો બાંધવાની જંગી ગોદી છે.

આમ, વિપુલ માનવશક્તિ, તથા જળ, જમીન અને જંગલની મબલખ સમૃદ્ધિથી ભર્યુંભર્યું આ નવોદિત રાજ્ય પ્રગતિ માટે ઘણી મોટી તક ધરાવે છે.

ભાઉરાવ (અનુ. પૃ. ૪૨૦થી)

'હા જી.'

'આ વર્ષે થર્ડ ઈયર છે ને?'

'નાજી, હું ફાઈનલમાં છું. આપે મને કંઈ મદદ કરવાનું કહ્યું હતું ને?'

'હા,હા જરૂર. પણ ફર્સ્ટ ક્લાસમાં આવવું પડશે.'

'તો પછી ક્યારે આવું?'

'આવતી કાલે.'

'ભલે.'

'પણ દસ પછી જ. તે પહેલાં હું ઊઠતો નથી.'

તે ગયો પણ ભાઉરાવને ઊંડા વિચારમાં ગરકાવ કરતો ગયો. વિચાર કરતા કરતા ભાઉરાવ પાસેની રાજકમલ હોટેલમાં ગયા અને પોતાની હમેશની જગ્યાએ બેસી બીડી ચેતવી. કાગળનું પડીકું છોડી તેમાંથી પાન કાઢી મોઢામાં ખોસ્યું. જગદીશ વિષેના વિચારોથી હજી તેમનું મન મુક્ત થયું ન હતું. માબાપ નાનો મૂકી ગુજરી ગયાં. પેટે પાટા બાંધીને તેણે પોતાના નાના ભાઈને ભણાવ્યો, અને હવે પોતાને ભણતરનો નાદ લાગ્યો છે. આ જ જીવન સાર્થક છે...

કોઈના ખાંસવાના અવાજે ભાઉરાવની વિચારમાળા તોડી. અણ્ણાસાહેબને હોટેલમાં આવતા જોઈ ભાઉરાવે ઊઠીને તેમને ટેકો આપ્યો અને પોતાની પાસેની ખુરશી ઉપર બેસાડ્યા. છોકરાને પાણી લાવવાનો ઇશારો કરી ભાઉરાવ થોડીવાર અણ્ણાસાહેબના વાંસા પર હાથ ફેરવતા રહ્યા. ખાંસી થંભ્યા પછી, પાણીનો ગ્લાસ સામે ધરતાં ભાઉરાવે પૂછ્યુ, 'અણ્ણા, અત્યારે રાતના નવ વાગે ક્યાં ગયા હતા?'

'એક વ્યાપારીએ વિદ્યાલયને મદદ કરવાનું કહ્યું હતું, તે લઇને ઘેર પાછો જતો હતો.'

'માફ કરજો, અણ્ણા! પણ કામ કરવાની તમારી શું આ ઉંમર છે હવે? ગરીબ વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણનો બંદોબસ્ત કરી તમે તો તમારો જન્મ સફળ કર્યો. હવે તો આરામ કરો.'

'પછી જીવન શા માટે છે? જો પોતાથી અને પોતાના શરીરથી-જ પ્રેમ કરવાનો હોય તો જ્ઞાનની શી જરૂર છે?'

'ઠીક ત્યારે. રહ્યું અમારું. અરે, એઈ, બે સ્પેશ્યલ ચા લાવ. જરા આદુ નાખજે અંદર.'

'ના,ના,? મને ચા ન જોઇએ. હું હવે જઈશ.'

'એમ તે કંઈ ચાલે? આમાં શો વાંધો છે? જરા સ્ફૂર્તિ આવશે.'

'પણ...'

'પણ શું?'

'એ બે આના તમે ગરીબ વિદ્યાલયને આપી દો. બહુ જ જરૂર છે. મેં હજી સુધી તમારી સમક્ષ મદદ માટે કોઈ દિવસ હાથ નથી લંબાવ્યો, કારણ કે મને તમારા ખર્ચની ખબર છે...'

'આ લ્યો દસ રૂપિયા તમારા વિદ્યાલય માટે. હવે તો ચા લેશો ને?' કહીને ભાઉરાવે દસ રૂપિયાની નોટ અણ્ણાસાહેબના હાથમાં મૂકી. ચા પી લઇને તેમણે બહાર જઇને એક ટાંગો ભાડે કર્યો અને અણ્ણાને વિદાય કરી ફરી તે હોટેલમાં આવ્યા અને ખિસ્સામાં બચેલા ત્રણ રૂપિયા ગણી પોતાની જગ્યાએ બેઠા.

ફરીવાર તેમનું મન જગદીશ અને અણ્ણાસાહેબના વિચારોથી ઉભરાવા લાગ્યું: 'ખરે જ કેવું ખરાબ, કેવું નીચ, કેવું સ્વાર્થી અને બેપરવા છે આપણું જીવન!! છિ: હવે જીવન સુધારવું જોઇએ. બીજાઓ પ્રત્યે પ્રેમ રાખવો અને ગૃહજીવન સારુ કરવું. પત્ની અને બાળકો પ્રત્યે હું કેવો ખરાબ વર્તાવ રાખું છું! મારો વર્તાવ ફક્ત બેપરવા જ નથી, હીન અને દુષ્ટ પણ છે. બસ, આજથી જ-આ ક્ષણથી જ હું બધા પ્રત્યે સારું વર્તન રાખીશ. પત્ની માટે ફાટેલો સાડલો, છોકરાં માટે ફાટેલાં કપડાં, અને આ હું કેવો ખર્ચ કરું છું! છિ: બંધ, આજથી બંધ. રોજ રોજ વળી સિનેમા અને તમાશા શા? અને ક્યારેક ક્યારેક તો પેલી... બસ, બધું બંધ આજથી. આ બધું સારું ન જ કહેવાય. અણ્ણાએ મારી પાસેથી પૈસા માગતાં ખચકાવું, પત્નીએ મારાથી ડરવું, છોકરાંઓએ મારા પ્રત્યે તિરસ્કાર રાખવો...'

સાડા દસના ટકોરે તેમને તંદ્રામાંથી જગાડ્યા તે ભાનમાં આવ્યા. ચંપલ પગમાં નાખીને તે હોટેલની બહાર નીકળ્યા. જઇને તપાસ કરી તો ત્રીસ ફરક આવ્યો હતો. દોઢસો રૂપિયાની નોટો ખિસ્સામાં નાખી તે ત્યાંથી બહાર નીકળ્યા, એટલામાં ફરી બજરંગની મુલાકાત થઈ ગઇ! તે તેમને એક ગાનારીને ત્યાં લઈ ગયો ત્યાં સાડાબાર વાગ્યે ગાયન પૂરું થયું અને ભાઉરાવ તથા બજરંગ દોઢ વાગ્યે બહાર નીકળ્યા.

બજરંગ એક ગલીમાં અદૃશ્ય થયો અને ભાઉરાવ મુખ્ય રસ્તા ઉપર ચાલતા રાજકમલ હોટેલમાં આવ્યા. માલિક ગલ્લા ઉપર બેઠો-બેઠો ઝોલાં ખાઈ રહ્યો હતો. તેના મોટા પેટ ઉપર ધીમેથી થાપટ મારતાં ભાઉરાવ 'આં! હા...હા...હા...' કરીને જોરથી હસ્યા. તેમના હસવાનો અવાજ સાંભળી, થાંભલાને ટેકે ઊભાંઊભાં ઝોકાં ખાતો નોકર ચમકીને લપસ્યો અને નીચે પડ્યો. હસવાનો બીજો એક અવાજ સાંભળી ભાઉરાવે તે તરફ જોયું તો જગદીશ ચા પી રહ્યો હતો.

'અલ્યા, આટલી રાતે તું અહીં, જગદીશ?'

'પરીક્ષા નજીક છે. અભ્યાસથી કંટાળ્યો એટલે ચા પીવા આવ્યો.'

'સારું સારું.'

'પછી કાલે સવારે આવું ને?' જગદીશે પૂછ્યું.

'અરે હા, તને પૈસા જોઈએ છે, કેમ?' ખુરશી ઉપર બેસતાં ભાઉરાવે બીડી ચેતવી. પાન ગલોફામાં ખોસી ઘડીક તે ધુમાડાનાં ચિત્ર-વિચિત્ર ગૂંચળાં પ્રત્યે જોઈ રહ્યા. અણ્ણા અને જગદીશના વિચારો ફરી તેમના મનમાં ઊભરાયા. 'તારે કેટલા રૂપિયા જોઇએ?'

'મારે જોઇએ છે તો ઘણા.'પણ......'

'અરે, પણ ઘણા એટલે કેટલા?'

'એક સો ને વીસ. બે ટર્મની ફી બાકી છે અને......'

ભાઉરાવે ખિસ્સામાં ખોસેલી નોટો બહાર કાઢી, ઠીક કરી પૈસા ગણ્યા. પછી એક પાંચની નોટ ખિસ્સામાં નાખતાં કહ્યું, 'લે આ.'

'કેટલા છે?'

'તારે જરૂર છે તેટલા.'

'સાચ્ચે જ?!' આનંદ અને આશ્ચર્યથી તે બોલી ઊઠ્યો.

'હા.'

જગદીશ ગદ્‌ગદિત થઈ નીચો વળ્યો. ભાઉરાવના પગને તેનો ધ્રૂજતો હાથ સ્પર્શ કરે તે પહેલાં જ ભાઉરાવે તેના બંને હાથ પકડી ઊભો કર્યો ને પ્રેમથી કહ્યું, 'ગાંડો ક્યાંનો! પગે ભગવાનને લગાય. જા, સૂઈ જા.'

જગદીશ ગયો. કોણ જાણે કેટલા વાગ્યા હશે: હોટેલની પાછળની બત્તી બંધ થઈ અને ભાઉરાવ બીડી ચેતવી બહાર નીકળ્યા.

વાતાવરણ શાંત હતું. રસ્તો નિર્જન બન્યો હતો. સૂનકાર અને નિઃસ્તબ્ધતાના શાંત ધબકારા વાતાવરણમાં સંભળાતા હતા. વાતાવરણમાં શાંતિ લહેરાતી હતી અને ભાઉરાવનું મન પણ શાંત હતું. વિકાર અને વિચારોથી તેમનું મન અલિપ્ત બનીને વાતાવરણની નિઃસ્તબ્ધતાની જેમ શાંત થઈ ગયું હતું. પોતે કરેલા ઉપકાર બદલ તેમને આનંદ ન હતો; અને કરેલાં પાપ બદલ દુઃખ પણ ન હતું. બધું શાંત હતું, ભાઉરાવ પણ શાંત હતા અને દરરોજના નિયમ પ્રમાણે આજે પણ તેઓ શાંતિથી ઊંઘી જનાર હતા. **જયંત વ્યાસ**

(શ્રી. પ્રભાકર ગણેશ બાપટના મૂળ મરાઠી ઉપરથી)





આ યુવાની, આ ખુમારી, આ નજાકત, આ નજર!
કેટલાં દિલ હચમચાવી નાખશે કોને ખબર!!
કિન્તુ માસુમ ફૂલ જેવા રૂપને ક્યાં ખ્યાલ છે?
જિંદગી બરબાદ કરશે કાં ભ્રમર, કાં પાનખર!!!
(કવિતા) —જયંતીલાલ દવે

ટી. પ્રકાશમ : નવનિર્મિત આન્ધ્ર રાજ્યના પ્રથમ વડા પ્રધાન

આન્ધ્ર રાજ્યને અસ્તિત્વમાં લાવવા પાછળ જેમનો જીવનભરનો શ્રમ રહેલો છે એવી વ્યક્તિઓમાંના એક શ્રી ટી. પ્રકાશમ્ છે. આન્ધ્રમાં એમના જેટલી લોકપ્રિય વ્યક્તિ બીજી કોઇ ભાગ્યે હશે, અને એટલે જ એ નવનિર્મિત રાજ્યના વડા પ્રધાનપદે એમની થએલી વરણી સામે ક્યાંય વિરોધનો સૂર ઊઠવા નથી પામ્યો. એક વારના એ ચુસ્ત કૉંગ્રેસીએ પક્ષમાંના મતભેદો અંગે કૉંગ્રેસથી વિરુદ્ધ પડી ગયા ચૂંટણીજંગમાં તેની સામે મોરચો માંડેલો, ને છેલ્લે પોતે જે પક્ષના નેતા હતા તે પ્રજા-સમાજવાદી પક્ષને છોડી કૉંગ્રેસ સાથે પુનઃ સહકાર સાધ્યો હોવા છતાં તેમની લોકપ્રિયતાને મુદ્દલ આંચ નથી આવી અને આવવાનો સંભવ પણ નથી. શ્રી પ્રકાશમને માટે એવો ભય અસ્થાને છે. એ કૉંગ્રેસ પક્ષમાં હોય કે કમ્યુનિસ્ટ પક્ષમાં, એમની કામના સદા પ્રજાહિતની રહેવાની એની એકેએક આન્ધ્રવાસીને પૂરતી ખાતરી છે.

આજે એંશી લગભગ પહોંચેલી વયે બીજી કોઇ વ્યક્તિએ તો રાજકારણમાંથી નિવૃત્તિ સ્વીકારી લીધી હોત, પરંતુ શ્રી પ્રકાશમ્ એ માટીના નથી. જિંદગીની પ્રત્યેક ક્ષણને કાર્યપ્રવૃત્ત રાખવાની પહેલેથી જ એમને આદત પડી ગએલી છે. એમની દેશદાઝ જેટલી ઉત્કટ છે એટલો જ વિરલ એમનો ત્યાગ છે. ગાંધીજીની અસહકારની હાકલ સાંભળી એમણે દેશના આઝાદી જંગમાં ઝુકાવ્યું તેના પહેલાંના છ મહિનાની એમની સરેરાશ માસિક આવક રૂા. ૮૦૦૦ હતી. એમની શ્રીમંતાઈ ત્યારે અનેકને ઇર્ષ્યા ઉપજાવતી. પહેલા વર્ગનો ડબ્બો રીઝર્વ કરાવ્યા વિના એ મુસાફરી ન કરતા. ઊંચામાં ઊંચાં રેશમી કપડાં સિવાય બીજું વસ્ત્ર શરીરને ન અડાડતા. એકાદ મહારાજા જેવો ત્યારે એમનો દમામ હતો. મકાનો, જમીન વગેરે સ્થાવર મિલકત ઉપરાંત લાખોની જંગમ મિલકત એમણે જમા કરેલી.

પરંતુ દેશની હાકલ પડતાં એમણે એ ધરખમ આવક જતી કરી એટલું જ નહિ, પણ પોતાની સંચિત સઘળી સંપત્તિ પણ દેશોન્નતિ અને આઝાદીના જંગને વધુ વેગવાન બનાવવા પાછળ ખરચવા માંડી. આન્ધ્રમાં આઝાદી માટેનો અપ્રતિમ મોરચો રચી એ 'આન્ધ્રકેસરી' બન્યા. અને એમની ગર્જનાઓ ખરેખર કેસરી જેવી જ હતી. એમણે શરૂ કરેલા 'સ્વરાજ્ય' પત્રથી આ દેશના વિદેશી શાસકો સદા ભડકતા રહેલા. એના જેવું નિર્ભીક અને ઉદ્દામ પત્ર ત્યારે બીજું એકે ન હતું. લોકો પર એ પત્રે એવો જાદુ કરેલો કે બ્રૉડવેની એની કચેરી પર સાંજે બહાર પડનારા પત્ર માટે બપોરના છેક ત્રણ વાગ્યાથી લોકોની ઠઠ જામતી.



ટી. પ્રકાશમ્

'સ્વરાજ્ય'ને એમણે આઝાદીની લડતનું એક સાધન બનાવ્યું હતું. પત્ર દ્વારા થતા પ્રચાર ઉપરાંત એ જાતે આન્ધ્રના ગામડે ગામડે ઘૂમતા ને વિદેશી ધૂંસરી ફેંકી દેવા લોકોને તૈયાર કરતા. 'સ્વરાજ્ય' પરદેશમાં વસતા હિંદીઓનું પણ માનીતું પત્ર થઈ પડેલું, પરંતુ વ્યવસ્થાપકોની અણઆવડતને લઇને તેનું તંત્ર તૂટી પડ્યું. એજન્ટો પૈસા ખાઈ જતા, ઉઘરાણીનાં નાણાં કૅશિયર પાસે પહોંચ્યા પહેલાં અદ્ધરથઇ જતાં પણ કોઈ પૂછનારું ન હતું. પરિણામે ધંધાદારી નજરે 'સ્વરાજ્ય'નું સાહસ નિષ્ફળ

માસમાસના પંખી [૯૪]

ચકલાં



માણસથી ચકલાં ને ચકલાંથી માણસ એટલાં તો પરિચિત છે કે તેનાં વર્ણન-પરિચયની ભાગ્યે જ જરૂર પડે. વસતિ વચ્ચે અતિશય ધમાલિયા કે તદ્દન શાંત એવા ગમે તેવા વાતાવરણમાં તે બીજા કોઈ પણ પંખી કરતાં વધુ ટેવાઈ જાય છે. આખો દિવસ ચકચક, શેરીનો કચરો ઘરમાં વેરવો, જ્યાં ત્યાં ચરકવું, જે કંઈ જીવડાં કે દાણા નજરે ચડે તે પેટમાં ઓરવાં, ને કામ ન હોય ત્યારે પીંછાં ઓળવાં ને પ્રેમ કરવો અને પરિણામે બારેમાસ પ્રજનન કરવું તથા ક્યારેક વળી લાગ મળ્યે કાગડો પોતાનાં બચ્ચાં ઉઠાવી જાય ત્યારે કાળો કકળાટ કરી, ઘડી પછી બધું ભૂલી, ફરી એની એ માયામાં લપટાઇ જવું, આવો, આપણા દેશની સામાન્ય જનતા જેવો જ ચકલાંનો જીવનક્રમ છે.

શિયાળામાં નવો પાક ઊગી નીકળે ત્યારે ચકલાં તેના પર ટોળાબંધ ઊતરી પડે છે, એટલે એ કાળ દરમિયાન વસતિ વચ્ચે તે કંઈક ઓછાં નજરે પડે છે. ઝીણી જિવાત ખાઈ આપણને કંઈક ફાયદો કરી આપતાં આ પંખી આમ પાકને ઠીકઠીક નુકસાન પણ કરે છે. એમનાં આ પર્યટનો વખતે તેઓ ઝાડ પર રાત ગાળે છે. ચકલીની નાજુકતા ને ચકલાની કાળી ડોક (જુઓ ઉપરનું ચિત્ર) તે બંનેને જુદાં તારવવાની પૂરતી નિશાની છે. એશિયા, યુરોપ ને ઉત્તર આફ્રિકાના આ વ્યાપક પંખીને અમેરિકા અને ઑસ્ટ્રેલિયામાં પણ વસાવાયું છે.

પાંખ પર રતૂમડા પટા તથા ગળા પર પીળા ચાંદલાવાળી આ ચકલાંની એક 'રાજી' નામની જાત થાય છે. એ જંગલમાં તો નહિ પણ માણસની વસતિથી દૂર ખેડાઉ પ્રદેશમાં જ ઝાડ પર રહે છે. એનાં નરમાદા દેખાવે તો સરખાં જ, પણ માદાને પાંખ પર રતૂમડા પટા નથી હોતા, તેમજ ગળા ઉપરનો પીળો ડાઘ પણ કંઈક ફિક્કો લાગે. ઉનાળામાં તે કોઇ ઝાડની બખોલ જેવામાં માળો કરી તેમાં બે ઈંડાં મૂકે છે. જ્યારે ચકલાં બારે માસ કોઈ ચીજની આડશે ગમે ત્યાં માળો કરી તેમાં દર વખતે ત્રણથી પાંચ ઈંડાં મૂકે છે.

ગયું. પરંતુ પત્રકારત્વની દૃષ્ટિએ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય-આંદોલનમાં પોતાની યશોજ્જ્વલ કારકિર્દીની રેખા તે અંકિત કરતું ગયું.

આ સાહસ ભલે નિષ્ફળ ગયું, પણ એ દ્વારા લોકોની સાચી નાડ શ્રી ટી. પ્રકાશમ્ પારખી શક્યા હતા. લોકોનાં દુઃખદર્દ એ સમજતા થયા હતા તેમજ એ સમજીને એ પ્રત્યેની કેવળ નિષ્ક્રિય સહાનુભૂતિથી સંતોષ ન માનતાં તેમનાં દુઃખદર્દમાં ભાગ પડાવતા થયા હતા અને પોતાનાં સાધનોની મર્યાદામાં શક્ય એટલી હદે એના નિવારણમાં પ્રવૃત્ત થયા હતા. જનસેવાની આ પ્રવૃત્તિએ એમની સંપત્તિને ક્ષય લાગુ પાડ્યો અને એ ઘસાતી ચાલી, પણ શ્રી પ્રકાશમે એની પરવા ન કરી.

એક બાજુ સંપત્તિક્ષય અને બીજી બાજુ પોતે વરેલા માર્ગમાં ભેટતી અસંખ્ય મુસીબતોએ જેવાતેવા આદમીને કાં તો નિષ્ઠુર અથવા તો પાગલ બનાવી દીધો હોત, પરંતુ શ્રી પ્રકાશમના હૃદયની કુમાશ જેવી ને તેવી રહી છે, ઊલટી વધી છે, અને માનસિક સ્વાસ્થ્યમાં પણ કશી ક્ષતિ પહોંચવા નથી પામી. એમની ઉદાત્ત ત્યાગભાવના અને અપ્રતિમ ધૈર્ય કરતાં યે લોકોની વચ્ચે લોકોના જેવી સામાન્ય સ્થિતિના સ્વીકારે એમને લોકપ્રિય બનાવવામાં વધુમાં વધુ ભાગ ભજવ્યો છે એમ કહી શકાય. રાજકારણમાં પડનારા સૌ કોઈ દરિદ્રનારાયણની સેવાનો ઉદ્દેશ આગળ ધરતા હોય છે, અને આજે તો વધુમાં વધુ મતદાનશક્તિ એ વર્ગ પાસે હોઈ એનો પુરસ્કાર અનિવાર્ય છે, પરંતુ એની સેવા પાછળ જાતે પણ દરિદ્રતાની કક્ષાએ પહોંચનારી વ્યક્તિઓ વિરલ હોય છે, અને એમાંના એક શ્રી પ્રકાશમ્ છે. અલબત્ત, દેશબંધુ દાસ ને મોતીલાલ નેહરુનો દેશને ખાતર કરેલો ત્યાગ અસામાન્ય હતો, પરંતુ ભવિષ્યની કશી જ જોગવાઈ ન રાખતાં, આવી પડતી મુશ્કેલીઓનો સહર્ષ સ્વીકાર કરનાર તરીકે તો શ્રી પ્રકાશમ્ કદાચ અજોડ છે. પોતાની જેમ જ જીવતી અને પોતાના સરખાં સુખદુઃખ અનુભવતી આવી વ્યક્તિ એકેએક આન્ધ્રવાસીની પરમ શ્રદ્ધાસ્પદ બને તેમાં શી નવાઈ?

આત્મવિશ્વાસ એ શ્રી પ્રકાશમના સામર્થ્યનો મોટામાં મોટો સ્રોત છે. એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ એમને કોઈ પણ મંડળીમાં અલગ તારવી આપ્યા વિના નથી રહેતું. એમને વધુમાં વધુ રોષ હોય તો તે એક બાજુ અમર્યાદ સંપત્તિ અને બીજી બાજુ અસીમ ગરીબી સર્જ્યે જતા આજના મૂડીવાદી અર્થકારણ પ્રત્યે. આની વિરુદ્ધ એમણે પોતાનું નવું અર્થકારણ રચ્યું છે, અને તે છે ગ્રામ પ્રજાસત્તાકો રચી, પૈસાની લેવડદેવડનો અંત આણીને વસ્તુવિનિમયના ધોરણ પર સમાજ અને રાજ્યનું તંત્ર વિકસાવવાનું. એ કેટલી હદે વ્યવહારુ ગણાય એ પ્રશ્ન છે, પણ શ્રી પ્રકાશમને તો તેમના આ સ્વયોજિત અર્થકારણમાં પૂરી શ્રદ્ધા છે.

લોકોની સાથે લોકોના જેવું જીવતા અને હરેક સંકટમાં તેમને પડખે રહેતા શ્રી પ્રકાશમમાં આન્ધ્રવાસીઓને એટલી હદે શ્રદ્ધા છે કે 'પ્રકાશમ્ કદિ ખોટું કરે જ નહિ' એવી એમની દૃઢ માન્યતા બંધાઈ જવા પામી છે. અને શ્રી પ્રકાશમ્ પણ એક વ્યક્તિ ન રહેતાં આન્ધ્રવાસીઓની આશાઓ અને આકાંક્ષાઓનું મૂર્તિમંત પ્રતીક રહ્યા છે.

મૂળા

કારતક શરૂ થતાં સરસ મૂળા આવવા લાગે છે. તેમાં 'મારવાડી' કહેવાતા મૂળા પ્રમાણમાં ઘણા મોટા, ખાવામાં તિખાશ ઓછી, પાંદડામાં તંતુભાગ ઓછો અને સહેલાઈથી ચાવી શકાય એવા કાંદા.

લોકોક્તિ છે કે કારતકમાં મૂળા ખાવા પથ્ય છે; પણ ચરકે અહિતતમ આહારમાં મૂળાનો ઉલ્લેખ કરતાં કહેલું છે કે 'મૂલકધમકન્દાનામ્' અર્થાત કન્દમાં મૂળો અધમાધમ છે. છતાં એનો દવા તરીકે ઉપયોગ તો છે જ. મૂળાનાં પાન પાચનમાં હલકાં, રુચિ પેદા કરનારાં અને ગરમ છે. કાચાં ખાવાથી પિત્ત વધારે, પરંતુ એના પાનનું શાક ઘીમાં કરી ખાવામાં આવે તો ગુણકર્તા છે. મૂળાનાં બીજ અને પાંદડાં મૂત્રલ, રેચક અને પથરીને ગાળીને પેશાબ વાટે બહાર કાઢવામાં ઉપયોગી છે.

નરણા કોઠે મૂળા ખાવાથી છાતીમાં દાહ થાય છે ને પિત્ત ઉશ્કેરાય છે. પરંતુ ખોરાકની મધ્યમાં કાચા મૂળા ખાવાથી રુચિ વધે છે અને સારા પ્રમાણમાં મૂળાનાં પાન ખાવાથી પેશાબની છૂટ રહે છે તેમ દસ્ત પણ સાફ આવે છે. અર્શ(હરસ)ના દર્દીને મૂળાનાં પાન અથવા એનો રસ આપવાથી ફાયદો કરે છે. બરોલવાળાને પણ મૂળા ફાયદાકારક છે. મૂળાના કાંદા કરતાં તેનાં પાનના રસમાં ગુણ વધુ છે.

—વૈદ્યશાસ્ત્રી જાદવજી નરભેરામ

હેબીઅસ કૉર્પસ

એ શબ્દ છાપાંઓમાં ઘણી વાર વાંચવામાં આવે છે, પણ તેનો સ્પષ્ટ અર્થ ઘણાને માલૂમ નથી હોતો. માનવીના મૂળભૂત અધિકારોનો સ્વીકાર એ લોકશાહીનો—ખુદ સંસ્કૃતિનો પ્રાણ છે. આપણા દેશના રાજબંધારણના ત્રીજા ખંડમાં એ મૂળભૂત અધિકારોનો સ્વીકાર થએલો છે, જેમાં વ્યક્તિના બોલવા, લખવા, હરવાફરવા, એકત્ર અને સંગઠિત થવા, તથા ગમે તે ધર્મ પાળવા કે ગમે તે ધંધો કરવા વગેરેના અધિકારોનો સ્વીકાર કરવામાં આવેલો છે. પરંતુ માનવીનો એક મૂળભૂત અધિકાર જો અમાન્ય રાખવામાં આવે તો આ બધા અધિકારો માત્ર દેખાવના અને ફારસરૂપ બની રહે છે. આ અધિકાર છે કાયદેસર કેસ ચલાવ્યા વિનાની અટકાયતથી મુક્ત રહેવાનો અધિકાર.

આપણા બંધારણની કલમ ૨૨ માં એવી બાંહેધરી આપવામાં આવી છે કે 'ગિરફતાર થએલી કોઈ પણ વ્યક્તિને તેની ગિરફતારીનાં કારણોની વહેલામાં વહેલી તકે જાણ કર્યા વિના અટકાયતમાં રાખવામાં નહિ આવે.' વળી વધુમાં એ જણાવે છે કે 'ગિરફતાર થએલી અને અટકાયતમાં રખાએલી વ્યક્તિને, એની ગિરફતારીના સ્થળ તથા અદાલત વચ્ચેનું અંતર કાપવામાં લાગતા સમયને બાદ કરતાં, ચોવીસ કલાકની અંદર નજીકમાં નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ ખડી કરવામાં આવશે અને મૅજિસ્ટ્રેટની આજ્ઞા વિના એવી કોઈ વ્યક્તિને ઉપર્યુક્ત સમયમર્યાદાથી વધુ સમય સુધી અટકાયતમાં રાખવામાં નહિ આવે.'

હવે ધારો કે કોઈ વ્યક્તિને તેની અટકાયતનાં કારણો જણાવ્યા વિના અટકાયતમાં રાખવામાં આવી હોય, પણ એને કાયદાની અદાલત સુધી પહોંચવા જ દેવામાં ન આવે અને એ ગેરકાનૂની કૃત્યની અદાલતને જાણ જ કરવામાં ન આવે તો?

આવા સંજોગોમાં આપણા બંધારણની કલમ ૩૨ તથા ૨૨૬ અટકાયતી વ્યક્તિને 'હેબીઅસ કૉર્પસ'નો અધિકાર આપે છે. એટલે જ આ અધિકાર સૌથી વધુ મહત્ત્વનો છે, કારણ કે (ડિસીના જણાવ્યા મુજબ) વ્યક્તિને તેની સ્વતંત્રતાની બાંહેધરી આપતી બંધારણની સેંકડો કલમો કરતાં હેબીઅસ કૉર્પસનો અધિકાર વધુ મહત્ત્વનો છે.

આ 'હેબીઅસ કૉર્પસ' એ 'ઇંગ્લિશ કૉમન લૉ'ની પેદાશ છે. અટકાયતીને બક્ષવામાં આવેલા એ અધિકારની રૂએ, તેને અટકાયતમાં લેનારને તેની અટકાયતની તારીખ તથા તે માટેનાં કારણો સહિત અટકાયતીને ન્યાયાધીશ અથવા અદાલત સમક્ષ રજૂ કરવો પડે છે અને ન્યાયાધીશ એ અંગે જે ચુકાદો આપે તે માન્ય રાખવો પડે છે. 'હેબીઅસ કૉર્પસ'નો અર્થ જ 'સદેહ હાજર કરો' એવો થાય છે.

આ અધિકાર માત્ર એવી વ્યક્તિઓને લાગુ નથી પડતો જે સજાપાત્ર ગુનાના આરોપ નીચે અટકાયતમાં લેવામાં આવેલી હોય, અથવા થએલી સજા ભોગવી રહી હોય. અદાલતને જે કિસ્સામાં અટકાયત વાજબી લાગે તેમાં હેબીઅસ કૉર્પસનો અમલ થઈ શકતો નથી, પરંતુ અટકાયતી એનાથી ઉપરની અદાલતમાં તે માટે અપીલ કરી શકે છે.

વતી ગમે તે વ્યક્તિ માગી શકે. અને એ કાનૂની જોગવાઇ અત્યંત મહ-ત્વની છે; કારણકે અટકાયતમાં રહેલાને માટે તો અદાલત સુધી પહોંચવું જ ઘણી વાર મુશ્કેલ બનાવી દેવામાં આવતું હોય છે. એના વતી અરજી કરનાર એનો સગોસંબંધી હોવો જોઇએ એવું પણ નથી; ગમે તે વ્યક્તિ એ કરી શકે. હાઈકોર્ટે અરજી અમાન્ય રાખતાં સુપ્રીમ કોર્ટ પર પણ તે કરી શકાય. વળી પહેલી તે હાઇકોર્ટ પર જ કરવી જોઇએ એવું બંધન નથી. સીધેસીધી સુપ્રીમ કોર્ટ પર પણ અરજી થઈ શકે છે.

મળશુદ્ધિ ચૂર્ણ

હું મારા દવાખાનામાં વર્ષોથી જુલાબ માટે જે મળશુદ્ધિ ચૂર્ણ વાપરું છું તેનો ઉલ્લેખ 'વૈદ્ય સાગર'માં છે. હરડેદળ તોલા ૨, મીંઢી-આવળ તો. ૨, રેવંચીનો શીરો તો. ૦।।, સૂંઠ તો. ૧, સંચળ તો. ૦।।, સિંધવ તો. ૧, મરી તો. ૦।।. આ સાતે દ્રવ્યોને લઇ વાટી વસ્ત્રગાળ બનાવી તેનું ચૂર્ણ રાત્રે સૂતી વખતે બે આની ભારથી ચાર આની ભારની માત્રામાં ગરમ પાણી સાથે લેવું. આનાથી વિના

આ પ્રયોગ શાસ્ત્રોક્ત છે, રેચક છે, વાતહર છે, દીપન છે. મીંઢી-આવળની ડાંખળીઓ પાંદડાં સાથે ભળી ન જાય તે ખાસ જોવાનું, કારણકે ડાંખળીથી પેટમાં ચૂંક આવે છે; કેવળ પાન લેવાનાં છે.

(આયુર્વેદ વિજ્ઞાન) —કાન્તિલાલ ભીખાભાઈ

ગૂમડાં માટે પોટીસ

ગૂમડું ન પાકે કે ન ફૂટે, એ સ્થિતિમાં દરદી હેરાન-પરેશાન થઈ જાય છે. તેના પર નીચેની પોટીસ અકસીર છે: ઘઉંનો લોટ લઇ, તેમાં એક નાની ડુંગળી છૂંદી તેમાં રતિભાર ટંકણખાર ને એક વાલ સિંદુર નાખી તેને ગરમ કરી બાંધવાથી ગૂમડું પાકી ફૂટી જશે.

કોઇ ઠેકાણે જરૂર પડતાં કબૂતરની હગારને ઝીણી વાટી, વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેમાં પાણી નાખી, તેની ગરમાગરમ પોટીસ બાંધવાથી અનેકનાં ગૂમડાં પાકી ફૂટી જાય છે. ચોખ્ખા હાથીદાંતને પથ્થર પર ઘસી મૂઢિયાની જગા પર તેનું ટપકું કરવાથી પણ ગૂમડું ફૂટી જાય છે.

(આયુર્વેદ વિજ્ઞાન) —કાંતિલાલ ભીખાભાઈ મહેતા

આલ્બર્ટ શ્વાઈટ્ઝર (અનુસંધાન પૃ. ૪૧૭થી)

પોતાને સુખસુવિધા મળતાં હોવાની હકીકત તો સુખી સ્થિતિનાં સૌ-કોઈ મનુષ્યો જાણતાં હોય છે, પરંતુ શ્વાઇટ્ઝર જેવી પ્રતિજ્ઞા બહુ ઓછા લોકો કરતા હોય છે, અને એ પ્રતિજ્ઞાનું સંપૂર્ણ પાલન કરનારા-ઓની સંખ્યા તો એથી યે ઓછી, લગભગ નહિવત્, હોય છે.

ઓગોવે નદી પરનો એનો પૂર્વકથિત પ્રવાસ એના જીવનનો એક ચિરસ્મરણીય પ્રસંગ છે. હિપોપોટેમસનાં ટોળાં વચ્ચે થઇને એની નૌકા નદીનાં નીર કાપી રહી હતી અને ચિંતનગ્રસ્ત મુખમુદ્રા સહિત શ્વાઈ-ટ્ઝર એ વિશાળકાય પ્રાણીઓને નીરખી રહ્યો હતો, ત્યાં એકાએક એના મનમાં એક અણચિંતવ્યો, અણધાર્યો વિચાર ઉદ્ભવ્યો અને ઘૂંટણ પરનાં કાગળિયાંને એક બાજુ હડસેલી દઈ એ ઊભો થઈ ગયો. સરળ છતાં જીવનના સારસર્વસ્વરૂપ એના ચિંતનની મોંઘી મૂડી સમો એ સૂત્રાત્મક વિચાર હતો 'જીવન પ્રત્યે પૂજ્યભાવ' (Reverence for life). આ સાદા સૂત્રે તેના મનની સઘળી ગૂંચો ઉકેલી આપી. યુગોનો માનવ-ઇતિહાસ તેની દૃષ્ટિ આગળ સ્પષ્ટ બની ગયો. જગતને દમી રહેલા દુઃખતાપે સીઝાતા એના આત્માને જે સાંત્વન જોઇતું હતું તે મળી ગયું. પોતાને થએલા આ જીવનદર્શનને કેન્દ્રમાં રાખીને એણે માનવસંસ્કૃતિનો ઇતિહાસ લખવા માંડયો. ચાર મહાગ્રન્થોમાં લખા-એલા એ ઈતિહાસે તેને 'સ્ટડી ઑવ હિસ્ટરી'ના લેખક ટૉયન્બી અને 'ડિક્લાઈન ઑવ ધ વેસ્ટ'ના લેખક સ્પૅંગ્લરની કક્ષાનો ઇતિહાસકાર સિદ્ધ કર્યો છે. આજે સિત્તોતેર વર્ષની ઉમરે તે પોતાના એ 'Philosophy of Civilization'ના ચોથા ભાગમાં સુધારાવધારા કરી રહ્યો છે. એ ભાગનું નામ પણ એણે રાખ્યું છે 'Reverence for life.'

'જીવન પ્રત્યે પૂજ્યભાવ' એ સૃષ્ટિનો સારસકલ હોવાનું સત્ય તેને ત્યારે પ્રતીત થયું, પરંતુ તેની જિંદગી સાથે તો એ પહેલેથી જ વણાઈ ચૂકેલું. જીવન પ્રત્યેનો એનો પૂજ્યભાવ એટલી હદે વિકસેલો છે કે ડાળી પરથી ફૂલ તોડતાં પણ તેનો જીવ નથી ચાલતો. તો પછી માનવ અને માનવેતર પ્રાણીઓનાં દુઃખતાપે એનું હૃદય દ્રવીભૂત બને એમાં શી નવાઈ? નાનપણમાં બે માણસોને એક ઘોડાને ઊંચકીને કતલખાને લઈ જતા જોએલા એ દૃશ્યે એના હૃદયને મહિનાઓ સુધી ખિન્ન રાખેલું.

શ્વાઈટ્ઝરના ગામથી થોડે જ દૂર કોલમાર મુકામે મહાન શિલ્પી બર્ટોલ્ડી રહેતો, જેણે ન્યૂયૉર્કના બારામાંનું સ્વતંત્રતાનું પ્રસિદ્ધ પૂતળું તૈયાર કરેલું. કોલમારમાં જ શાં દ માર્સ આગળ એણે એક હબશીનું બાવલું મૂકેલું. એ હબશીના ચહેરા પર એણે આંકેલાં વિષાદ અને નિઃસહાયતાથી એ જાણે આફ્રિકાની કાળી ધરતીમાંની ગોરી શેતાનિયતનું પ્રતીક બની રહ્યું હતું. શ્વાઈટ્ઝરે એની કોલમારની મુલાકાત વખતે એ બાવલાના ચહેરા પરની એકેએક રેખા નીરખી નીરખીને જોઇ. અંધારા ખંડની આવી ઓશિયાળી માનવતા પ્રત્યે એનામાં અનુકંપા પ્રકટી અને માનવસેવાના પોતે કરેલા સંકલ્પને પાર પાડવા માટેનું તેને એ સર્વોત્તમ ક્ષેત્ર લાગ્યું. જોકે પોતાના સંકલ્પાનુસાર એણે ત્રીસમા વર્ષથી જ ભિખારીઓ અને કેદમાંથી છૂટેલા કેદીઓ વચ્ચે કામ કરવાનું શરૂ કરી દીધું હતું, પણ એને એથી સંતોષ ન હતો. એનાં મનશ્ચક્ષુ આગળથી બર્ટોલ્ડીનું પેલું બાવલું ખસતું ન હતું. એવામાં એક દિવસ ખ્રિસ્તી ધર્મપ્રચાર સંઘનું એક લીલું ચોપાનિયું એના હાથમાં આવ્યું જેમાં બેલ્જિયન કૉંગો તથા ફ્રેન્ચ કબજા નીચેના આફ્રિકાના વિષુવવૃત્તીય પ્રદેશમાં દાક્તરોની ઘણી જરૂર હોવાનું જણાવવામાં આવેલું. એ વાંચ્યા બાદ, શ્વાઈટ્ઝરના કહેવા મુજબ, 'મારી શોધ પૂરી થઈ; મને એ જ કાર્ય કરવા જેવું લાગ્યું.'

આફ્રિકાના એ ભાગના વતનીઓને ઉપયોગી થઈ પડવા એણે દાક્તરીનો અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો. અસામાન્ય ખ્યાતિ આપનાર સંગીત ને આજીવિકાના નિશ્ચિત સાધન સમા અધ્યાપનને છોડીને કેવળ માનવસેવાર્થે વૈદકનો અભ્યાસ કરવાનો એનો નિર્ણય ખરેખર વીરોચિત હતો. દાક્તરી અભ્યાસ સાત વર્ષ ચાલે એમ હતું. એ સાતે વર્ષ પોતાનું ખર્ચ કાઢવા ઉપરાંત આફ્રિકામાં ઇસ્પિતાલ ઊભી કરવા માટેનાં નાણાંની જોગવાઈ કરવાની હતી. પોતાના મદદનીશ તરીકે પોતાની પત્નીને નર્સની તાલીમ લેવડાવી એણે તૈયાર કરી. સ્ટ્રાસબુર્ગમાં દાક્તરીઉપાધિ મેળવી તેઉષ્ણ પ્રદેશોમાં થતા રોગોના વધુ અભ્યાસ અર્થે પારીસ ગયો. આ દિવસો ખરી કટોકટીના હતા. ઘણી વાર તો તેને એક જ ટંક ખાઇને ચલાવી લેવું પડતું. બીજી બાજુ આખો દિવસ જ નહિ પણ રાતે ય એનો અભ્યાસ જારી રહેતો. એનો બાંધો ખડતલ ન હોત તો એ કાળે તે તૂટી પડયો હોત. એના આત્મચરિતાત્મક 'My life and Thought' નામક પુસ્તકમાં એણે લખ્યું છે: 'એ દિવસોમાં મેં જેવો થાક અનુભવેલો એવો આખી જિંદગીમાં કદી નથી અનુભવ્યો.'

અભ્યાસ-સમાપ્તિ પછીનું કામ આફ્રિકામાં સ્થળ-પસંદગીનું હતું.

જેના મુખપત્રે એને આફ્રિકામાં કામ કરવા પ્રેર્યો એ પારીસના ઈવાન્જેલિકલ મિશનનો સંપર્ક એણે સાંધ્યો. વિષુવવૃત્તીય ફ્રેન્ચ પ્રદેશમાં લોપેઝ ભૂશિરથી નદીમાર્ગે ૨૦૦ માઈલ દૂર લૅમ્બેરીન મુકામે મિશનનું એક થાણું હતું. મિશને તેને રહેવા માટે મકાન આપવા ઉપરાંત એક સાદી ઇસ્પિતાલ ત્યાં ઊભી કરવાની છૂટ આપી. જોકે પોતાના સભ્ય નહિ એવા શ્વાઇત્ઝરને આટલી છૂટ પણ મિશને સસંકોચ આપેલી.

ઈ. સ. ૧૯૧૩ના 'ગુડ ફ્રાઇડે'ની સાંજે ગુન્સબાખના દેવળનો ઘંટારવ શમવા સાથે શ્વાઈત્ઝર દંપતી ટ્રેનમાં ચડી બેઠાં. સંગીતકાર તરીકેની ઉજ્જ્વળ કારકિર્દી ન છોડવા શ્વાઈત્ઝરને એના મિત્રોએ પુષ્કળ આગ્રહ કર્યો, પરંતુ એના કાન તો રોકાએલા હતા આફ્રિકાની વ્યથિત માનવતા પ્રત્યે. એ નજ રોકાયો એટલે તેમણે એને રાજીખુશીપૂર્વક વિદાય આપી. પારીસની બાખ સોસાએટીએ એને વિદાયમાનમાં એક પિયાનો ભેટ આપ્યો, જેના પર એ આજે ય અવારનવાર બેસે છે ત્યારે આફ્રિકાનું એ જંગલ અશ્રુતપૂર્વ સંગીતધ્વનિથી ગાજી ઊઠે છે.

ચતુર્વિધ ડૉક્ટરેટ ધરાવતા આ માનવીએ પોતાને માટે રાહ જોઈ રહેલી યશસ્વી કારકિર્દીનો ત્યાગ કરીને આફ્રિકાનો અંધારો ખૂણો કેમ પસંદ કર્યો? આનો જવાબ એણે પોતે જ આપેલો છે કે: 'સુખની લાગણીના ઊંડાણમાંથી ધીમેધીમે મને ઈશુનું આ વચન વધુ ને વધુ સમજાતું ગયું કે 'આપણે આપણી જિંદગી માત્ર આપણા ખાતર જ છે એમ ન સમજવું જોઈએ. જેઓ જાતે દુ:ખમાંથી પસાર થયા હોય તેમણે બીજાઓનાં દુ:ખદર્દ ઓછાં કરવામાં સહાયભૂત બનવું જોઈએ. જગતનાં દુ:ખદર્દમાં આપણો હિસ્સો આપણે પડાવવો જ જોઈએ.'

ઇસ્પિતાલ તૈયાર થતાં વાર લાગે એમ હતું, પરંતુ શ્વાઈત્ઝર બેસી રહે તેમ ન હતું. પોતાના લાકડાના મકાનની બહાર ખુલ્લામાં એણે દવાખાનું શરૂ કરી દીધું: લગભગ દરરોજ સાંજે પવનનું તોફાન આવતું અને બધું ઝડપભેર સમેટી લેવું પડતું. થોડા દિવસમાં કામચલાઉ ઇસ્પિતાલ ઊભી થઈ ગઈ. બારીઓ વિનાની એ ઇસ્પિતાલનું છાપરું એવું હતું કે સૂરજનાં સીધાં કિરણોથી બચવા શ્વાઈત્ઝરને પોતાની 'સન-હૅટ' પહેરી રાખવી પડતી.

સ્થાનિક બોલી સમજવાની મુશ્કેલી તો હતી જ, પણ શ્વાઈત્ઝરે ખ્રિસ્તી બનેલા જોસેફ નામના એક હબશીને દુભાષિયા તરીકે રોકીને એ પ્રશ્નનો નિકાલ આણ્યો. એણે તેનો ૭૦ ફ્રાન્કનો પગાર નક્કી કરતાં તેણે દલીલ કરેલી કે, 'કેપ લોપેઝમાં મને દોઢસો ફ્રાન્ક મળતા હતા.'

'જો ભાઈ, હું કંઇ શ્રીમંત નથી. તમ લોકોને સુખી કરવા જ મેં આ કાર્ય હાથ ધર્યું છે.' શ્વાઈત્ઝરે એને સમજાવ્યું અને તે તરત સમજી ગયો. શ્વાઈત્ઝરને તે ખૂબ મદદરૂપ થઈ પડ્યો. દર્દીઓ પણ સારા પ્રમાણમાં આવવા લાગ્યા. જોસેફ દરરોજ દર્દીઓને નીચે પ્રમાણેની સૂચનાઓ વાંચી સંભળાવતો: ૧ જ્યાંત્યાં થૂંકવું નહિ; ૨ ઘોંટાઘોંટ ન કરવી; ૩ સૌએ એક દિવસનું ભાથું સાથે લાવવું; ૪ દાક્તરની રજા વિના અહીં પડ્યા ન રહેવું; ૫ જે શીશી કે ડબ્બીમાં દવા આપવામાં આવે તે દવાખાને પાછી પહોંચાડવી.

દવાથી રોગ મટે એ ત્યાંના વતનીઓને એક ચમત્કાર લાગતો, ને એથી એમણે શ્વાઈત્ઝરને 'ઓગાન્ગા' એટલે કે ચમત્કારી પુરુષ તરીકે ઓળખવા માંડ્યો. આગળ જતાં ઇસ્પિતાલમાં શસ્ત્રક્રિયા(સર્જરી)નો વિભાગ ખોલવામાં આવ્યો ત્યારે તો ઑપરેશન માટે દર્દીઓ વચ્ચે હરીફાઈ ચાલતી. ઑપરેશન પહેલાં બેહોશ કરવાની દવા આપવામાં આવતી એ તો એમને શ્વાઈત્ઝરનો સૌથી મોટો ચમત્કાર લાગતો! તેઓ કહેતા, 'દાક્તર પહેલાં દર્દીને મારી નાખે છે, પછી એના શરીરમાંથી રોગ કાઢી મૂકે છે, અને પછી ફરી જીવતો કરે છે!' લોકો પોતાની રોગમુક્તિનો પાડ ભૂલી ન જતા ને એક યા બીજી રીતે શ્વાઈત્ઝરનું ઋણ ચૂકવવા પ્રયત્નશીલ રહેતા. કેટલાક અંગ તોડીને કરેલી મજૂરીના પૈસા શ્વાઈત્ઝરને વગર માગ્યે આપી જતા, તો કેટલાક બીજી રીતે બદલો વાળતા. એક દર્દી સુથારીકામનો જાણકાર હોઇને રોગ મટ્યા પછી અઠવાડિયું રોકાઈ ઇસ્પિતાલ માટે એક કબાટ તેણે તૈયાર કરી આપેલું. એકજણ વળી શ્રીમતી શ્વાઈત્ઝરને કિબોકોનું ચામડું ભેટ આપી ગએલો!

શ્વાઈત્ઝરે ત્યાર પછી ઊભી કરેલી પાકી ઇસ્પિતાલને સિમેન્ટની છો અને કોરૂગેટેડ લોખંડની દીવાલો હતી. બાર બાર ફૂટના બે ખંડમાંથી એક તે 'કન્સલ્ટિંગ રૂમ' તરીકે અને એક 'ઑપરેશન થીએટર' તરીકે વાપરતો, જ્યારે દવાઓ અને ઓજારો પોતાના મકાનમાં જ રાખતો અને જરૂર પૂરતાં દવાખાને લાવતો. ઠેઠ છાપરા સુધી પહોંચતી લાંબી બારીઓમાં કાચને બદલે મચ્છર પણ પેસી ન શકે એવી બારીક જાળીઓ મૂકવામાં આવેલી. પહેલા નવ જ મહિનામાં બે હજારથી યે વધુ દર્દીઓની ચિકિત્સા એણે કરી. લગભગ દરેક દર્દના દર્દીઓ આવતા, પણ તેમાં સૌથી મોટું પ્રમાણ નિદ્રારોગ('સ્લીપિંગ સિકનેસ')ના દર્દીઓનું હતું.

પાકી ઇસ્પિતાલ બંધાઈ રહી ત્યારની શ્વાઈત્ઝરની લાગણી અહીં તેના જ શબ્દોમાં ઉતારીએ: 'એ પહેલી સાંજ તો હું કદી નહિ ભૂલું. હું આફ્રિકામાં આવ્યો ત્યાર બાદ પહેલી જ વાર આ લોકો મનુષ્યો તરીકે રહેવા લાગ્યા છે. એમને એમની અંધારી ઝૂંપડીઓમાંથી બહાર લાવવા મેં કેટલી જહેમત ઉઠાવેલી! આજના ધન્ય દિવસનો અનુભવ કરાવનાર પરમાત્માનો મેં પાડ માન્યો. યુરોપમાં વસતા મારા મિત્રોનો પણ મેં પાડ માન્યો, કારણકે એમની સહાયથી જ હું એમને ગંદી ઝૂંપડીઓને બદલે પતરાંના મકાનોમાં વસાવી શક્યો. હું આ સફળતા પર ગર્વ નહિ પરંતુ વિનમ્રતા અનુભવું છું.'

શ્વાઈત્ઝર આફ્રિકા આવ્યાને એક વર્ષ વીત્યા બાદ પહેલું મહાયુદ્ધ ફાટી નીકળ્યું, અને એના પડઘા આફ્રિકામાં પણ પડ્યા. ફ્રેન્ચ મુલકમાં કામ કરતો શ્વાઈત્ઝર જર્મન નાગરિક હતો, એટલે ત્યાંના ફ્રેન્ચ જિલ્લા કમિશ્નરે શ્વાઈત્ઝર દંપતીને બોલાવીને કહી દીધું કે 'તમે હવે અટકાયત હેઠળ છો. તમારે તમારું મકાન છોડવાનું નથી કે કોઈની સાથે વાતચીત કરવાની નથી.' ફ્રેન્ચ સત્તાધીશોને માનવદયાનું આ કાર્ય પણ વાંધાપડતું લાગેલું ને શ્વાઇત્ઝરના મકાન પર સૈનિકોનો ચોકીપહેરો મૂકી દીધેલો. સૈંકડો માઈલના વિસ્તારમાં આ એકના એક દાક્તરની અટકાયત સામે ત્યાંના દેશી લોકોએ તેમજ કેટલાક યુરોપીઅનોએ પણ વાંધો લેતાં ફ્રેન્ચ સત્તાવાળાઓએ તેને તેની પત્ની સહિત યુરોપ મોકલી આપ્યો જ્યાં બંને યુદ્ધના અંત સુધી ફ્રેન્ચોની અટકાયત હેઠળ રહ્યાં.

યુદ્ધને અંતે કહેવાતી શાંતિની સ્થાપના થઈ અને શ્વાઈત્ઝર દંપતી અટકાયતમાંથી મુક્ત થયાં. બીજી કોઇ વ્યક્તિ હોત તો આ ઘટના પછી જુદું જ વિચારત, પરંતુ શ્વાઈત્ઝર માનવસેવામાં પોતાના કે દુશ્મનના પ્રદેશ વચ્ચે ભેદ પાડે એવો અલ્પમતિ કે સ્વાર્થી નહોતો. એણે તો પોતાનું કાર્ય વધુ સારી રીતે થઈ શકે એટલા માટે યુરોપભરમાં સંગીતના જલસા દ્વારા વધુ નાણાં ઉઘરાવ્યાં અને આફ્રિકા જતાં વધુ મદદ માટે ઑક્સફર્ડના એક ગ્રૅજ્યુએટને પોતાની સાથે લેતો ગયો.

લેમ્બેરીન પહોંચીને એણે જે દૃશ્ય જોયું તે હેબતાવી નાખે એવું હતું. આખી ઇસ્પિતાલ વેરણછેરણ થઈ ગએલી અને એ પર જંગલ ઊગી નીકળેલું! બધાં ઝાડબીડ સાફ કરાવી એણે દર્દીઓની સંખ્યા લક્ષમાં લઈ નવી અને વધુ સગવડભરી ઇસ્પિતાલ ઊભી કરી. આજે ઓગોવે નદીના ૨૦૦ માઈલ ઉપલાણમાં ૨૨ એકર વિસ્તારમાં એ ઇસ્પિતાલ આવેલી છે. અવારનવાર યુરોપમાં કરેલા સંગીતનાં જલસાઓ

દ્વારા તથા ખાનગી સહાયકોની સહાયથી હૉસ્પિટલ ૪૦ મકાનો જેટલી વિસ્તરી છે. રક્તપિત્તથી માંડી માનસિક રોગ માટેના જુદાજુદા વૉર્ડ તેમાં ખોલવામાં આવ્યા છે અને ત્યાં અદ્યતન ચિકિત્સા કરવામાં આવે છે. અઢીસો અઢીસો માઇલના અંતરેથી દર્દીઓ અહીં સારવાર માટે આવે છે. સ્થાનિક લોકોનો તો તે સાચા અર્થમાં ઉદ્ધારક બન્યો છે. તેમને એ માત્ર રોગથી જ મુક્ત નથી કરતો, પણ તેમને અક્ષરજ્ઞાન સુદ્ધાં આપે છે અને મનુષ્યની રીતે જીવતાં શીખવે છે. આફ્રિકાની ધરતીનું કેવળ શોષણ કરનારી આખી યે ગોરી જાતિના પાપનું એ એક માનવી જાણે પ્રાયશ્ચિત્ત કરી રહેલો છે. ગોરાઓ જેમના તરફ સૂગાય છે એ કાળા લોકો પ્રત્યે તેના મનમાં અસીમ પ્રેમ ભરેલો છે. એ કહે છે, 'માત્ર પ્રેમ દ્વારા જ આપણે પ્રભુ સાથે સાયુજ્ય સાધી શકીએ છીએ.'

માનવજાતની સેવાર્થે સુધરેલી દુનિયા તરફ પીઠ ફેરવી લેનાર આ સંત જગતની મહત્તમ વ્યક્તિઓમાંની એક છે. એને બુદ્ધ સાથે, ઈસુ સાથે, સંત ફ્રાન્સિસ સાથે અને ગાંધીજી સાથે સરખાવાયો છે, પરંતુ એની મહત્તાને વ્યાખ્યાબદ્ધ કરવી મુશ્કેલ છે. સનાતની ખ્રિસ્તીઓને એ નાસ્તિક લાગે છે, પરંતુ ઈસુ ખ્રિસ્તના જેવું જ પ્રેમ અને સેવામય જીવન ગાળનારા ખ્રિસ્તીઓ આજની દુનિયામાં ભાગ્યે જ મળશે.

ગીચ જંગલમાં પોતાનો અભ્યાસખંડ એણે એવી રીતે બાંધ્યો છે કે સૂર્યનું છેલ્લું કિરણ પણ તેને સ્પર્શીને વિદાય લે છે. રાતે ફાનસના અજવાળામાં શસ્ત્રક્રિયા ન થઈ શકે એટલે પોતાનો વખત એ લેખન-વાચનમાં ગાળે છે. ગટે એનો પ્રિય સાહિત્યકાર છે અને એ મહાન જર્મન સાહિત્યકાર પર વધુમાં વધુ પ્રમાણભૂત વ્યક્તિ સ્વાઇટ્ઝર જ ગણાય છે! કેટલાક સમય પર ગટેની ઉજવાએલી જયંતી પ્રસંગે એને ખાસ યુરોપ નિમંત્રવામાં આવેલો અને એણે જુદેજુદે સ્થળે ગટે પર વ્યાખ્યાનો આપેલાં. ગટે પર એક પુસ્તક પણ એણે લખ્યું છે, જ્યારે આફ્રિકામાંનું પોતાનું જીવન એણે ત્રણ પુસ્તકોમાં અક્ષરબદ્ધ કર્યું છે: 1 On the Edge of Primeval Forest; 2 More from the Primeval Forest; 3 From my Afric n Notebook.

બે મહાયુદ્ધો આવ્યાં ને ગયાં, અનેક ક્રાન્તિઓ થઇ, ખુદ આફ્રિકાના રાજકીય નકશામાં પણ અનેક ફેરફારો થયા, છતાં એ સર્વેથી અલિપ્ત ને અક્ષુબ્ધ રહી સ્વાઈટ્ઝર તેનું જીવનકાર્ય આગળ ધપાવ્યે જાય છે.એને નથી રાજ્યાશ્રય કે નથી કોઈ મિશનરી સંસ્થાની સહાય. કેવળ પોતાના અંતરનાં પ્રેમ ને સેવાભાવ જ એનાં મોટામાં મોટાં પ્રેરક રહ્યાં છે.

તેજસ્વી બુદ્ધિપ્રતિભા સાથે અદમ્ય સંકલ્પબળ અને અસીમ ઉદ્યમશીલતા ધરાવતા સ્વાઈટ્ઝરે જિંદગીને પોતાની માલિકીની વસ્તુ ન માનતાં પોતાને સુપ્રત થએલી અનામત જ માનેલી છે. જિંદગીએ પોતાને જે કંઈ આપ્યું હોય તેનું ઋણ વિશાળ માનવતાને વાળી આપવાનું એ પોતાનું કર્તવ્ય સમજે છે. એ કહે છે, 'આપણે કોઈના દેવાદાર હોઈએ તો તેનું લેણું ચૂકવતી વખતે તેની પાત્રાપાત્રતાનો જેમ વિચાર નથી કરતા, એ જ રીતે દીનહીન માનવીઓ પ્રત્યેનું આપણું ઋણ આપણે ચૂકવવું જોઈએ. માનવસંસ્કૃતિ વિષયક પોતાના મહાગ્રંથમાં એ એક સ્થળે લખે છે: 'Whatever you have received more than others in health, in talents, in ability, in success, in a pleasant childhood, in harmonious conditions of home life, all this you must not take to yourself as a matter of course. You must pay a price for it You must render in return an unusually great sacrifice of your life for other lives.'

અને આલ્બર્ટ સ્વાઈટ્ઝરે ઋણવિમોચન અર્થે સ્વીકારેલા આ માર્ગથી દુનિયાએ એક મહાન સંગીતકાર ખોયો હશે, સ્ટ્રાસબુર્ગ યુનિવર્સિટીએ એક મહાન અધ્યાપક ખોયો હશે, પરંતુ માનવજાતે તો તેનો પરમોદ્ધારક પ્રાપ્ત કર્યો છે.

અશોક હર્ષ

ગુજરાત : એની વિશિષ્ટતા અને મહત્તા (અનુસંધાન પૃ. ૪૧૯થી)

પ્રવૃત્તિ માટે ચૌદમી સદીમાં લખાએલા 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ'માં એક શ્લોક આ પ્રમાણે છે:

यन्निवासिजना: सर्वे वेलाकूलेषु भूरिषु ।
व्यवसाये कृतेऽल्पेऽपि नि:सीमश्रियमश्नुते ॥

'જેના (ગુજરાતના) સર્વ વતનીઓ ઘણાં બંદરોમાં ઓછા પરિશ્રમથી ઘણું ધન પ્રાપ્ત કરે છે.' આ નૌકાપ્રવૃત્તિને લીધે બહારના અનેક દેશોનો સંપર્ક થવાથી ગુજરાતની કેટલીક સામાજિક ટેવો અને ખાસિયતો ઉપર તેમજ ભાષા ઉપર પણ અસર થઈ છે. ગુજરાતની સંસ્કારિતાના ઘડતરમાં સમુદ્રે સારો ફાળો આપ્યો છે. ચોપડા-પૂજનમાં ગુજરાતીઓ આજે પણ 'રત્નાકર મહાસાગરની કીરપા ઘણી હજો' એમ લખે છે.

આ જાતની અનેકવિધ વેપારી પ્રવૃત્તિએ ગુજરાતની સંસ્કારિતા ઉપર વિશિષ્ટ અસર પણ કરી છે. એનાથી ગુજરાતીની સમજશક્તિ ઉદાર બની છે, વિશાળ પણ બની છે. સામાનું દૃષ્ટિબિંદુ સમજવાની એનામાં શક્તિ આવી છે, કોઈ વાતમાં હઠાગ્રહ કરવાને બદલે શાંત સમાધાન કરવાની વૃત્તિ આવી છે. 'અમદાવાદ' એ શબ્દ ઉપર રમત કરતાં આશાધર નામે પંડિતે 'દુર્ઘટકાવ્ય' નામના લઘુકાવ્યમાં અ-મદ +અ-વાદ = જેમાં મદ નથી ને ખોટો વિવાદ નથી એ અમદાવાદ, એવો અર્થ કાઢ્યો છે! અને અમદાવાદ ગુજરાતની સંસ્કારિતાનું કેન્દ્ર છે, એટલે આ સ્વભાવનું વર્ણન એ સમસ્ત ગુજરાતી સ્વભાવનું જ વર્ણન છે.

બારમી સદી પહેલાં પણ ગુજરાતને 'વિવેક-બૃહસ્પતિ' કહેતા. આ બિરુદ ગુજરાતની વિશિષ્ટ સંસ્કારિતાનું સ્વરૂપ ટૂંકામાં સમજાવી દે છે. 'નાભિનંદનનોદ્ધાર પ્રબંધ'એ વિવેક બૃહસ્પતિનું વર્ણન આ પ્રમાણે કરેછે:

उपकारै: सदाचारै: प्रियालापसदङ्गिनाम् ।
मुदितैर्विबुधै प्रोथे यो विवेकबृहस्पति: ॥

એટલેકે ઉપકાર, સદાચાર અને પ્રિય આલાપ, એ વિવેક-બૃહસ્પતિનાં મુખ્ય લક્ષણો છે. ગુજરાતના અરબી ઈતિહાસ 'ઝફરૂલ વાલીહ'માં ગુજરાતીઓ માટે લખેછે કે 'આ દેશમાં ધનવાનના પુત્રોને પણ નોકરોની માફક શ્રમ કરવો પડતો હતો. આંખમાં સુરમો આંજવો, પાન ખાઇ હોઠ લાલ કરવા વગેરે મોજશોખમાં કાચી ઉંમરના છોકરાઓને પડવા દેતા નહિ.' છેક ગઈ સદી સુધી શરાફનો પુત્ર દુકાનમાં સામાન્ય નોકરની પેઠે હલકું કામ કરી ધીમેધીમે ચડતો. આથી છોકરાઓ મોટા થતાં શાણા બનતા અને ખોટો ગર્વ કરતા નહિ તથા શ્રમની કિંમત સમજતા. વિવેક એટલે સારુંખોટું સમજવાની શક્તિ. વેપારમાં ઘણા લોકોના સંસર્ગમાં આવવાથી વિવેકયુક્ત વ્યવહારબુદ્ધિ કેળવાય છે અને માણસ મિથ્યા લાગણીવશ થવાને બદલે વાસ્તવિકતાનો અનુભવ કરે છે. આ રીતે ગુજરાતીની વાસ્તવિક બુદ્ધિ ખીલી શકી છે. ગુજરાતમાં જે આબાદી, ધનસંપત્તિ, તથા ઊજળામણ દેખાય છે તે કુદરતની કે રાજ્યની કૃપાથી નહિ પણ લોકોના શ્રમથી વધી છે એ આપણી વિશિષ્ટતાઓ છે. ગુજરાતી લાગણીવશ નથી, વાસ્તવિક છે, છતાં પણ એ લશ્કરી માણસ જેવો સૂકો નથી. વિવેકવાળો હોવાથી વખત આવ્યે એનું હૃદય પીગળે છે. હેમચંદ્રાચાર્યે ૧૨મી સદીમાં વ્યાકરણનાં ઉદાહરણો આપતાં, તે પહેલાં (એટલેકે આજથી એક હજાર

વર્ષ પૂર્વે) ગુજરાતી ડહાપણનાં જે આધ્યાત્મક સુભાષિતો પ્રચારમાં હતાં તે નોંધ્યાં છે. એમાં ગુજરાતીનું ચારિત્ર્ય બતાવતો નીચેનો શ્લોક નોંધપાત્ર છે.

जीविउ कासु न वल्लहउं, धणु पुणु कासु न इट्ठु ।
दोण्णिवि अवसर हिवडइ तिणसम गणइ विसिट्ठु ॥

જીવ કોને વહાલો નથી? ધન પણ કોને પ્રિય નથી? પણ ઉત્તમ પુરુષ એ કે જે અવસર આવ્યે બંનેને તૃણ સમાન ગણી શકે છે, એટલેકે ત્યાગી શકે છે. કેવી સુંદર ભાવના છે? ગુજરાતીઓએ એ અમલમાં મૂકેલી છે.

જ્યારે સમાજનો મોટો ભાગ વેપારી પ્રવૃત્તિમાં પડેલો હોય ત્યારે પાંડિત્ય કે સાહિત્ય બરોબર ખીલતું નથી. પણ ગુજરાતમાં એ જુદી જ રીતે ખીલ્યું છે. ધનિકોએ તેમજ વેપારીઓએ પણ રાજાઓની પેઠે જ પંડિતો, કવિઓ, કલાકારો, તત્ત્વવેત્તાઓ તથા વિદ્યાસંસ્કારના અભ્યાસીઓને ઉત્તેજ્યા છે અને માનપૂર્વક પોષ્યા છે. એના જ પરિણામે ચૌદમીથી સોળમી સદીની ગુજરાતી ચિત્રકલા ઉત્તમ ગણાતી હતી. જૈન કોમે એમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એણે શાસ્ત્રગ્રંથો લખાવ્યા છે તથા અનેક ગ્રંથોની ટિપ્પણીઓ કરાવી તેની નકલો કરાવી છે તેમજ એમાં સુંદર ચિત્રો પણ કરાવ્યાં છે. આ બધું નાશ પામતાં પામતાં પણ આજ સુધી ઘણું રહેલું છે અને ગુજરાતમાં ઘણાં સ્થળોએ એવા ભંડારો છે કે જેમાં આ બધું સુરક્ષિત રહ્યું છે. હસ્તલિખિત ગ્રંથોનો આવો મોટો, સચિત્ર અને વૈવિધ્યવાળો સંગ્રહ ભારતના બીજા ભાગોમાં મળવો મુશ્કેલ છે. આવા જ્ઞાનકોષો તૈયાર કરાવી એમાં ધન ખર્ચવું એ ધનવાનો માટે એક પુણ્યકાર્ય ગણાતું હતું જેના ઘણા દાખલા જૈન પટ્ટાવલિઓમાં મળે છે. આ ગ્રંથસંગ્રહો ગુજરાતનું સંસ્કારધન છે, એક મહાન અને અમર વારસો છે.

ધર્મ અને સંપ્રદાયોમાં પણ ભારતની મૌલિક એકતા છતાં ગુજરાતની ખાસ વિશિષ્ટતા છે. ગુજરાતી સ્વભાવે જ સુકુમાર છે. એનાથી ઉગ્રતા સહન થઈ શકતી નથી. એટલે ઈશ્વરને પૂજવામાં પણ ઉગ્રતા, ભયાનકતા વગેરેને સ્થાન ન મળ્યું. મહાકાલીએ ગુજરાતમાં ભદ્રકાલીનું અને અંબિકાનું સૌમ્ય રૂપ ધારણ કર્યું. ભૈરવપૂજા ઓછી થઈ અને એક સમયનો વ્યાપક ઉગ્ર પાશુપત મત અસાંપ્રદાયિક શિવપૂજામાં પરિણમ્યો. એવી જ ઉગ્ર ગુજરાતની એક વખતની વ્યાપક સૂર્યપૂજા આજે ગઈ છે છતાં સૂર્યપત્ની રન્ના–રાંદલની પૂજા ગુજરાતમાં શુભપ્રસંગે દરેક કુટુંબની સ્થાપન અધિષ્ઠાયિકા બની ગઈ. રાંદલના 'ઘોડા' કુંભારને ત્યાંથી લાવી સૂર્ય-રાંદલના યુગલનાં લગ્નગીતો ગુજરાત જેવાં બીજે ક્યાંય ગવાતાં નથી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય અને જૈન સંપ્રદાયનું બળ ગુજરાતમાં વધારે જામ્યું તેનું કારણ એના પૂજાવિધિમાં રહેલી કોમળતા છે.

ચિત્રકલા, સ્થાપત્ય, સંગીત વગેરે સુકુમાર કલાઓમાં પણ આજે સૂકું દેખાતું ગુજરાત એક સમયે અગ્રણી હતું. તેમાં યે સંગીત ને નૃત્યમાં એની સિદ્ધિ અપૂર્વ હતી. ચૌદમી સદીમાં કાશ્મીરી પંડિત શાર્ઙ્ગદેવે દેવગિરિમાં લખેલા 'સંગીતરત્નાકરગ્રંથ'માં લખ્યું છે કે ભગવાન શિવે તાંડવ પછી લાસ્ય–સુકુમાર નૃત્ય પાર્વતી પાસે કરાવ્યું. પાર્વતીએ દ્વારકામાં રહેતી અનિરુદ્ધની પત્ની ઉષાને તે શીખવ્યું. તેણે સૌરાષ્ટ્રની સતીઓને શીખવ્યું. તે પછી એ અન્ય દેશોમાં પ્રચાર પામ્યું. આ બતાવે છે કે સાત્ત્વિક નૃત્ય પ્રથમ આપણા પ્રાંતમાં ઉદ્ભવ પામ્યું. એ વાતનું સમર્થન આ ભૂમિવિભાગને પુરાણો 'આનર્ત' દેશ કહે છે તે ઉપરથી થઇ શકે છે. વિદ્વાનો આનર્ત શબ્દનો અર્થ એ નામના રાજા ઉપરથી, અને અનૃત એટલે 'વેદ વિરુદ્ધનો'–ખોટો ધર્મ અહીં ચાલતો હતો એ ઉપરથી ઘટાવવા પ્રયત્ન કરે છે. પરંતુ આપણા લોકપ્રિય વિદ્વાન કવિ શ્રી ઉમાશંકરે એનો સુંદર અર્થ કાઢ્યો છે. નટ-નર્તક–ગાયકોનો દેશ, માટે 'આનર્ત,' એમ 'નૃત' શબ્દ ઉપરથી એ અર્થ કાઢે છે. એમના 'પુરાણોમાં ગુજરાત' નામના અભ્યાસપૂર્ણ ગ્રંથમાં આ વિષે ઘણા વિચારપ્રેરક ઉલ્લેખો આપ્યા છે.

સંગીતની પ્રગતિમાં આખા હિંદમાં પ્રાદેશિક વિભાગોએ—ભૂગોળે ભાગ ભજવ્યો છે. એમાં પણ ગુજરાતનું સ્થાન અનેરું છે. ભારતીય સંગીતમાં ઘણાં પ્રાદેશિક નામો દેખાય છે: ગૌડ, બંગાલ, માલવ, સૈન્ધવી, કર્ણાટ–કાનડો, ગાંધાર, મુલતાની, આંધ્રી, કૌન્તલી અને દ્રાવિડી વગેરે જેવા રાગોનાં નામો એ હિંદનાં પ્રાંતોનાં જ નામો છે. એમાં મહાગુજરાતની સાંસ્કૃતિક પરિસીમામાં આવતાં રાગનાં પ્રાદેશિક નામો જોવા જેવાં છે: ગુર્જરી, વેલાવલી (બિલાવલ), ત્રવણા, સૌવીરી, ખંભાયતી (ખંભાવતી), આહિરી, લાટી અને માધ્યમિકા એટલાં ગણી શકાય. આ બધાં નામો 'સંગીત-રત્નાકર'માં આવે છે. એટલે તેરમા સદી પહેલાં મુસલમાનો આવ્યા અગાઉ તે પ્રચારમાં હતાં એમ સિદ્ધ થાય છે. એમાં મહત્ત્વની વાત એ છે કે અન્ય પ્રાંતોમાં આખા પ્રદેશનાં નામો છે જ્યારે ગુજરાતમાં પ્રદેશો ઉપરાંત બે શહેરોનાં–ખંભાવતી અને બિલાવલ–નાં નામો છે એ વિશિષ્ટતા છે. એ રીતે એ બે શહેરોનું કલા અને શોખનું મહત્ત્વ કેટલું હશે તે સમજી શકાશે, ઉપરાંત કેટલાક સંગીતકારો 'ભૈરવ' ને 'દેશ' રાગને પણ સૌરાષ્ટ્રમાં ઉત્પન્ન થએલા માને છે. ભૈરવપૂજાના જે ઉલ્લેખો ઈતિહાસ-પુરાણમાં મળે છે તે જોતાં એ માન્યતા કદાચ ખરી હોય. ૧૩મી સદીમાં કવિ અસાઈત નૃત્ય-સંગીતનો મોટો નાયક હતો. એણે ભવાઈની શુદ્ધિ કરી યોજનાબદ્ધ કરી.

મુસલમાનોએ આપણા સંગીતને બગાડ્યું નથી. પણ ઉત્તેજન આપ્યું છે. ગુજરાતના સ્વતંત્ર સુલતાનોના સમયમાં પ્રસિદ્ધ સંગીતકારો અહીં થઈ ગયા છે. સુલતાન મહમૂદ બેગડો ને સંત શાહેઆલમ સંગીતના શોખીન હતા. બેગડાનો પુત્ર મુઝફ્ફર બીજો તો જાતે જ સંગીતકાર હતો. એના પુત્ર બહાદુરશાહના દરબારમાં ભારતના કેટલાક સુપ્રસિદ્ધ સંગીતકાર હતા, જેમાં બૈજુ મુખ્ય હતો. એણે હુમાયું બાદશાહને સંગીતથી મુગ્ધ કરી કતલબંધ કરાવેલી. હુમાયૂંએ એને માન આપ્યું, પણ એ તો પાછો હારેલા બહાદુરશાહને જ જઈ મળ્યો અને સુલતાનને એથી આખું ગુજરાત મળ્યા જેટલો આનંદ થયો. તવારીખો એને સંગીતનો બાદશાહ કહે છે. આ બૈજુ તે બૈજુ બાવરાથી જુદો છે. ગ્વાલિયરના માનકુંવર રાજાનો માનીતો બક્ષુ નાયક પણ બહાદુરશાહના દરબારમાં આવી રહેલો. એણે તોડીનો એક પ્રકાર બનાવ્યો તેને બહાદુરી તોડી નામ આપ્યું. રામદાસ, મહીપત વગેરે પણ એના દરબારમાં હતા. એના પછી ગાદીએ આવનાર મહમૂદ ત્રીજાના દરબારમાં અને એના અમીર દરિયાખાનના દરબારમાં પણ પ્રસિદ્ધ સંગીતકારો હતા.

સ્થાપત્ય કલામાં પણ ગુજરાતનું સ્થાન હિંદના સર્વ પ્રાંતોમાં કેટલું ઊંચું છે, એ સિદ્ધ કરવા માટે તો આજે રહેલા જૈન, હિંદુ અને મુસલમાન સ્થાપત્યના અવશેષો પૂરતા છે. હિંદના તેમજ દુનિયાના આ વિષયમાં અગ્રગણ્ય કલાવિવેચકો–ફર્ગ્યુસન, હેવલ, કઝેન્સ, બર્જેસ, માર્શલ, પર્સી બ્રાઉન વગેરેના તેને માટેનાં મુક્ત કંઠનાં વખાણ તો પ્રસિદ્ધ છે. એમણે 'સ્થાપત્યની કલા તો ગુજરાતીઓના લોહીમાં છે અને ગુજરાતી સ્થપતિ જેવા કારીગર હિંદભરમાં મળવો મુશ્કેલ છે' એવા મત આપેલા છે. સૌરાષ્ટ્રનાં મંદિરો, દેલવાડાનાં કહેવાતાં મંદિરોનાં સમૂહનાં સ્થળો, પાલીતાણા–શત્રુંજય જેવું મંદિરોનું નગર, મોઢેરાનું જીર્ણ છતાં બેનમૂન સૂર્યમંદિર, સિદ્ધપુરનો રુદ્રમહાલય, અપૂર્વ કોતરણીવાળાં મંદિરો, આરાસણ–કુંભારિયાનાં મંદિરો, ઈડર બાજુના અવશેષો, ડભોઇનો કિલ્લો, કપડવણજ, વડનગર વગેરેના તોરણવાળા કીર્તિસ્તંભો, ગુજરાતની વિશિષ્ટતા સિદ્ધ કરતી વાવો કૂવાઓ તથા તળાવો, અમ-

દાવાદની મનોહર મસ્જિદો અને એની જાળીઓ, હાલના મિનારા, ચાંપાનેરના મુસલમાન અવશેષો વગેરેની યાદી આપતાં પણ લંબાણ થઈ જાય. એ બધાંનું આજે નાશ થતાં થતાં બચી ગએલું જે થોડું રહ્યું છે તે પણ જોનારને મુગ્ધ કરે તેવી ઉત્તમ કલાથી ભરેલું છે. એમાં રાણકપુરનું મંદિર તો, કલાવિવેચક સ્ટેલા ક્રૅમરિશના મત પ્રમાણે, દુનિયાની અજાયબીની ચીજોમાં ગણાવી શકાય એવું છે. તાજમહાલ એક અલંકાર છે, સ્થાપત્ય નથી. એ એની આસપાસની સમગ્રતાથી રમ્ય લાગે છે. જ્યારે રાણકપુરનું અલંકારયુક્ત સ્થાપત્ય એ આપણા પ્રાચીન સાહિત્યભંડારોની પેઠે સંસ્કારનો અમૂલ્ય વારસો છે.

ગુજરાતની આ બધી વિશિષ્ટતાઓ વર્ણવી તે સાથે એના કેટલાક દોષો પણ છે. એ દોષોનું વર્ણન પણ વિસ્તારના ભયથી જતું કરીશું. ગુણમાં ફેરફાર થવાનાં અને દોષો આવવાનાં કારણો પણ ઈતિહાસમાંથી જ જડે તેમ છે, પરંતુ બધું સાથે જોતાં દોષો કરતાં ગુણની તુલા ગુજરાતની નમે તેમ છે. ગુજરાતી સાહિત્યની પણ કેટલીક વિશિષ્ટતાઓ છે, પણ અહીં એને સ્થાન નથી.

આ બધું સાથે અવલોકતાં, સંસ્કૃતિ અને સંસ્કારિતાનો જે ભેદ શરૂમાં બતાવ્યો તે ફરી ધ્યાનમાં લેતાં, ગુજરાત એ ભારતમાતાનું એક અંગ છે એ ભૂલવાનું નથી. દરેક અંગનાં કાર્યો ભિન્ન અને વિશિષ્ટ હોય છે, પણ દરેકનું કર્તવ્ય મુખ્ય શરીરને પોષવાનું અને એની વૃદ્ધિ કરવાનું છે. એટલે શરીરનો વિચાર કરતાં જેમ અંગની અવગણના થઈ શકે નહિ, તેમ ભારતનો વિચાર કરતાં તેના ભૂમિવિભાગોની અવગણના થઈ શકે નહિ. શરીર જેમ એક છે અને અંગનાં કાર્યો ભિન્ન છતાં શરીરની પુષ્ટિ માટે છે, તેમ પ્રાંતોની સંસ્કારિતા ભારતની સંસ્કૃતિની પુષ્ટિ કરનાર જ રહેવી જોઈએ. એક બીજી ઉપમાથી જોઈએ: નદીઓ વિના સમુદ્રનું મહત્ત્વ છે? છતાં નદીઓ સમુદ્રને જ મળે છે, પરંતુ સમુદ્ર નદીઓની ગરજ સારી શકતો નથી. એમ ભારતના ભૂમિવિભાગો ભિન્ન છતાં ભારતના શરીરમાં એકતા સાધે છે અને એને બળવાન બનાવે છે.

· જયજય ગરવી ગુજરાત: જયહિંદ.

પ્રભુની પત્રાળી જમી રહી અતૃપ્ત ન ધરવી,
મહાયાત્રા માંડી નજર વળી પાછી ન કરવી.

—બ. ક. ઠાકોર

મુંબાઈના શાહ વેપારી સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને કારકિર્દીની શરૂઆતમાં પેઢીની કરાચીની શાખામાં મુખ્ય માણસ તરીકે મોકલ્યા ત્યારે ત્યાં આખા રૂબજારમાં સારા રૂ સાથે રાશી રૂ ભેળવીને વેચવાનો રિવાજ હતો. પુરુષોત્તમદાસે આનો વિરોધ કરતાં જૂના માણસોએ દાદ ન દીધી, એટલે એમણે મુંબાઈ પાછા આવી આ અપ્રામાણિકતા અટકાવવાની સત્તા પોતાને મળે તો જ કરાચી જવાની શરત મૂકી. એમને સત્તા મળી અને એમણે એ ભેગ અટકાવ્યો. પરિણામે ઊંચા રૂના વધુ ભાવ મળ્યા, હલકું રૂ સસ્તું હોઈ વધારે ખપ્યું અને પેઢીની આંટ વધવા સાથે વેપારને લાભ થયો.

અનેકાર્થી શબ્દ: **તોડ**=નિકાલ અથવા ફડચો; સોગઠાંની રમતમાં સામાની સોગઠી પહેલી મારવાથી પોતાની સોગઠી ઘરમાં લઈ જવાનો મળતો હક; હાથ કે પગના સ્નાયુઓમાં થતી પીડા.

કહેવતોના અર્થ: 'લપસ્યા તો યે ગંગામાં'—ગંગા નદીમાં નહાવાથી પાપનો નાશ થાય છે એવી માન્યતાને લીધે, લપસવાનું દુઃખ વિસરીને પણ માણસ જેમ સંતોષ લે છે, તેમ, પોતાને વાસ્તવિકરીતે તો નુકસાન થયું હોય, છતાં જેના પરિણામમાં કાંઈક સંતોષ લઈ શકાય એવું તત્ત્વ હોય એવા નુકસાનને ગનીમત ગણી લેતી સમાધાન વૃત્તિ દર્શાવવા આ કહેવત વપરાય છે. પણ એના કરતાં વધારે તો એના જેવી બીજી કહેવત વપરાય છે કે 'ઘી ક્યાં ઢળ્યું, તો કે ખીચડીમાં.'

ગણિતગમ્મત: આશ્ચર્યકારક ભાગાકાર

$$\frac{૪૭,૫૯૧-૪૭}{૯૯,૯૯૦}=\frac{૪૭,૫૯૧,૫૯૧-૪૭}{૯૯,૯૯૯,૯૦૦}$$

(નૌતમ વખારિયા)

કાળી ગાયનું દૂધ

શાસ્ત્રકારોએ કપિલા અર્થાત્ શ્યામ, કપિલવર્ણી ગાયને વધુ શ્રેષ્ઠ માની છે. એ રંગમાં પ્રકાશનાં કિરણો રોકી લેવાની શક્તિ છે, તેથી કાળા રંગની ગાયોને ઓછાં દર્દો થાય છે અને ચેપી દર્દના જંતુઓ એના ઉપર ઓછી અસર કરે છે. ઉપરાંત એવી પણ માન્યતા છે કે કાળી ગાયના દૂધમાં ગરમ ઋતુમાં ઠંડક આપવાનો તથા ઠંડી ઋતુમાં ગરમી આપવાનો ગુણ છે. (ગુજરાત સમાચાર) —વૈદ્યશાસ્ત્રી જાદવજી ન.



તાજેતરમાં બહાર પડેલી બે નવી ટિકિટો અંગે ભારત સરકારે યોજેલી તે તે પ્રસંગને ચિત્રિત કરતી રદ્દીકરણની છાપો.

પારો અને ગંધક મેળવી વાળની લટેલટે ભરવાથી લીખ તથા ખોડાનો નાશ થશે.

બાળકને દાંત આવતા હોય ત્યારે ત્રાંબા-જસતના તારનું માદળિયું ગળામાં પહેરાવવાથી દાંત વગર પીડાએ ને જલદી નીકળે છે. ત્રાંબા તથા જસતના ૩-૩ તાર લઈ, તેને આંટા મારી એક જાડો તાર કરી, ગોળ વાળીને ઉપર ત્રણેક પડ જેટલું કાળું કપડું લપેટવું. લપેટતી વેળા કપુરકાચલીનું ચૂર્ણ જરા ભભરાવવું ને પછી તેને કપડામાં સીવી લઈ ગળામાં પહેરાવવું. (આયુર્વેદ વિજ્ઞાન) —હરિપ્રસાદ ભટ્ટ

'તમારે તે દિવસે તમારાં પત્ની જોડે મારામારી થએલી, એમાં પછી શું થયું ?'

'અરે......જવા દોને એ વાત. પછી તો એ જ ઘૂંટણીએ પડતી મારી પાસે આવી !'

'એમ? વાહ ! પછી એમણે શું કહ્યું ?'

'કહે, આમ બાયલાની માફક ખાટલા નીચે શું ભરાયા છો ?'



કલાકણિકા: દેવપૂજાનાં સાધનો ઉપર તો માણસ પોતાની શ્રેષ્ઠ કલા દાખવે એ સ્વાભાવિક છે. કોઈ દેવમૂર્તિ માટે મદુરામાં બનેલી કારીગરીભરી આ ચાંદીની પીઠિકા એનું ઉદાહરણ છે.



હાથીની સાઠમારી નિહાળતો જહાંગીર—એ નામનું, મુઘલ કલમનું આ ચિત્ર, ગઈ તા. ૧૧મી એપ્રિલે ન્યૂ યૉર્કમાં 'ભારતીય માહિતીખાતા' તરફથી ઊજવાએલા ભારત-અમેરિકા-સંસ્કાર-સપ્તાહ દરમ્યાન ખુલ્લા મુકાએલા ભારતીય કલાના પ્રદર્શનમાં રજૂ થએલાં ચિત્રો પૈકીની એક અતિ વખણાએલી કૃતિ છે. ન્યૂ યૉર્કના નામીચા 'મેટ્રોપૉલિટન મ્યૂઝિયમ ઑવ આર્ટ'ના પૂર્વના કલાઓના વિભાગમાંની ચુનંદી ભારતીય કલાની સામગ્રી એ પ્રદર્શનમાં રજૂ થઈ હતી, જેમાં ૬૦ જેટલાં મુઘલ કલમનાં ચિત્રો ઉપરાંત રાજપુત કલમનાં તેમજ રાગમાળાનાં બીજાં ચિત્રો, સોનારૂપાની કારીગરીની વસ્તુઓ અને પુરાણી ભારતીય વસ્ત્રછપાઇના નમૂનાઓ વગેરે હતાં. આ ચિત્રમાંનું ઘોડા ઉપરનું પાત્ર (નિર્દેશાયા પ્રમાણે) જહાંગીર પોતે હોવાની શંકા છે, પરંતુ હાથી જેવા સ્થૂલ અને મહાકાય પ્રાણીના દેહના હલનચલનની રેખાઓમાંના આવેગ અને પ્રવાહિતા પકડીને તેને અસરકારકરીતે રજૂ કરવાની ભારતીય શિલ્પ તથા ચિત્રના નિર્માતાઓની છટા ને શક્તિ દાખવતું આ ચિત્ર તેની રંગાવટ, ચિત્રસંયોજન તેમજ પીંછીની મુલાયમતાની દૃષ્ટિએ જહાંગીરના કાળની મુઘલ કલમનો એક ઉત્તમ નમૂનો છે એ નિઃશંક છે; અને આપણી પરતંત્રતા તથા અજ્ઞાન દશા દરમ્યાન કેવાંકેવાં કલારત્નો પરદેશોના મ્યૂઝિયમોમાં ઊપડી ગયાં છે તેનો ગ્લાનિજનક ખયાલ આપે છે.

પહાડી કલમનું આવું જ એક બીજું ચિત્રરત્ન હવે પછી.













ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (પરિણામની વિગતો વગેરે માટે જુઓ પૃ. ૩૩૩મું) બાકીનાં ચિત્રો ખાસ તો તેમાંના વિષયોના નવા વિચારને કારણે જ નોંધપાત્ર નીવડ્યાં છે. તિમિર ઉપાધ્યાયનો ચણતાં પારેવાંનો વિષય અભિનંદનીય છે. પણ તેમાંનો કોઈ એક સુંદર સમૂહ કલાત્મક સંયોજનમાં લાવવાની જરૂર હતી. બચ્ચાને પેટે વળગાડેલી વાંદરીનું એમનું મોકલેલું બીજું ચિત્ર વાંદરીના આગલા પગ અને તેના પડછાયાથી શરૂ કરીને બનેના પૂંછડાની ગૂંથણી વડે ઉપલા ખૂણા સુધીમાં પહોંચતી કર્ણરેખાને લીધે રસમય બને છે. જીવરામ પ્રજાપતિના 'માટલાં'ના ચિત્રમાં ઉમેરેલો આંગળાનો ટકોરો તથા ત્રિભુવનદાસ હ. પોપટના ધોધના ચિત્રની વચ્ચે ઊભા રહેલા કિશોરોનો સમૂહ નવીનતા દર્શક છે. આકાશને છાઈ રહેલી ઝાડની ડાળીઓની 'ગૂંથણી'માં ભાઈ શિકોત્રાએ મરાવદાર દશ્ય નિહાળ્યું છે, પણ આ બધાં ચિત્રોમાં કાં તો ઉઠાવદાર ચિત્રગુણ યા તો ટેકનીકની સંપૂર્ણતાનો અભાવ છે.